('પુષ્ટિ' અને 'ભક્તિ' શબ્દનો યોગ થતાં બન્ને શબ્દોનો
શ્રીવલ્લભાચાર્યજી તથા પરવર્તી મહાનુભાવોને સમ્મત જે અર્થ થાય
છે તે દર્શાવતી પુસ્તિકા –)

પુષ્ટિભક્તિ

-: લેખક :-

ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી –વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.

પુષ્ટિ-ભક્તિ

પુષ્ટિભક્તિ શબ્દ બે શબ્દ ભેગા મળી બન્યો છે. એક શબ્દ પુષ્ટિ અને બીજો શબ્દ ભક્તિ છે. આ બન્ને શબ્દો ભાષામાં જુદા-જુદા અનેક અર્થોએ ઉપયોગમાં લેવામાં આવે છે. પુષ્ટિ શબ્દ ‘**पुष्**’ ધાતુથી બન્યો છે અને એનો વ્યાકરણ સિદ્ધ અર્થ ‘**पोषणे**’ પોષણ થાય છે. તેવી જ રીતે ભક્તિ શબ્દ ‘**भज्**’ ધાતુથી બન્યો છે અને એનો વ્યાકરણ સિદ્ધ અર્થ ‘**सेवायाम्**’ સેવા થાય છે.

પુષ્ટિ શબ્દનો પ્રયોગ તૈત્તિરીય આરણ્યકમા પણ કરવામાં આવ્યો છે અને એમાં પુષ્ટિમાર્ગ પ્રવર્તક ઋષિઓના જમદગ્નિ વગેરે નામો કહેવાયા છે. પણ ત્યાં પુષ્ટિ શબ્દ દેહપોષણના અર્થમાં કહેવાયો છે અને એવા પોષણને કરનારા માર્ગના પ્રવર્તક તરીકે એ ઋષિઓના નામ કહ્યા છે.

પોષણ શબ્દનો શ્રીમદ્ ભાગવતે પોતાનો સ્વતંત્ર રૂપમાં અર્થ જણાવ્યો છે અને તે છે ‘**पोषणं तदनुग्रहः**’ એટલે કે પરમાત્મા પરબ્રહ્મનો જીવ પર અનુગ્રહ થવો એ પોષણ છે. શ્રીમદ્ ભાગવતનો છઠ્ઠો સ્કન્ધ ભગવાનની પોષણ લીલા છે. આ સ્કન્ધમાં કહેલા દરેક ચરિત્રો, આખ્યાનો, પ્રસંગો એ જીવ પર ભગવાનના અનુગ્રહને દર્શાવનારા છે. એથી કરીને આ સ્કન્ધને પુષ્ટિ સ્કન્ધ તરીકે પણ જાણવામાં આવે છે. તેથી એકવાર એમ ભ્રાન્તિ થઈ શકે છે કે શ્રીમદ્ ભાગવત એ શ્રીમહાપ્રભુના મતે સર્વ પ્રમાણભૂત શાસ્ત્રોમાં થનારા સન્દેહોનું નિવારણ કરનાર છે તેથી શ્રીમદ્ ભાગવતમાં છઠ્ઠા સ્કન્ધથી કહેવાયેલ પુષ્ટિ જ પુષ્ટિમાર્ગની પુષ્ટિ છે. આ પુષ્ટિના કાર્યને જણાવતાં શ્રીઆચાર્યચરણ ભાગવતાર્થ નિબન્ધના છઠ્ઠા સ્કન્ધની કારિકામાં જણાવે છે કે ‘**पुष्टिः कालादिबाधिका**’ જીવને અવિદ્યાના બન્ધનમાંથી મુક્ત થવામાં મુખ્ય બાધકો કાલ-કર્મ અને સ્વભાવ એ ત્રણેનું નિવર્તન કરી ભગવાન જીવને મોક્ષ પ્રદાન કરે એ પુષ્ટિ છે. આથી જીવના પરમ કલ્યાણમાં વચમાં બાધક બનતા કાલ-કર્મ-સ્વભાવ જેવા બળવાન પ્રતિબન્ધો કે જે કોઈથી પણ દૂર થવા શક્ય નથી તેવા બળવાન પ્રતિબંધોને પણ ભગવાન પોતાની કૃપાશક્તિથી દૂર કરી તેને સ્વચરણ પ્રાપ્તિરૂપ પરમ મોક્ષને પ્રાપ્ત કરાવે એ પુષ્ટિમાર્ગમાં રહેલ પુષ્ટિ શબ્દનો અર્થ છે એમ એક ધારણા બંધાય પરન્તુ એ બરાબર નથી. કારણ કે છઠ્ઠા સ્કન્ધમાં આજ સ્થળે આગળ શ્રીમહાપ્રભુ જણાવે છે કે પુષ્ટિ બે પ્રકારે છે એટલે કે ભગવાન જીવ પર બે પ્રકારે પુષ્ટિ કરે છે જેમાં એક છે ‘**स्वार्था**’ અને બીજી ‘**परार्था**’. ‘**स्वार्था**’ એટલે ભગવાન સ્વસુખને નહીં વિચારી માત્ર જીવનું જેમાં હિત થતું હોય એટલે કે અનન્ત જન્મોના જન્મ-મરણના અને તેના મધ્યમાં થનારા સકલ દુઃખોનું મૂલ કારણ અવિદ્યાનો વાસનાસહિત નાશ કરી ‘**गच्छन्ति अमूढाः पदं अव्ययं तत्**’(ગીતા. ૧૫-૫) મુજબ ભગવચ્ચરણસ્થાનીય કે જે ભગવાનનું ધામ - ઘર છે તે અક્ષરને પ્રાપ્ત કરે છે. તેવી જ રીતે ‘**परार्था**’ એટલે કે ભગવાન જીવને પોતાની ભક્તિ-સેવા આપે એ પરાર્થા પુષ્ટિ છે. એટલે કે આનન્દમય-પરમાનન્દ રસરૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પોતાની આનન્દમયી રસાત્મિકા લીલામાં ઉપયોગાર્થ જીવને યોજે અને તેથી કરી જીવ ભગવદ્રસનું સેવન કરનારો બને એ ભજ્ ધાતુના સેવન અર્થે બનેલો ભક્તિ શબ્દ અહીં પરાર્થા પુષ્ટિ કહી છે. આ બંને પ્રકારની પુષ્ટિમાં ‘**स्वार्था**’ ને શ્રીમહાપ્રભુ ‘**अवम**’ એટલે કે નિમ્ન કક્ષાની અને પરાર્થાને ‘**अनवम**’ એટલે ઉચ્ચકક્ષાની જણાવે છે.

ઉપર કહેવાયેલ અવમ પુષ્ટિના અધિકારી જીવો એમ કહેવાથી જીવનો મૂલ અધિકાર મર્યાદામાં યા પ્રવાહમાં હોઈ તેમનાં ઉપર વિશેષ અનુગ્રહ કરી તેમના પરમ કલ્યાણમાં મુખ્ય બાધક- પ્રતિબન્ધકો કાલ, કર્મ અને સ્વભાવનું નિવર્તન કરી તેમના અધિકાર અનુસાર મોક્ષનું સમ્પાદન કરવું અથવા તો તેમની ઉત્તમ ગતિ સાધવી. પ્રવાહના અધિકારી જીવો કહેવાથી

પુષ્ટિ પ્રવાહમર્યાદામાં કહેલા **અજ્ઞ** જીવો સમજવા. જેમાં દૃષ્ટાન્તરૂપે છઠ્ઠા સ્કન્ધમાં કહેવાયેલ અજામિલ અને ૪૯ મરુદ્‌ગણો છે. અજામિલના મોક્ષનું સમ્પાદન અને મરુદ્‌ગણો કે જે દૈત્યોની માતા દિતિના ગર્ભથી ઉત્પન્ન થયેલા છે તેમની અસુરમાંથી દેવરૂપમાં ઉત્તમ ગતિ સધાઈ છે. અવમ પુષ્ટિમાં આવા જીવોને પુષ્ટિ-પ્રવાહ અધિકારી સમજી શકાય છે. આવા જીવો ઉપર આથી પણ વિશેષ અનુગ્રહે **'लेभे गतिं धात्र्युचिताम्'** (ભાગ.૩-૨-૨૩) ના વાક્યથી જાણી શકાય છે. પૂતના વધના પ્રસંગમાં રામાવતાર સમયની અસુર સ્ત્રી કે જે કૃષ્ણાવતાર સમયમાં કંસની બહેન પૂતના તરીકે અવતરી તેને માટે પણ ભાગવતે ભગવાનની દયાલુતાને જણાવતાં કહ્યું કે એને જન્મ આપનાર માતાની ગતિ તેને આપી. ભગવાન સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી ભગવાનના અનુગ્રહને કોઈ તંત્ર પ્રતિબન્ધી શકે તેમ નથી તેથી ભગવાન આવા જીવોને આવું પણ ફલ આપી શકે છે.

આ અવમ પુષ્ટિના અધિકારીઓમાં પણ બે ભેદ રહેલા છે. એક પુષ્ટિ-પ્રવાહ અને બીજો મર્યાદાપ્રવાહ અધિકારી. આ બન્નેમાં પુષ્ટિ-પ્રવાહ અધિકારીના બે ભેદ છે અને તેને ઉત્તમ-મધ્યમના ભેદથી પણ જાણી શકાય છે. એક ત્રીજો પણ ભેદ અનુગ્રહનો લઈ શકાય છે પ્રવાહ-પ્રવાહ અધિકારી હોઈને અતિ સાધારણ અનુગ્રહ પ્રાપ્ત-હીનાધિકારી. આવા અધિકારી ઉપર ભગવાનનો એટલો જ અનુગ્રહ છે કે તેની દુઃખ નિવૃત્તિ ભગવાન, ગરુડ વગેરે વ્યૂહ દ્વારા સમ્પાદન કરે છે અને તેને અન્ધતામસ પ્રવેશરૂપ ફલ થાય છે. મધ્યમાધિકારી મર્યાદાબલે પૂર્વની અપેક્ષા ઉત્તમગતિને પામે છે અને ઉત્તમાધિકારી અધોલોક સમ્બન્ધી આનન્દાનુભવ કરનારો બને છે. ભગવત્સંબન્ધનો સર્વ પ્રકારે અભાવ હોવાથી તેની ફલમાં ગણના નથી છતાં પણ તે ભગવદનુગ્રહે પ્રાપ્ત હોવાથી ફલ તરીકે ઉલ્લેખાય છે.

મૂલ અધિકાર મર્યાદામાં હોઈ જ્યારે તે વિશેષ અનુગ્રહે પુષ્ટિથી મળેલો થાય છે ત્યારે તેવા અધિકારીના પણ ત્રણ ભેદો રહેલા છે. ઉત્તમ, મધ્યમ અને હીન. આમાં હીનાધિકારીને અપુનરાવૃત્તિવાળી બ્રહ્મલોકની પ્રાપ્તિરૂપ **'वेदान्तविज्ञानसुनिश्चितार्थाः'** (મું.ઉપ.૩-૨-૬) શ્રુતિમાં જણાવેલ ફળ થાય છે. મધ્યમાધિકારીને **'तेषां प्राणाः न उत्क्रामन्ते अत्रैव समवनीयन्ते'** ( )શ્રુતિમાં જણાવેલ સદ્યોમુક્તિરૂપ અક્ષર સાયુજ્ય ફળ થાય છે અને ઉત્તમાધિકારીને **'ब्रह्मभूतः प्रसन्नत्मा न शोचति न काङ्क्षति, समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्'** (ગીતા.૧૮-૫૪) એમ ગીતા-અઢારમા અધ્યાયના વાક્ય અનુસાર એને ભક્તિલાભ થઈને તે પછીના શ્લોકમાં કહ્યા અનુસાર **'भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः, ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम्'** (ગીતા. ૧૮-૫૫) મુજબ ભગવત્પ્રવેશરૂપ ફળ થાય છે.

જ્યારે અનવમપુષ્ટિ - અધિકારી લોકોને અર્થે પૂર્વોક્ત ફળ છે જ નહીં **'भगवानपि पुष्टिस्थः न करिष्यति लौकिकीं च गतिम्'** (નવરત્ન-૧) આ વાક્યથી શ્રીઆચાર્યચરણે આ જ વાતનો નિષેધ કર્યો છે. જ્યારે પુષ્ટિમિશ્રમર્યાદા અધિકારમાં ઉત્તમાધિકારીને પણ **'अनिच्छन्त्यो गतिमण्विं प्रयुङ्क्ते'** (ભાગ.૩-૨૫-૩૬) એમને પણ મોક્ષની અનિચ્છા છે, ત્યારે પછી પુષ્ટિ અધિકારી માટે તો કહેવું જ શું ? તેમને માટે તો પ્રાપ્તમોક્ષ પણ ત્યાજ્ય છે. અતઃ પુષ્ટિ અધિકારી જીવો માટે મોક્ષ ફળ નિયત નથી. યદ્યપિ પુષ્ટિ અધિકારી અને મર્યાદા અધિકારી જીવો ને માટે ગીતામાં ભગવાને **'દૈવીજીવો'** એમ પ્રયોગ કર્યો છે અને તેમને પરિણામે થનાર ફળ મોક્ષ જણાવ્યો છે. **'दैवीसम्पद्विमोक्षाय निबन्धायासुरी मता'** (ગીતા.૧૬-૫) તેથી પુષ્ટિજીવોને માટે પણ મોક્ષ ફળ પ્રાપ્ત થાય છે, તેમ છતાં પણ પહેલાં કહેવાયેલ નવરત્ન વાક્ય અને પુષ્ટિપ્રવાહમર્યાદામાં કહેવાયેલ **'भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्'** (પુ.પ્ર.મ.-૧૨) તેમજ ત્યાં જ **'तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः'** (પુ.પ્ર.મ.-૧૨) વગેરે

વાક્યોથી એમ નિશ્ચય થઈ શકે છે કે પુષ્ટિજીવો એને ભલે દૈવીજીવ તરીકે આલેખવામાં આવે તેમ છતાં પણ તેઓ પ્રવાહ જીવો અને મર્યાદા જીવો બન્નેથી અળગા જ છે અને તેમને પ્રાપ્ત થનારું ફળ પણ આ બન્ને જીવોથી અલગ જ છે, તેથી ગીતા વાક્યથી જો દૈવી જીવોનું ફળ મોક્ષ વિચારાય ત્યારે મર્યાદાજીવોને પ્રાપ્ત થનારા મોક્ષ ફળથી અલગ જ પ્રકારનું મોક્ષ ફળ પુષ્ટિજીવોને થાય છે તેમ વિચારી શકાય છે. ભલે બંનેને પ્રાપ્ત થનારા ફળને મોક્ષ નામથી જાણવામાં - કહેવામાં આવે, તેમ છતાં પણ માત્ર શબ્દની સમાનતાથી સ્વરૂપની સમાનતા માની લેવી જોઈએ નહીં. મુક્ત શબ્દ બન્ધન વિનાની સ્થિતિને સૂચવે છે તેથી રાજાએ અમુકને કેદમાં નાંખ્યા અને અમુક સમયે તેને મુક્ત કર્યા, ત્યાં મુક્ત કર્યાથી તે સર્વ બન્ધનોથી મુક્ત છે તેમ અર્થ નથી, તેના ઉપર રાજ્યના નાગરિક તરીકેના તો બન્ધન રહે જ છે અને તે બંધનમાં રહેવા-વર્તવા બંધાયેલો જ છે. આ રીતે મુક્ત શબ્દના અર્થમાં પ્રસંગના અનુસાર તેની સીમાઓમાં વધ-ઘટ થાય છે. તેવી જ રીતે મોક્ષ શબ્દથી બન્ધનોથી મુક્ત થવાનો અર્થ લઈને પણ બંને પ્રકારના અધિકારીની મુક્તિનું સ્વરૂપ અને મુક્ત થનારનું સ્વરૂપ એ બંને અલગ જ છે. બે અધિકારી કહેવાથી બંનેના માર્ગનો અને માર્ગના અનુરૂપ સાધનોનો ભેદ સ્વીકારવો જ પડે છે ત્યારે તે મુજબ બંનેના ફલાનુભવમાં યા ફલમાં પણ ભેદ સ્વીકારવો જરૂરી જ થઈ જાય છે.

પ્રશ્ન : જો બંનેના ફલમાં ભેદ જ સ્વીકારવો હોય અને પુષ્ટિ અધિકારીને માટે મોક્ષરૂપ ફલ છે જ નહીં તો પછી સેવાફલમાં સેવામાં મધ્યમફલમાં શ્રીઆચાર્યચરણ સાયુજ્યને જણાવે છે. મર્યાદા અધિકારીમાં ઉત્તમાધિકારમાં તમે જણાવેલ ફલ જે પુરુષોત્તમ સાયુજ્ય છે અને અહીં મધ્યમાધિકારમાં સાયુજ્ય કહ્યું છે તો મર્યાદાઉત્તમાધિકારી કહો યા પુષ્ટિ મધ્યમાધિકારી કહો એ બંને એક જ છે એમ શા માટે ન માનવું ? બંનેને પ્રાપ્ત ફલ એક જ હોવાથી.

ઉત્તર : બે અધિકારી જુદા છે તો તેમના ફળમાં સમાનતા દેખાતી હોવા છતાં પણ ફલના પ્રકારમાં કંઈક જુદાપણું બતાવવું જરૂરી છે, અન્યથા અધિકારભેદ જ કહી શકાશે નહીં. કારણ કે અધિકારની ભિન્નતામાં જે મુખ્ય કારકપણું છે તે ભગવદનુગ્રહ રૂપા ઈચ્છા છે. અને તે આ જીવો આ ફળને પામનારા થાઓ તે પ્રકારની છે અને તેથી જ તેમની ઉત્પત્તિમાં પણ સ્થાનભેદ પુષ્ટિપ્રવાહમાં દર્શાવેલો છે. તેમજ આપણે અહીં જે એક અધિકારમાં ત્રણ-ત્રણ પ્રકારો કહ્યા છે તે પણ ભગવદનુગ્રહનો પ્રકાર, તેમની ઉત્પત્તિનો પ્રકાર અને તેમના માટેનું ફળ એને આધીન રહીને જ કહ્યા છે. ભક્તિહંસમાં શ્રીપ્રભુચરણના જણાવ્યા અનુસાર **‘अनुग्रहोऽपि पुष्टिमर्यादाभेदेन द्विविधः’** એમ અનુગ્રહ ના પ્રકારમાં દ્વિવિધતા હોવાથી તેમની ઉત્પત્તિમાં પણ જુદાપણું છે. **‘पुष्टिं कायेन निश्चयः’** (પુ.પ્ર.મ. ૯) એમ પુષ્ટિજીવોનું પૂર્ણાનન્દ ભગવાનના શ્રીઅંગમાંથી અને **‘वचसा वेदमार्गं हि’** (પુ.પ્ર.મ.-૯) થી મર્યાદા જીવોની ઉત્પત્તિ **‘यथाग्नेर्क्षुद्रा विस्फुल्लिङ्गा व्युच्चरन्ति’** ()શ્રુતિવાક્યથી ગણિતાનન્દ અક્ષરમાંથી છે. અતઃ મર્યાદામાં જે પુષ્ટિનું મિશ્રણ છે તે ગણિતાનન્દ સંબન્ધી ફળથી ઉત્તમ પૂર્ણાનન્દ સમ્બન્ધી ફળ કહેવું જરૂરી છે. પૂર્ણાનન્દ સમ્બન્ધી ફળ એ ભક્તિ વિના જ્ઞાન-કર્મ-ઉપાસના વગેરે વૈદિક સાધનોથી સંભવ નથી એમ **‘नाहं वेदैर्न तपसा’** (ગીતા. ૧૧-૫૩) અને **‘भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन, ज्ञातुं दृष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप’** (ગીતા. ૧૧-૫૪) તેમજ ગીતાના અઢારમા અધ્યાયમાં **‘ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति’** (ગીતા. ૧૮-૫૪) થી જીવના મર્યાદા અધિકારને અને મર્યાદાના સાધનોથી તેનું બ્રહ્મભૂતપણું કહીને તે શોક-સ્પૃહા રહિત હોય છે તેમ કહી તેનાં વિશુદ્ધ સ્વરૂપનો પ્રકાર કાર્યલક્ષણથી જણાવી તેની મોક્ષ માટેની સમ્પૂર્ણ યોગ્યતા જણાવી તેને માટે મોક્ષફળ અવશ્યં ભાવિ નિયત હોઈને પણ વિશેષ અનુગ્રહે તેને ભક્તિલાભ થાય છે તેમ ભક્તિલાભમાં વિશેષ એટલે કે નિયત ફળથી અધિક ફળ આપવાની ભગવદિચ્છા રૂપ અનુગ્રહે તેને ભક્તિ લાભ થાય છે તેમ જણાવ્યું. ત્યારબાદ

તેથી આગળ આ ભક્તિ અક્ષરબ્રહ્મજ્ઞાન લક્ષણા નથી અને ભક્તિ વડે તે જે જાણે છે તે જ્ઞાન-તે જાણવું પૂર્વમાં જાણેલા કરતાં અલગ પ્રકારનું છે તે જણાવવા કહેવામાં આવ્યું કે - **‘भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः’** (ગીતા ૧૮-૫૫) **હું જેટલો અને જે છું’** અક્ષરાત્મક જ્ઞાનમાં આનો પ્રશ્ન જ નથી આવતો. કારણ કે ત્યાં તો **‘सर्वं खलु इदं ब्रह्म’** નિશ્ચય કરીને આ સર્વ કંઈ બ્રહ્મ છે’ અને **‘पुरुष एव इदं सर्वम्’** (પુરુષસૂક્ત) **આ બધું પુરુષ જ છે’** એમ શ્રુતિ અનુસાર જ્યાં સર્વ જ - સર્વ કાંઈ બ્રહ્મ છે ત્યાં જેટલો અને જે નો ક્યાં પ્રશ્ન રહે છે. અતઃ ભક્તિ વડે તે જે-જે મુજબ જાણે છે તે તેનું જાણવું - તેનું જ્ઞાન અક્ષરાત્મકથી અલગ પુરુષોત્તમાત્મક અથવા પુરુષોત્તમલીલાત્મક છે કે જેને તૃતીય સ્કન્ધમાં **‘पश्यन्ति ते मे रुचिरावतंस प्रसन्नवक्त्रारुणलोचनानि, रूपाणि दिव्यानि वरप्रदानि साकं वाचं स्पृहणीयां वदन्ति’** (ભાગ. ૩-૨૫-૩૫) આ પ્રકારનો તે ભક્તિલાભકર્તા જ્ઞાનવાન્ બને છે. આ રીતે એને ભક્તિલાભ થઈ જ્ઞાનવાન્ બને છે તેમ કહી તેની ભક્તિમાર્ગીય સાધનાવસ્થા તેની ભક્તિસિદ્ધ દશા જણાવી. અને છેલ્લે આ ભક્તિનું ફળ **‘विशते तदनन्तरम्’** તે મારામાં પ્રવેશે છે એમ એનું સાયુજ્ય જણાવ્યું. આજ ભગવત્પ્રવેશને તૃતીય સ્કન્ધમાં **‘अनिच्छन्त्यो गतिमण्विं प्रयुङ्क्ते’** (ભાગ.૩-૨૫-૩૬) તેની ઈચ્છા નહીં હોવા છતાં પણ અણ્વી ગતિ એટલે કે સૂક્ષ્મગતિ એકાત્મતાને પામે છે. આ સ્થળે સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણે તેની અનિચ્છાનું કારણ ખૂબ જ નિપુણતાથી પ્રતિપાદન કરેલું છે. ત્યાં તેની અનિચ્છા હોવા છતાં પણ આમ કેમ બને છે એનું કારણ જણાવતાં શ્રીઆચાર્યચરણ લખે છે-**‘भक्तिस्तु फलावश्यम्भाविनी कालादिभ्योऽप्यगम्यं सूक्ष्मतरं फलं जनयति’** જે અવશ્યંભાવિ ફલવાળી ભક્તિ છે તે કાલ વગેરે વડે પણ જાણી ન શકાય તેવું સૂક્ષ્મ ફલ ઉત્પન્ન કરે છે’ અહીં અનિચ્છા અને અવશ્યમ્ભાવિ ફલ આ બેનો સુબોધિનીના સ્વારસ્યે મેળ કરી વિચારવામાં આવે ત્યારે બ્રહ્માનન્દ-અક્ષરાનન્દ યા ગણિતાનન્દથી અધિક એવું પૂર્ણાનન્દ સમ્બન્ધી ફળ થાય છે, તેમ છતાં પણ તેમાં પરમાનન્દાનુભવ નથી એમ એની જે કારણે અનિચ્છા છે તેથી જાણી શકાય છે. આવું ફળ પુરુષોત્તમ અભિન્ન અક્ષરાત્મકતા સ્વરૂપનું જ હોઈ શકે છે. કારણ કે ગણિતાનન્દથી અધિક અને પરમાનન્દથી ઉતરતું આજ છે. **‘मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः’** (ભાગ. ૨-૧૦-૬) અહીં પોતાના મૂલ સ્વરૂપમાં સ્થિતિ એ મુક્તિ છે અને સિદ્ધાન્તમુક્તાવલી-વિવૃતિમાં **‘जीवा हि अणवः अक्षरात्मकाः’**વાક્યથી જીવોનું મૂલ સ્વરૂપ અક્ષરાત્મક છે તેથી અક્ષરરૂપમાં સ્થિતિ કરવી તે મુક્તિ છે તેથી સૂક્ષ્માગતિ અક્ષરપ્રાપ્તિ છે, તેમાં વૈદિક સાધનોની ગણિતાનન્દ પર્યન્ત જ ગતિ યા સામર્થ્ય છે તે ગીતાવાક્યથી જોઈ ગયા છીએ, માત્ર ભક્તિ જ પુરુષોત્તમ સંબંધ સાધી શકે છે તેથી ગણિતાનન્દથી અધિક પૂર્ણાનન્દ સમ્બન્ધી જે અક્ષરપ્રાપ્તિરૂપ મુક્તિ છે તે પુરુષોત્તમ અભિન્ન પૂર્ણાનન્દ અક્ષર સંબંધી જ હોઈ શકે છે. આ સ્થિતિમાં તેઓ પૂર્ણાનન્દ અક્ષર સાયુજ્ય પ્રાપ્ત કરી સતત-નિરન્તર પૂર્ણાનન્દનો અનુભવ કરનારા થાય છે, પરન્તુ તેઓ પરમાનન્દાનુભવ વિનાના -પરમાનન્દાનુભવ સામર્થ્ય વિનાના હોય છે. તેથી જ ભગવચ્ચરણ સાયુજ્ય પ્રાપ્ત થાય છે.

જ્યારે સેવાફલમાં મધ્યમાધિકારીનું ફલ જે સાયુજ્ય કહ્યું છે તે આથી ઉત્કૃષ્ટ છે અને તેની વ્યવસ્થા પણ અલગ છે. આ ફલ પ્રાપ્ત કરનારામાં અન્તર્ગૃહગતા ગોપીઓ દૃષ્ટાન્ત તરીકે કહી શકાય છે. આમાં આ ગોપીઓનું સાધન, ફળ અને ફલાનુભવ એ પૂર્વોક્ત પુષ્ટિમિશ્રમર્યાદા અધિકારી કરતાં વિલક્ષણ-જુદા જ સ્વરૂપનાં છે. અહીં સાધન સ્વયં ભગવાન છે, ફળ સદ્યોમુક્તિ છે અને ફલાનુભવ પરમાનન્દની વિવિધ રસાત્મક લીલાઓનો અનુભવ છે. કેમ કે આ અધિકારી એ મર્યાદાના મિશ્રણવાળો પુષ્ટિ અધિકારી છે તેથી તેના અધિકારમાં પુષ્ટિ મુખ્ય હોવાથી પરમાનન્દથી ઉતરતું ફળ તો કહી શકાય તેમજ નથી તેથી તેમને પરમાનન્દાનુભવ તો છે પણ તે મર્યાદાથી

મળેલો છે. અહીં મર્યાદા શબ્દથી મર્યાદામાર્ગ સમજવાનું નથી, પરન્તુ ભાગવતાર્થ નિબન્ધ પંચમસ્કન્ધ કારિકામાં જણાવ્યા મુજબ **‘कृष्णाधिना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते’** ‘કૃષ્ણને આધીન રહી ફલાનુભવ એ મર્યાદા છે અને પોતાને (જીવને) આધીન રહી ફલાનુભવ એ પુષ્ટિ છે’ એ સિદ્ધાન્ત પ્રમાણે કૃષ્ણને આધીન રહી આમનો પરમાનન્દાનુભવ એ મધ્યમ ફળ છે. એટલે કે પરમાનન્દાનુભવના અધિકારી ખરા પણ કૃષ્ણ કરાવે ત્યારે અને જ્યારે જે પ્રકારે કરાવે ત્યારે તે પ્રકારે. તેથી જ અન્તર્ગૃહગતાઓ ના પ્રસંગમાં તેમને કૃષ્ણસાયુજ્યના અનન્તર ભગવાને રાસમાં પોતાનામાંથી તેમને પુનઃ પ્રકટ કર્યા અને તેમને રાસોત્સવનો મહાન્ દુર્લભ આનન્દ અનુભવ કરાવ્યો અને ત્યારબાદ તમે બધા પોતપોતાના ઘરે જાઓ એમ ભગવાનની આજ્ઞા થતાં બીજા ગોપીજનો એટલે કે કુમારિકાઓ, પતિમતીઓ વ્રજમાં પોતાના ગૃહે ગયા અને આ ગોપીજનો તેમનું ઘર ભગવાનનું શ્રીઅંગ હોવાથી તેમણે પુનઃ પ્રભુના શ્રીઅંગમાં સ્થિતિ કરી. આ પ્રસંગથી એમ નથી માની લેવાનું કે તેમને માટે માત્ર આ એક જ પ્રસંગ લીલાનુભવ માટેનો છે. આ પછી પણ પ્રભુ જ્યારે જ્યારે ઈચ્છા કરે ત્યારે ત્યારે તેમને પ્રકટ કરી લીલાનુભવ કરાવે છે. આ પ્રકારે તેમને પરમાનન્દાત્મિકા અનન્તલીલાઓનો અનુભવ કૃષ્ણને આધીન રહી તેમને પ્રાપ્ત છે. પરન્તુ જ્યારે કૃષ્ણ ઈચ્છા કરે ત્યારે જ તેઓ અનુભવ કરી શકે છે, તેઓ પોતે સ્વ-ઈચ્છાથી નથી કરી શકતા આટલી પુષ્ટિ-ઉત્તમાધિકારીથી તેમનો ઉતરતો અધિકાર છે.

આ પ્રમાણે મર્યાદાજીવો અને મર્યાદામિશ્રપુષ્ટિજીવો એમાં બંનેમાં મર્યાદા શબ્દ અલગથી જ પારિભાષિક રીતે વપરાયેલો છે. મર્યાદાજીવો એટલે મર્યાદા એટલે વેદ અને એ વેદમાં પરમશ્રેય અર્થે બતાવેલા સાધનોરૂપ માર્ગ એ મર્યાદામાર્ગ એ માર્ગના અધિકારી જીવો કે જેઓ પરિણામે સ્વ-અધિકાર અનુસાર વેદમાં નિર્દિષ્ટ ફળને પામનારા થાય છે. મર્યાદા મિશ્ર પુષ્ટિજીવો એટલે ભગવાનની ઈચ્છાએ ભગવાને આપેલા સાધન વડે પોતાનામાં પ્રેમને પ્રકટ

કરી પ્રેમાત્મિકા ભગવત્સેવાના માર્ગ પર ભગવદ્‌રસાનુભવ સહિત ચાલનારા અને પરિણામે ભગવત્કૃપાએ પ્રેમ-સેવામાર્ગીય મધ્યમ ફલ કૃષ્ણ સાયુજ્યને પામનારા. અહીં જે મર્યાદા શબ્દ છે તે વેદ કે વૈદિક સાધનોનો બોધ કરાવનાર નથી પણ ભગવત્ શાસ્ત્રોક્ત તનુ-વિત્તજા સેવા અથવા શ્રવણ-કીર્તનાદિ ભક્તિરૂપ સાધન વડે પ્રેમ સિદ્ધ કરનારાના અર્થનો બોધ કરાવનાર છે. તેથી મર્યાદાજીવોમાં મર્યાદા શબ્દ વેદનો બોધ કરાવે છે તેમ મર્યાદામિશ્રપુષ્ટિજીવમાં મર્યાદા શબ્દ ગીતા-ભાગવતાદિ કિંવા ષોડશ ગ્રન્થાદિ ભક્તિશાસ્ત્રોનો બોધ કરાવે છે.

શ્રીઆચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદામાં **‘भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः’** (સર્વશાસ્ત્રોમાં અને વિશેષ કરીને ગીતા-ભાગવતાદિ શાસ્ત્રોમાં સ્વયં ભગવાને) ભક્તિમાર્ગનું કથન કર્યું હોવાથી પુષ્ટિ છે તેમ નિશ્ચય થાય છે એમ કહ્યું હોવાથી જ્યાં જ્યાં પુષ્ટિ છે ત્યાં ત્યાં ભક્તિ છે તેવો પણ નિશ્ચય સ્વયં સિદ્ધ છે. તે અનુસાર તેમજ **‘अमृतत्वस्येशानः’** (પુરુષ સૂક્ત) અમૃત-મોક્ષના નિયામક યા દાતા એક માત્ર ભગવાન જ હોવાથી અને તેમની પ્રીતિ માત્ર ભક્તિથી જ થતી હોવાથી વૈદિક સાધનો જ્ઞાન-કર્મ-ઉપાસના-યોગ-તપ-ધ્યાન-દાન-વ્રત-યજ્ઞ વગેરે પણ ત્યારે જ મોક્ષને સાધી શકે છે, જ્યારે તે સાધનો ભકિતથી યુકત બન્યા હોય. ભકિતયુકત એટલે નિષ્કામભાવપૂર્વક ભગવાન જ એક માત્ર આરાધ્ય છે તેવી બુદ્ધિ રાખી તે તે સાધનો વડે ભગવાનનું અનન્યભાવે સેવન કરવું. આ વાત ભગવાને આ પ્રકારના અધિકારી માટે ગીતાના બારમા અધ્યાયમાં જણાવે છે **‘ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः, अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते, तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्, भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम्’** (ગીતા ૧૨-૬,૭) **‘सर्वाणि’** થી **‘संन्यस्य’** પર્યન્તમાં નિષ્કામભાવવાળાઓ, **‘अनन्येनैव योगेन’**થી અનન્યભાવવાળાઓ, **मां ध्यायन्तः** થી ભગવાન જ એક માત્ર આરાધ્ય

છે તેવી બુદ્ધિ-શ્રદ્ધાવાળા અને ‘**मत्पराः तथा उपासते**’થી તે તે સાધનો વડે ભગવાનનું સેવન કરનારા એમ કહીને આવાઓને થનારું ફળ એ ભગવાન વડે મૃત્યુસંસારસાગરથી ઉદ્ધાર જણાવ્યો છે. ‘**अन्ययोग**’ એટલે યજ્ઞાદિ કર્મમાં જુદા-જુદા દેવતાઓની વરુણ, ઈન્દ્ર, ગણેશ આદિની યજ્ઞીય ઉપાસના ભગવાનથી અલગ રૂપમાં તેમનામાં શ્રદ્ધા રાખી કરવી તે. ‘**अनन्ययोग**’ એટલે તે તમામ દેવોને ભગવાનની જ વિભૂતિ જાણી ભગવાનમાં જ શ્રદ્ધા રાખી તે દ્વારા ભગવાનની ઉપાસના કરવી. આ વાત મહાભારતમાં રાજસૂયજ્ઞ પૂર્વ યુધિષ્ઠરે શ્રીકૃષ્ણને ‘**क्रतुराजेन गोविन्द**’ થી કહી છે. આજ વાત પ્રથમ સ્કંધમાં નારદજીએ ‘**नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम्**’ (ભાગ. ૧-૫-૧૨)થી કહી છે. અતઃ અચ્યુતભાવ વિનાના સર્વ વૈદિક સાધનો પણ મોક્ષસિદ્ધિને આપવા સમર્થ થતા નથી.

આ પ્રકારના મર્યાદા અધિકારવાળાઓમાં જ્યારે ભક્તિ ભળે છે ત્યારે ભક્તિનું પર્યવસાન પુરુષોત્તમમાં જ થતું હોવાથી તેઓ કૃષ્ણગતિક બને છે. અહીં ભક્તિ એટલે પ્રીતિપૂર્વકનું ભગવાનનું ભજન. અહીં મર્યાદા અધિકારવાળાઓને ભક્તિનો લાભ થવો અને તે વડે તેમને પૂર્ણાનન્દ અક્ષરનું સાયુજ્ય થવું તેમાં ભગવદનુગ્રહ-પુષ્ટિને હેતુરૂપે શ્રીભાગવતમાં જણાવવામાં આવ્યું છે. ‘**यदायमनुगृह्णाति भगवान् आत्मभावितः, स जहाति मतिं लोके वेदे च परिनिष्ठताम्**’ (ભાગ.) ‘**आत्मभावितः** ’એ ‘**भगवान्**’શબ્દનું વિશેષણ છે. ‘**आत्मभावितः**’ એટલે ‘**आत्मत्वेन प्रियत्वेन आत्मनि अन्तःकरणे भावितः षड्गुणसम्पन्नो भावरूपो भगवान् यदा यस्मिन् कस्मिन्नपि काले पुष्टेर्न्यूनाधिकारं यं अनुगृह्णाति पुष्टौ अङ्गीकरोति (तदा) सः पुष्टौ अङ्गीकृतो जीवः लोके लोकसम्बन्धिषु, स्वर्गादि फलेषु वा अल्पानन्देषु लौकिकस्त्रीपुत्रधनादिफलेषु वेदे वेदोदित गणितानन्देषु सद्योमुक्त्यादिफलेषु चकारात् तदर्थं तदुक्तधर्मार्थकाममोक्षादिसाधक–साधनेषु गोविन्दचरणभजननिष्ठारहितां पूर्वोक्तसाधनफलयोरेव सर्वतः निष्ठां गतां मतिं पूर्णानन्दप्राप्त्यर्थं अन्तःस्थ भगवत्प्रेरणया जहाति त्यजतीति**’.

ભાગવતમાં આ સ્થળે લોક-વેદમાં નિષ્ઠા પામેલી મતિ જણાવી તેનો મર્યાદામાં અધિકાર છે તેમ જણાવ્યું છે. કેવળ લોક યા લૌકિકમાં નિષ્ઠા હોવી એ પ્રવાહ પતિત અધિકારીનું લક્ષણ છે જે તામસ્ છે. વેદસમ્મત લોકસમ્બન્ધી સાધન-ફલમાં નિષ્ઠા હોવી એ મર્યાદા પતિત રાજસ્‌નું લક્ષણ છે, લોક સમ્બન્ધી સાધન-ફલમાં ઈચ્છા-પ્રવૃત્તિ રહિત અને માત્ર કર્મ નિવૃત્તિ દ્વારા ચિત્તશુદ્ધિઅર્થે વૈદિક સાધનોમાં પ્રવૃત્તિવાળો મોક્ષ ફલનિષ્ઠ મુમુક્ષુ એ મર્યાદાપતિત સાત્ત્વિકનું લક્ષણ છે. પૂર્વમાં લોક-વેદના સર્વ સાધન-ફલમાં નિષ્ઠાવાળો રહીને ભગવદનુગ્રહે તે સર્વ નિષ્ઠા-પ્રવૃત્તિ વગેરે ત્યાગી માત્ર ભગવત્ફલ નિષ્ઠ અને તદર્થ ભગવદ્ ભજન કર્તા ભક્ત એ મર્યાદાપતિત નિર્ગુણનું લક્ષણ છે. આ અધિકારમાં પૂર્વમાં સાત્ત્વિકતાથી મર્યાદાપતિતપણું રહી ભગવદ્‌ભાવરૂપ ભગવન્નિષ્ઠ ભક્તિનો અન્તઃકરણમાં ઉદય થવો એ નિર્ગુણપણાનું લક્ષણ છે. અતઃ પૂર્વની સાત્ત્વિકતા એ મર્યાદા છે અને તદનન્તર ભક્તિ એ પુષ્ટિ છે તેથી આ અધિકારી પુષ્ટિથી મિશ્ર થયેલો મર્યાદા અધિકારી છે. ભગવત્ ફલનિષ્ઠ એટલે ભગવાનથી મોક્ષ ફલની નિષ્ઠાવાળો એમ નહીં પણ ફલરૂપ ભગવાનમાં નિષ્ઠાવાળો. અથવા તો ભક્તિ ઉદયપૂર્વના સંસ્કાર-સ્વભાવવશ ભક્તિની આરંભ દશામાં ભગવાનથી ફલની નિષ્ઠાવાળો રહીને જેમ-જેમ ભક્તિનો ઉદય થતો જાય તેમ-તેમ સર્વ ફલનિષ્ઠા ત્યાગી ફલરૂપ માત્ર ભગવાન જ છે તેમ ‘**भक्त्या मामभिजानाति**’ (ગીતા. ૧૮-૫૫) માં કહ્યા અનુસાર ફલરૂપે ભગવાનને જાણીને ફલરૂપ ભગવાનમાં જ માત્ર નિષ્ઠાવાળો.

ભગવાન જ્યારે પ્રિયપણાએ હૃદયમાં ભાવિત થાય છે ત્યારે જ લોક-વેદ નિષ્ઠા ત્યાગવી શક્ય બને છે, અન્યથા નહીં. તેમજ ભગવાન જ્યારે

પ્રિયપણાએ હૃદયમાં સ્ફુરિત થાય છે ત્યારે જ ભગવાનનું પ્રિયત્વે અન્તઃકરણમાં ભાવન થઈ શકે છે. અતઃ ભાગવતવાક્યમાં ‘**अनुगृह्णाति**’ **અનુગ્રહ કરે છે** એમ કહ્યું છે એનો એ અર્થ છે કે ભાવરૂપે હૃદયમાં પ્રવેશ રૂપ અનુગ્રહ કરે છે ત્યારે. ‘**यत्तदोर्नित्यसम्बन्धः**’ એમ વ્યાકરણ નિયમ અનુસાર જ્યારે અનુગ્રહ કરે છે - હૃદયમાં ભાવરૂપે પ્રવેશે છે ત્યારે તે લોક-વેદ નિષ્ઠાવાળી મતિ ત્યાગે છે એમ અર્થ છે.

‘**यं अनुगृह्णाति**’ **જેને અનુગ્રહે છે**’ અહીં આ અનુગ્રહ કોના ઉપર થાય છે ? કઈ યોગ્યતા પ્રાપ્ત જીવ ઉપર થાય છે ? કૃતસાધન ? શુદ્ધચિત્ત? પૂર્વ જન્મમાં કરેલા સત્કર્મના ફલનો સમય પ્રાપ્ત ? પૂર્વજન્મમાં ભક્તિનું આચરણ કરેલો ? વગેરે પ્રકારે કયા પ્રકારનો જીવ આ અનુગ્રહ પ્રાપ્ત કરવાનો અધિકારી છે ? તે બાબતમાં ભાગવત કંઈ પણ વિશેષ નહીં કહી માત્ર ‘**यत्**’ શબ્દથી સાધારણતયા જ જણાવે છે. અતઃ કોઈ પણ અધિકારવાળો જીવ હોય તે પ્રત્યેક અહીં અનુગ્રહમાં અધિકારી છે. ‘**सर्वेधिकारिणो ह्यत्र विष्णुभक्तौ यथा नृप**’ (   ) તથા ‘**देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव च, भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम्**’ (ભાગ.૭-૭-૫૦) વગેરે વાક્યોથી વિષ્ણુભક્તિમાં અથવા તો મુકુન્દચરણ ભજનમાં સર્વ જીવમાત્ર અધિકારી છે. જે જે પણ ભગવદંશ ચેતનો છે તે પ્રત્યેક અહીં અધિકારી છે. અતઃ અમુક અધિકારી પર અનુગ્રહ થાય છે એમ કહેવાની અપેક્ષા અનુગ્રહના આધાર પર તેના -તેના તે - તે મુજબના અધિકારનું સમ્પાદન થાય છે તેમ કહેવું જ યોગ્ય છે અને તે જ ભાગવત સમ્મત છે. એટલે કે જેનાં ઉપર ભગવાન અનુગ્રહ કરે છે તે લોક તથા વેદમાં નિષ્ઠા પામેલી મતિ ત્યાગે છે. આથી એમ પણ જાણી શકાય છે કે માત્ર મર્યાદા અધિકારી પર જ આ અનુગ્રહ થાય છે તેમ નથી પણ ભગવદંશજીવ પ્રવાહપતિત હોય તો પણ તેનાં ઉપર ભગવાન અનુગ્રહ કરી શકે છે અને તે પણ ભગવદનુગ્રહે ભક્તિલાભકર્તા બની શકે છે. તેથી ભાગવત વાક્યમાં કેવલ વેદ નિષ્ઠા જ ન કહી લોક નિષ્ઠાવાળી મતિવાળાનો પણ ઉલ્લેખ કરાયો છે. તેથી જ ગીતાના ૧૬ મા અધ્યાયમાં આસુરી જીવોના નિરૂપણમાં ‘**आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि, मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम्**’ (ગીતા-૧૬-) આમાં આસુરી યોનિમાં આવી પડેલાઓ માટે જે ‘**माम् अप्राप्य एव**’ **મને નહીં પ્રાપ્ત કરીને જ**’ એમાં જે ‘**एव**’ જે ભારપૂર્વક પોતાની પ્રાપ્તિનો નિષેધ કર્યો છે તેથી પ્રત્યેક આસુરી-પ્રવાહી જીવોને ભગવત્ પ્રાપ્તિના અભાવની ભ્રાન્તિ થાય છે, જ્યારે ભાગવતાદિ શાસ્ત્રોમાં વૃત્રાસુર, બલિ, પ્રહ્લાદ, વિભિષણ વગેરેને ભક્તિપ્રાપ્તિ જોવામાં આવે છે, તેમજ રાવણ-કુંભકર્ણ, હિરણ્યાક્ષ-હિરણ્યકશ્યપ, દંતવક્ર-શિશુપાલ કંસ વગેરેનો શ્રીપ્રભુએ પોતાના શ્રીહસ્તે વધ કરી તેમને મુક્તિ આપી છે એમ જોવામાં આવે છે આ બંને વચ્ચે વિરોધાભાસ જોવા મળે છે. આનું નિરાકરણ શ્રીઆચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થમાં આસુરી જીવોના ‘**अज्ञ**’ અને ‘**दुर्ज्ञ**’ એમ ભેદ કરી ગીતાવાક્યમાં કહેવાયેલ આસુરી એ દુર્જ્ઞ માટેનો ઉલ્લેખ છે અને ભાગવતાદિમાં આસુરોને ભક્તિપ્રાપ્તિ યા મોક્ષપ્રાપ્તિ કહેવાયેલ છે તે આસુરો અજ્ઞભેદના છે એમ જાણી શકાય છે. ‘**दुर्ज्ञ**’ આસુરો એટલે જે નૃસિંહ પૂર્વતાપિની ઉપનિષત્માં ‘**जीवेशावाभासेन करोति**’ એ શ્રુતિમાં અથવા ‘**मायेत्यसुराः**’ એ શ્રુતિમાં જણાવેલા માયાંશજીવો અને ‘**अज्ञ**’ આસુરો એટલે મૂલમાં ભગવદંશ હોઈને કોઈક કારણથી આસુરભાવને પ્રાપ્ત થયેલા જીવો. આવા આસુરભાવપતિત અથવા પ્રવાહપતિત જીવો માટે જ શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણય નિબન્ધમાં ‘**भगवत्सेवका ये तु कदाचिद्भिन्नतां गताः**’ (ભાગવતાર્થ નિબન્ધ-૬-૨૦) થી ઉલ્લેખ કરે છે. આ મુજબ વિચારતાં ‘**कृष्णसेवा सदा कार्या**’ (સિ.મુ.)ના ઉપર સ્વકૃત વિવૃતિમાં શ્રીપ્રભુચરણનું વાક્ય ‘**अनेन अशेषाणां जीवानां गर्भदासत्वं ज्ञापितं भवति**’ આ વાક્યમાં આવેલ ‘અશેષ જીવોનું’ વ્યાખ્યાન કરતાં વિવરણમાં શ્રીગોકુલનાથચરણે લખ્યું કે ‘**अशेषाणां आसुरव्यतिरिक्तानां**’

‘અશેષ જીવોના ગર્ભદાસત્વમાંથી આસુરી જીવોની બાદબાકી કરી અશેષજીવો સમજવા’ એમાં **‘दुर्ज्ञ’** એટલું શેષ સમજવું જોઈએ. એટલે કે દુર્જ્ઞ આસુરો સિવાયના સર્વ પ્રકારના જીવો પ્રકટ થતાં પૂર્વથી જ તેઓ ભગવાનના દાસ છે, એમ આથી સમાધાન થઈ જાય છે. આજ વાતના સમર્થનમાં ભાગવત છઠ્ઠા સ્કન્ધમાં કહેવાયેલ અજામિલ તથા વૃત્રાસુરના પ્રસંગો ઉદાહરણરૂપ છે. બ્રાહ્મણદેહમાં જન્મીને પણ આસુરાવેશથી ભગવન્માર્ગથી ભટકી ગયેલા અને સર્વ પ્રકારે વિપરીત આચરણના પ્રવાહમાં વહી રહેલા અજામિલનો પણ અન્તકાલ સમયે પુત્ર નારાયણના નામના ઉચ્ચાર માત્રમાં પણ નામ સાથે પોતાનો સમ્બન્ધ કરાવી તેનાં મનમાં પ્રકટ થઈ **‘अन्ते या मतिः सा गतिः’** નો નિયમ પ્રાપ્ત કરાવી તેનો ઉદ્ધાર કર્યો. તેમાં પુત્ર નામ ઉચ્ચારમાં ભગવત્સંબન્ધ થવારૂપ સુકૃતથી અતિરિક્ત તેનાં જીવનમાં બીજું કોઈ સુકૃત નહતું - જે હતું તે માત્ર દુષ્કૃત જ હતું છતાં પણ કૃપાપૂર્વક તેનો ઉદ્ધાર કર્યો. તેવી જ રીતે ચિત્રકેતુ રાજા ભગવદ્ ભક્ત ન હતો પણ અક્ષરોપાસક હતો અને શાપ થવાથી તેનો આસુર યોનિમાં જન્મ થયો હતો. છતાં પણ ભગવત્કૃપાએ તેને પૂર્વજન્મની સ્મૃતિ કાયમ રહી. દેવવિરોધી આસુરી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહીને પણ અન્ત સમયે ભગવત્ સન્નિધાન વડે તેનાં માં ભગવદ્ ભક્તિ પ્રકટ થઈ અને તેનો ઉદ્ધાર થયો.

શ્રીઆચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદામાં શુદ્ધરૂપમાં પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા એમ ત્રણ પ્રકારના જીવોને કહી ત્યાર બાદ ત્રણેના મિશ્ર પ્રકારો જણાવ્યા છે, અતઃ શુદ્ધ-મિશ્ર એટલે શું એ જિજ્ઞાસા બને છે. શુદ્ધ એટલે સ્વયં જીવ અને તેનો દેહ-અન્તઃકરણ-પ્રાણ-ઈન્દ્રિયો વગેરે પરિકર એ સર્વ કંઈ ભગવદ્ અનુગ્રહથી સંકળાયેલો-પ્રાપ્ત હોય અને તેથી કરીને જીવ સહિત સમ્પૂર્ણ પરિકર એ માત્ર ભક્તિમય - સેવામય બની રહ્યા હોય તેમજ તે જન્મજાત -સહજ હોય એ શુદ્ધપુષ્ટિ પ્રકાર છે. આ રીતે જ શુદ્ધ મર્યાદામાં ઉપર મુજબ સર્વ કંઈ ધર્મપરાયણ હોય અને જન્મજાત-સહજ હોઈ તેથી

વિપરીતપણું ક્યારેય હોય નહીં કે આવે નહીં એ શુદ્ધ મર્યાદાજીવોનું લક્ષણ છે. મતલબ કે જેનાંથી બંધન થાય તેવી ઈચ્છા -વિચાર-વાણી-ક્રિયા તેવી ન હોઈ જેનાં ઈચ્છા-વિચાર-વાણી-ક્રિયા વગેરે મોક્ષાભિમુખ જ હોય. તેવી જ રીતે શુદ્ધ પ્રવાહના અધિકારી એટલે દુર્જ્ઞજીવો. આમાં એનું જીવપણું તથા તેનો પરિકર એ સર્વ કંઈ આસુરી એટલે કે ભગવદ્વિમુખ-વેદાદિ શાસ્ત્ર વિમુખ હોય અને તેમનાં ઈચ્છા-વિચાર-વાણી-ક્રિયા વગેરે સર્વ કાંઈ માત્ર ભોગવૃત્તિના અને અહં-મમ પ્રવાહમાં જ સર્વથા ડૂબેલા પ્રવાહ સ્વરૂપના જ હોય કે જે પ્રલય પર્યન્ત જન્મ-મરણના પ્રવાહમાં પ્રવહિત થવાના બન્ધનકારક સ્વભાવના હોય.

મિશ્ર પ્રકારમાં જીવનો મૂલ અધિકાર પુષ્ટિ, મર્યાદા યા પ્રવાહમાં હોઈ તેનાં દેહ વગેરે પરિકરો મૂલ અધિકારથી અલગ પ્રકારના હોય. એટલે કે મૂલ અધિકાર પુષ્ટિમાં હોય-જીવ પુષ્ટિ હોય અને તેના દેહ વગેરે મર્યાદા યા પ્રવાહ સ્વરૂપના હોય. આવા મિશ્રજીવો માટે જ તૃતીયસ્કન્ધસ્થ સુબોધિની વાક્ય પ્રાપ્ત થાય છે કે - **‘इन्द्रियाणि हि द्विविधानि, दैवानि आसुराणि, तत्र आसुराणि बलिष्ठानि’** (સુબોધિની ૩-૨૫-૩૨) ‘ઈન્દ્રિયો બે પ્રકારની છે, દૈવી સ્વભાવની-આસુરી સ્વભાવની (એક જ ઈન્દ્રિયગોલકમાં રહે છે), તેમાં - તે બેમાં (દેહદશામાં) આસુરી ઈન્દ્રિયો દૈવી કરતાં વધારે બલશાલી હોય છે’ બે પ્રકારની ઈન્દ્રિયોનું એક ગોલકમાં હોવું એ જ મિશ્રપણું જણાવે છે. તેમાં દૈવી ઈન્દ્રિયો દૈવી સ્વભાવના - મર્યાદા જીવોમાં અથવા મિશ્રપુષ્ટિજીવોમાં બળવતિ હોય છે. અને મિશ્રપ્રવાહીજીવોમાં આસુરી ઈન્દ્રિયો બલવતિ હોય છે. આનું કોષ્ટક બનાવીએ તો આ મુજબ બનાવી શકાય.

(૧) દૈવી-શુદ્ધ-પુષ્ટિજીવો

(દેહ-ઇન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ સર્વ પ્રેમપૂર્ણ નિર્ગુણ)

(૨) દૈવી-મિશ્ર-પુષ્ટિજીવો

(૧) પુષ્ટિથી મિશ્ર પુષ્ટિજીવો - તેમના દેહ વગેરે જન્મના સત્ત્વપ્રધાન અને પ્રેમાભક્તિથી નિર્ગુણતાને પામનારા.

(૨) મર્યાદાથી મિશ્ર પુષ્ટિજીવો - જન્મના રજઃ મિશ્રસત્ત્વપ્રધાન અને શાસ્ત્રાનુસારી સ્વધર્મપાલન પૂર્વક સાધનભક્તિથી પ્રેમાભક્તિને પ્રાપ્ત કરી પ્રેમાભક્તિ દ્વારા નિર્ગુણતાને પામનારા.

(૩) પ્રવાહથી મિશ્રપુષ્ટિજીવો - જન્મના આંશિક તમઃથી યુક્ત એવા રજઃ થી મિશ્ર સત્ત્વપ્રધાન અને શાસ્ત્રાનુસારી સ્વધર્મપાલનપૂર્વક - ભગવત્સેવનરૂપ ક્રિયા વડે પરિણામે દેહ વગેરેથી ભગવાનમાં એકતાનતા પ્રાપ્ત કરી નિર્ગુણતાને પામનારા.

ઉપર જણાવ્યા મુજબમાં પુષ્ટિ-પુષ્ટિ જીવોની સત્ત્વપ્રધાનતા કહેવાથી તેમના દેહ વગેરેમાં રજઃ-તમઃ અતિ ગૌણભાવે રહી અને સત્ત્વની પ્રધાનતા હોય છે. એટલે કે તેમનું તામસપણું માત્ર દેહસંબન્ધે જ હોય છે, રાજસ્પણું ઇન્દ્રિય-પ્રાણ સંબન્ધે હોય છે અને તેમનું ચિત્ત અથવા મન-બુદ્ધિ-ચિત્ત એ સત્ત્વપ્રધાન હોય છે. આ લોકોમાં સેવાકરણ પૂર્વમાં જે રાજસ્-તામસ્પણું દેખાય છે તે સહજ - સ્વાભાવિક નહીં કિન્તુ સાંસર્ગિક હોય છે અને ગુરુકૃપા-સેવા-ભગવદીયોનો સંગ વગેરેથી શીઘ્ર જ દૂર થઈ જાય છે અને શીઘ્ર જ તેઓ પ્રેમાભક્તિને પામે છે. ભક્તિસૂત્રમાં પ્રેમનું લક્ષણ **'गुणरहितम्'** (નારદ ભક્તિસૂત્ર) કહ્યું હોવાથી પ્રેમ સર્વ પ્રાકૃત ગુણોથી રહિત છે અને તે જ્ઞાનની માફક સત્ત્વથી ઉત્પન્ન થતો નથી પરન્તુ પ્રાકૃત

સર્વભાવોનો ઉપમર્દક પ્રેમ હોવાથી જ્યારે પ્રેમ જ્યોત પ્રગટે છે ત્યારે તે પ્રેમ જ પૂર્વમાં રહેલા સર્વ પ્રાકૃતભાવોનો નાશ કરી તે જીવને પ્રેમમય બનાવે છે. આ લોકોએ પ્રેમની ઉત્પત્તિ માટે કોઈ વિશેષ શ્રવણાદિ સાધનોની અપેક્ષા નથી હોતી, કિન્તુ ભગવત્ પ્રયત્ને જ (ભગવાનનાં વિશિષ્ટ અનુગ્રહે જ) ઉત્તમગુરુની પ્રાપ્તિ અથવા તો વિશિષ્ટ ભગવદનુભવે તેઓ ભગવત્ પ્રેમવાળા થાય છે જે ૮૪ વૈષ્ણવોની વાર્તામાંથી આવા કેટલાક વૈષ્ણવોના પ્રસંગો જોવા મળે છે. આજ અર્થમાં શ્રીમહાપ્રભુ પુષ્ટિપુષ્ટિ ને માટે **'पुष्ट्या विमिश्राः सर्वज्ञाः'** એમ જણાવે છે.

આ મુજબ વિચારતાં એમ ફલિત થાય છે કે પુષ્ટિ એટલે પ્રેમવાળા ભગવાનના નિર્ગુણ ભક્તો એટલે કે ભગવાનની નિગુર્ણાભક્તિ કરવાનો અધિકાર નિર્ગુણો જ કરી શકે છે અને પ્રકૃતિના સાત્ત્વિક-રાજસ-તામસભાવો એ નિર્ગુણા ભક્તિમાં વિકારરૂપે બાધક હોવાથી આ જીવને મારે મારી ભક્તિ આપવી છે એવી વિશેષ ઇચ્છાથી જીવને ભગવાન નિગુર્ણતા પ્રદાન કરે એ ભગવાનનો એક વિશેષ અનુગ્રહ છે અથવા તો એ ભગવાનની પુષ્ટિ છે. અને આ જ પુષ્ટિનો માર્ગ-અનુગ્રહનો માર્ગ એને શ્રીમહાપ્રભુ પુષ્ટિમાર્ગ નામે આલેખે છે. અને આવા જીવોમાં જ એટલે કે આ જીવને મારે મારી ભક્તિ આપવી છે તેવા ભગવાનની વિશેષ ઇચ્છાના ક્ષેત્રમાં આવેલા જીવો પૈકી કેટલાક જીવોને પુષ્ટિ સાધનો વડે ભક્તિ સિદ્ધ થાવ અને કેટલાક જીવોને માટે કોઈ પણ સાધન વિના ભક્તિ સિદ્ધ થાવ એમ બે પ્રકાર રહેલો હોવાથી શ્રીપ્રભુચરણ ભક્તિહંસમાં **'अनुग्रहेचास्ति प्रकारद्वयं मर्यादापुष्टिभेदेन'** એમ ભગવદ્ અનુગ્રહને બે ભેદે બતાવે છે. જે જીવો અનુગ્રહમાં મર્યાદા ભેદે રહેલા છે તેમને ક્રમશઃ નિર્ગુણ ભાવની વૃદ્ધિની સાથે - સાથે પ્રાકૃત ભાવોનું નિરસન થતું જાય છે. અને ભાવની પૂર્ણ વૃદ્ધિએ તે લોકો સર્વથા નિર્ગુણ બની નિર્ગુણા ફલાત્મિકા ભક્તિના સાક્ષાત્ સેવનરૂપા ભક્તિના અધિકારી બને છે.

આ રીતે વિચારતાં ભક્તિવર્દ્ધિનીમાં ‘**बीजदार्ढ्यप्रकारस्तु गृहेस्थित्वा स्वधर्मतः अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः । व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यसेत् सदा । ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत्**’ એમ જણાવી આગળ ‘**यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात् तदैव हि**’ એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે. આ સ્થળે જે ક્રમશઃ પ્રેમ, આસિક્ત અને વ્યસન જણાવ્યા છે એ ભાવની સાત અવસ્થાઓની ક્રમશઃ વૃદ્ધિને ત્રણ તબક્કામાં કહ્યા છે. તેમાં ભાવ, પ્રેમ, પ્રણય, સ્નેહ એમ ચાર અવસ્થાઓને ભક્તિવર્દ્ધિનીમાં પ્રેમ શબ્દથી જણાવાયું છે. રાગ અને અનુરાગ એ બે અવસ્થાઓને આસક્તિ શબ્દથી અને વ્યસનને વ્યસનથી કહેવાયું છે. સાંસારિક વિષયોમાં ચિત્તનો રાગ અને ઘર-ગૃહસ્થી વગેરેમાં ચિત્તની આસક્તિ એ પ્રાકૃત સાત્ત્વિકાદિ ભાવોને કારણે જ તેમજ અવિદ્યાના બંધનોને લઈને હોય છે. જેમ જેમ ભાવ વૃદ્ધિ થાય છે તેમ તેમ પ્રાકૃત ગુણો અથવા અવિદ્યાની ગાંઠો ઢીલી પડતી જાય છે. અને જેમ જેમ ઢીલી થતી જાય છે તેમ તેમ એ જીવોનું સપરિકર સ્વરૂપ નિર્ગુણતાને પ્રાપ્ત થતું જાય છે અને અંતે તૃતીય સ્કન્ધમાં જણાવ્યા મુજબ ‘**जरयत्याशु या कोषं निगीर्णमनलो यथा**’ સર્વ પ્રાકૃત ભાવો નિવૃત્ત થઈ તેઓ પૂર્ણ નિર્ગુણતામાં સ્થિતિ કરનારા બને છે.

આમ કહેવાથી શ્રીઆચાર્યચરણ પ્રદર્શિત આ માર્ગમાં આચરણ માટેના નિયમો સહિતની જે કૃષ્ણ સેવા કહી છે એ સાધનો નિર્ગુણા ભક્તિમાં બાધક ગુણોના નિરાકરણપૂર્વક નિર્ગુણાભક્તિમાં આવશ્યક જે અતિશય વિશુદ્ધ સ્નેહ છે તેની ઉપલબ્ધિ અર્થેના છે. અને આ માટે જે સાધનો પાતંજલ શાસ્ત્રમાં ગુણોની નિવૃત્તિપૂર્વક બ્રહ્મભાવમાં સ્થિતિ કરવા માટેના યમથી આરંભી નિર્બીજ સમાધિ પર્યન્તના જણાવ્યા છે તે સાધનોથી થનાર ફલ છે તે ફલનું યોગ સાધનો વિના જ પુષ્ટિભક્ત અનાયાસ લાભ કરનારો બને છે અને તે લાભ પણ અહીં અવાન્તર ગૌણ ફલમાં રહીને પુષ્ટિભક્ત તેથી પણ આગળ મુખ્ય ફલમાં પ્રવેશ કરે છે એટલે કે તેથી ઘણું અધિક જે આનંદાનુભવ છે તેને પામનારો થાય છે. એટલે કે નિર્બીજસમાધિમાં યોગી જે બ્રહ્મ આનંદનો અનુભવ કરે છે તેથી અનેક ગણો વધુ પરમાનંદનો અનુભવ પ્રાપ્ત કરનારો પુષ્ટિભક્ત થાય છે. અતઃ આ ફલ મારે આ જીવને આપવું છે એવી ઈચ્છા મનમાં રાખી પ્રભુ જે જીવનું વિશેષરૂપે અનુગ્રહણ કરે એ અનુગ્રહને શ્રીમહાપ્રભુ સ્વોપદિષ્ટ સિદ્ધાન્તમાં પુષ્ટિ નામે આલેખે છે. કેવલ કાલ-કર્મ-સ્વભાવનું પરાવર્તન એ આ ભક્તિની ઉપલબ્ધિ માટે પર્યાપ્ત નથી. કાલ, કર્મ, સ્વભાવનું પરાવર્તન એ ‘**स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते**’ (બાલબોધ) એમ ત્યાં સ્વરૂપસ્થિતિ રૂપ મોક્ષમાં એની પર્યાપ્તિ છે. આ મોક્ષ પણ કેવલ સાધનોથી શક્ય નથી કેમ કે આ સર્વ સાધનોથી કાલ-કર્મ-સ્વભાવ એ વધુ બલવાળા છે. આવા વધુ બલવાળા અંતરાયોનું નિર્બલ અને અલ્પ સાધન એવા જીવ વડે શક્ય નથી. તેથી અન્ય સાધનો પણ કાલ-કર્મ-સ્વભાવથી જીવને ત્યારે જ ઊંચા ઉઠાવી શકે છે કે જ્યારે તેમાં ભગવદ્ અનુગ્રહ ભળે. તેથી જ એ કાલ-કર્મ-સ્વભાવનું પરાવર્તન કરનાર અને તે વડે મોક્ષનું સંપાદન કરનાર ભગવદ્ અનુગ્રહને શ્રીઆચાર્યચરણ ષષ્ઠ સ્કન્ધ નિબન્ધમાં અવમ પુષ્ટિ તરીકે આલેખે છે.

આ પ્રમાણે પુષ્ટિ શબ્દને વિચારતાં પુષ્ટિભક્તિ પદમાં જોડાયેલો પુષ્ટિ શબ્દ એ ષષ્ઠસ્કન્ધ નિબન્ધોક્ત **અનવમપુષ્ટિ**ના અર્થને દ્યોતે છે. એટલે કે પંચમ સ્કન્ધ નિબન્ધમાં શ્રીઆચાર્યચરણના જણાવ્યા મુજબ **સ્વાધીના-સ્થિતિમાં થનારી ભક્તિ**નો અધિકાર આપવાનો અનુગ્રહ જે જીવો ઉપર ભગવાને કરેલો છે તે જીવોનો માર્ગ એ પુષ્ટિમાર્ગ એ પુષ્ટિમાર્ગની ભક્તિ એ પુષ્ટિભક્તિ છે. અથવા તો ગીતામાં ભગવાને જે પ્રકારની ભક્તિ જણાવી છે કે

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।

तदहं भक्त्युपहृतं अश्नामि प्रयतात्मनः ॥

(ગીતા. ૯ -૨૬)

અહીં **'मे प्रयच्छति'** એટલે કે મને આપે છે, એટલે કે માત્ર મારા-પુરુષોત્તમના અર્થે જ પત્ર-પુષ્પાદિ અપાયેલા હોય તેવી ભક્તિ, **'भक्त्या प्रयच्छति'** એટલે કે આપવામાં પણ ભક્તિ-પ્રેમથી અતિરિક્ત બીજો કોઈ હેતુ ન હોય તેવી ભક્તિ, **'भक्त्युपहृतं प्रयच्छति'** એટલે કે પદાર્થ જ્યાંથી લેવામાં આવ્યો હોય ત્યાંથી લઈને નિવેદન થતાં સુધીમાં માત્ર પ્રેમ જ જળવાઈ રહ્યો હોય તેવી ભક્તિ અને **'प्रयतात्मा प्रयच्छति'** એટલે કે જેણે પોતાનું અન્તઃકરણ પોતાના વશમાં રાખ્યું છે તેવા લોકો વડે કરાતી ભક્તિ (તેવા લોકો દ્વારા ભક્તિપૂર્વક અપાયેલું હોય) આ પ્રકારની ભક્તિ એ પુષ્ટિભક્તિ છે. એટલે કે આ પ્રકારની ભક્તિનું કોઈ પણ હેતુ વિના ભગવાન જીવને દાન કરે એ ભગવાનનો અનુગ્રહ એને શ્રીઆચાર્યચરણ અનવમ પુષ્ટિના નામે આલેખે છે.

આ પ્રકારના ભગવાનના વિશિષ્ટ પ્રકારના અનુગ્રહને - અનવમ પુષ્ટિને પ્રાપ્ત કરેલા જીવોના પ્રકરણના નિમિત્તથી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં અનવમ પુષ્ટિને શ્રીઆચાર્યચરણે જણાવ્યું છે તે આ મુજબ છે -

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥ १२ ॥

ભાવાર્થ :- તેથી પુષ્ટિમાર્ગમાં (પુષ્ટિમાર્ગના અધિકારી) જીવો (મર્યાદા અને પ્રવાહથી) જુદા જ છે તેમાં કોઈ સંશય નથી, આ જીવોની ઉત્પત્તિ ભગવાનની સ્વરૂપસેવાને અર્થે જ થઈ છે અને તેથી તે સૃષ્ટિ અન્યથા નહીં થાય (જો ભગવદ્રૂપ સેવા પ્રયોજન ન હોય તો આ સૃષ્ટિને અલગથી ભગવાન પ્રકટ કરે જ નહીં) ॥ ૧૨॥

स्वरूपेणावतारेण लिङ्गेन च गुणेन च ।
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥ १३ ॥
तथापि यावता कार्यं तावत् तस्य करोति हि ॥ १३ $^{१}/_{२}$ ॥

ભાવાર્થ :- સ્વરૂપ વડે, અવતાર વડે, ચિન્હ વડે અને ગુણ વડે ભગવાનથી તેમનાં સ્વરૂપમાં, દેહમાં અને ક્રિયામાં તારતમ્ય (તર-તમભાવ) નથી તેમ છતાં પણ જેટલા તારતમ્યથી પોતાનું રમણ કાર્ય સિદ્ધ થાય તેટલું તારતમ્ય આ પુષ્ટિ જીવોમાં ભગવાન કરે છે ॥ ૧૩ $^{૧}/_{૨}$ ॥

ते हि द्विधा शुद्ध–मिश्रभेदान्मिश्रास्त्रिधा पुनः ॥ १४ ॥
प्रवाहादिविभेदेन भगवत्कार्यसिद्धये ।
पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः ॥ १५ ॥
मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णाऽतिदुर्लभाः ॥ १५ $^{१}/_{२}$॥

ભાવાર્થ :- એ પુષ્ટિજીવો શુદ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિ એમ બે ભેદથી બે પ્રકારનાં છે, તેમાં ભગવાનના રમણરૂપ કાર્યની સિદ્ધિ માટે પ્રવાહાદિ ભેદ વડે મિશ્રપુષ્ટિજીવો (પુષ્ટિ પુષ્ટિ, મર્યાદા-પુષ્ટિ, પ્રવાહ-પુષ્ટિ એમ) ત્રણ પ્રકારના છે, તેમાં પુષ્ટિ વડે મિશ્ર પુષ્ટિ જીવો સર્વજ્ઞ (ભગવાનના અભિપ્રાયને જાણનારા) હોય છે, પ્રવાહ વડે મિશ્ર પુષ્ટિજીવો ક્રિયામાં રત રહેનારા-પ્રીતિવાળા હોય છે, મર્યાદા વડે મિશ્ર પુષ્ટિજીવો ભગવાનના ગુણોને જાણનાર-ભગવાનના ગુણોમાં આસક્ત રહેનારા હોય છે એમ મિશ્ર પુષ્ટિજીવોના ત્રણ પ્રકારના ભેદ છે અને જેઓ માત્ર પ્રેમ વડે જ શુદ્ધ છે એવા શુદ્ધ પુષ્ટિજીવો તો અતિ દુર્લભ છે ॥ ૧૫ $^{૧}/_{૨}$ ॥

एवं सर्गस्तु तेषां हि फलं त्वत्र निरूप्यते ॥ १६ ॥
भगवानेव हि फलं स यथाविर्भवेद् भुवि ।

गुण–स्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥ १७ ॥

ભાવાર્થ :- આ પ્રમાણે જીવોના સર્ગ-સૃષ્ટિનું નિરૂપણ થયું, હવે અહીં પુષ્ટિમાર્ગીય જીવોના ફલનું નિરૂપણ કરવામાં આવે છે, ફલ એકમાત્ર ભગવાન જ છે, તે ભગવાન ભૂમિ ઉપર જે પ્રકારે ગુણ અને સ્વરૂપના ભેદ વડે આવિર્ભૂત થાય તે પ્રકારે તે પુષ્ટિજીવોને ફલ થાય છે ।। ૧૭ ।।

आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् ।
अहङ्कारेऽथवा लोके तन्मार्गस्थापनाय हि ॥ १८ ॥

ભાવાર્થ :- આ મિશ્રપુષ્ટિજીવોને ક્યારેક અન્યમાં આસક્તિ થાય અથવા તેમનાથી અહંકાર થઈ જાય ત્યારે અથવા ક્યારેક લોકમાં મર્યાદાનું સ્થાપન કરવા માટે ભગવાન જ તેમને શાપ અપાવે છે ।। ૧૮ ।।

न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः ।
महानुभावाः प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे ॥ १९ ॥

ભાવાર્થ :- જેઓને ભગવાન શાપ અપાવે છે તે પુષ્ટિજીવો લોક-વેદ-ભક્તિમાર્ગ વિરુદ્ધ એવા પાષંડપણાને પ્રાપ્ત થતા નથી, તેમ તેમને રોગાદિ ઉપદ્રવો (આદિથી-ગ્રહબાધા, અન્યદેવ બાધા, અથવા ભક્તિના ઉદ્રેકમાં શાસ્ત્ર-ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન થઈ જવા થકી ઉપદ્રવો) થતા નથી, ઘણું કરીને તેઓ મહાનુભાવો-મ્હોટા પ્રભાવવાળા થાય છે, તેઓને ભગવાન જે શાપરૂપ શિક્ષા-શિખામણ આપે છે તે કેવલ તેમનો મિશ્રભાવ મટાડીને તેમને શુદ્ધપ્રેમી કરવા માટે છે તેમ સમજવું ।। ૧૯ ।।

भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि ॥ १९ ॥

ભાવાર્થ :- શ્રુતિઓમાં ભગવાનને એક જ, જણાય નહીં તેવા અને અનન્ત રૂપવાળા કહ્યા હોવાથી ભગવાન જે-જે પણ અને જેમ-જેમ સ્વરૂપભેદનો સ્વીકાર કરે છે તેમ-તેમ આ જીવો પણ ભાવના તારતમ્યને તર-તમભાવને ગ્રહણ કરી ભજે છે ।। ૧૯ $^{૧}/_{૨}$ ।।

वैदिकत्वं लौकिकत्वं कापट्यात् तेषु नान्यथा ॥ २० ॥
वैष्णवत्वं हि सहजं ततोऽन्यत्र विपर्ययः ॥ २० $^{१}/_{२}$ ॥

ભાવાર્થ :- પુષ્ટિજીવોમાં વેદસંબન્ધીક્રિયા અને લોકસમ્બન્ધી ક્રિયા એ કપટથી હોય છે (**કપટ** :- બહારની ક્રિયા અને આન્તરનો ભાવ એ બે અલગ-અલગ રૂપના હોવા), તેઓ વેદ-લોક સંબન્ધી ક્રિયામાં આસક્તિવાળા નથી હોતાં અને આસક્તિથી તે કરતા પણ નથી અને વૈષ્ણવપણું તેમનામાં સહજ-સ્વાભાવિક હોય છે (એટલે કે લોક-વેદ સંબન્ધી ક્રિયાઓ તેમાં અને તે ક્રિયાથી થનારા ફલમાં તેઓ આસક્તિ વિનાના થઈ લોકસંગ્રહ માટે અને ભગવદાજ્ઞા જાણીને જ માત્ર કરતા હોય છે) અને બીજે તેનાથી વિપરીત એટલે કે મર્યાદામાર્ગીય જીવોમાં વૈષ્ણવપણું અને લૌકિકપણું કપટપણાથી હોય છે અને વૈદિકપણું સહજ હોય છે, જ્યારે પ્રવાહમાર્ગીય જીવોમાં વૈષ્ણવપણું તથા વૈદિકપણું કપટપણાથી હોય છે અને લૌકિકપણું સહજ હોય છે ॥ ૨૦ $^{૧}/_{૨}$ ॥

આ પ્રમાણે શ્રીઆચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં પુષ્ટિજીવોની જે ચર્ચા કરી છે તેનાંથી તેના સારરૂપે જો આ જીવો ઉપરની પુષ્ટિને વિચારીએ તો આ મુજબના મુદ્દાઓ સમજમાં આવે છે -

૧) વેદમાં-લોકમાં રહીને પણ જેનું અન્તિમ પર્યવસાન ભગવદ્રૂપ સેવામાં જ થાય તેવા ભગવાનના અનુગ્રહવાળા.

૨) આ જીવો પુષ્ટિ હોઈને પણ - ભગવાનના આનન્દમય સ્વરૂપના જ

અંશરૂપ-આનન્દરૂપ હોઈને પણ ભગવાનના રમણરૂપ કાર્યની સિદ્ધિ માટે તેમનાં દેહ-ક્રિયા-અન્તઃકરણ વગેરે મર્યાદા-પ્રવાહથી મિશ્રણવાળા ભગવાન જ કરે છે તેમ છતાં તેઓ સેવાફલ ગ્રન્થમાં કહેવાયેલા ત્રણ પુષ્ટિ ફલ પૈકી કોઈ પણ એક ફલને જ પ્રાપ્ત કરનારા બનો તેવા ભગવાનના અનુગ્રહવાળા.

૩) સાધનદશામાં પણ ભગવાન કયારે શું કરવા માંગે છે તે ભગવાનના અભિપ્રાયને જે મોટા દેવો કે વેદો પણ જાણી શકવા સમર્થ નથી તે અભિપ્રાયને પણ જાણનારા બનો તેવા અનુગ્રહવાળા અથવા વધુ પ્રેમ ન હોય તો પણ આંશિક પ્રેમે પણ માત્ર ભગવત્ સમ્બન્ધી ક્રિયાઓમાં જ આસક્તિવાળા અને તેમાં જ અહર્નિશ પરાયણ બનો તેવા અનુગ્રહવાળા, અથવા ભગવાનના ગુણોને સારી રીતે જાણનારા તથા તે ગુણોમાં આસક્તિવાળા તથા તે ભગવાનના ગુણોનેજ કહેવા-સાંભળવા-વિચારવામાં અહર્નિશ પરાયણ રહેનારા બનો તેવા અનુગ્રહવાળા, અથવા **‘विगाढभावेन न मे वियोगतीव्राधयोऽन्यं ददृशुः सुखाय’** (ભાગ.૧૧-૧૨-૧૦) એમ એકાદશસ્કન્ધ ભગવદ્ વાક્ય મુજબ આ જીવો વિગાઢ ભાવને પામનારા અને તે વિગાઢ ભાવ વડે તીવ્ર વિયોગની આધિમાં સર્વ પ્રકારે શુદ્ધ (સર્વ પ્રકારે મિશ્રણ વિનાના શુદ્ધ) બનો તેવા અનુગ્રહવાળા.

૪) ભગવાનના આનન્દમય-પરમાનન્દ સ્વરૂપના સંબન્ધવાળું ફલ પામનારા બનો તેથી ઉતરતું નહીં તેવા અનુગ્રહવાળા.

૫) અન્યાસક્તિ-અહંકાર વગેરે દોષોને ભગવાન જ પોતાના પ્રયત્ને દૂર કરી યા કરાવી તેમનામાં ભગવાન પોતાના સ્વરૂપ સંબન્ધી ભક્તિનું સ્થાપન કરે તેવા અનુગ્રહવાળા.

૬) આ જીવો મ્હારા પોતાના છે એમ ભગવાન દ્વારા સ્વીકાર થઈ ગ્રહબાધા-અન્યદેવોની બાધા કે અન્ય સર્વ ઉપદ્રવોમાં મારે જ એમનું રક્ષણ કરવું જોઈએ તેમ ભગવાન દ્વારા સ્વીકાર થવા સ્વરૂપના અનુગ્રહવાળા **(‘तस्मान्मच्छरणं गोष्ठं मन्नाथं मत्परिग्रहम्, गोपाये स्वात्मयोगेन सोऽयं मे व्रत आहितः’** (ભાગ.૧૦-૨૫-૧૮) એમ દશમ સ્કન્ધ પૂર્વાર્દ્ધ ભગવદ્વાક્ય મુજબના).

૭) આ જીવો મારા સેવકો-દાસો છે અને હું એમનો સ્વામી છું એમ ભગવાન દ્વારા સ્વીકાર થઈ આ મારા સેવકો જીવનની દરેક સ્થિતિમાં મારી આજ્ઞાનું પાલન કરનારા અને મારી ઈચ્છાને અનુકૂલ વર્તનારા થાઓ તેવા ભગવાનના અનુગ્રહવાળા.

૮) આ જીવો લોક-વેદમાં અરુચિ-અપ્રીતિવાળા બની રહી માત્ર મારી સેવા-દાસ્યમાં જ રુચિ-પ્રવૃત્તિવાળા બનો તેવા ભગવાનના અનુગ્રહવાળા.

૯) આ જીવો એ પ્રકારની ભક્તિના અધિકારવાળા બનો જેનાંથી હું (ભગવાન) વશ થાઉં છું, તેવા ભગવાનના અનુગ્રહવાળા.

આ પ્રમાણે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થના સ્વારસ્યે ષષ્ઠ સ્કન્ધ નિબન્ધોક્ત **અનવમપુષ્ટિ**નો અર્થ શ્રીઆચાર્યચરણ સમ્મત સ્પષ્ટ થાય છે અને તે અનવમ પુષ્ટિના અર્થે જ અહીં **પુષ્ટિભક્તિ** પદમાં પુષ્ટિ શબ્દ છે એમ જાણવું જોઈએ. કારણ કે સર્વનિર્ણય નિબન્ધમાં શ્રીઆચાર્યચરણના જણાવ્યા મુજબ **‘कृष्णसेवापरं वीक्ष्य’** (સ.નિ.નિબન્ધ -) થી આરંભીને આગળ જણાવેલા તથા ઈતર ગ્રન્થોમાં જણાવેલા સાધનો પુષ્ટિમાર્ગીય સદ્ગુરુ, પુષ્ટિમાર્ગીય ગુરુ દ્વારા પુષ્ટિમાર્ગીયા શરણદીક્ષા તથા આત્મનિવેદન-બ્રહ્મસમ્બન્ધ દીક્ષા, પુષ્ટિસ્વરૂપ, પુષ્ટિસ્વરૂપની સમર્પણાત્મિકા તનુ-વિત્તજા સેવા, પુષ્ટિમાર્ગીય સેવાને અનુકૂલ ગૃહ-ગૃહસ્થાશ્રમમાં સ્થિતિ, અન્યાશ્રયાદિ દોષ રહિત

સ્વધર્મનું પાલન, કેવલ સેવામય જીવન, પુષ્ટિમાર્ગ સમ્મત પ્રેમપૂર્વિકા સેવા, તદનુકૂલ આસક્તિપૂર્વિકા સેવા, તદનુકૂલ શ્રીઆચાર્યચરણ સમ્મત હરિસ્થળોમાં નિવાસ, પુષ્ટિમાર્ગીય તદીય-તાદશી ભગવદીયોનો સહવાસ, પુષ્ટિમાર્ગીય વિવેક-ધૈર્ય-આશ્રયનું મન-વાણી-ક્રિયાથી આચરણ, પુષ્ટિમાર્ગીય વિરહભાવાત્મિકા સેવા, શ્રીમદ્ભાગવતનું પ્રતિદિન કોઇ પણ હેતુ વિના શ્રવણ-કીર્તન અથવા પઠન-પાઠન, વગેરે જે પુષ્ટિમાર્ગીય સાધનો છે કે જેનું પરિણામે પુષ્ટિમાર્ગીય ફલમાં પર્યવસાન છે તે સર્વ સાધનો પુષ્ટિમાર્ગીય જીવોના ઉપયોગ અર્થે જ કહ્યા છે કે જે જીવો ઉપર ભગવાનનો વિશેષ અનુગ્રહ છે, પણ જે જીવો ભગવાનના વિશેષ અનુગ્રહના ક્ષેત્રમાં નથી આવતા તેમના માટે નથી કહ્યા. તેમ છતાં પણ જો તેવા જીવો દેખાદેખી યા ક્યાંક બે વાત સાંભળી આ સાધનોનું આચરણ કરે પણ ખરા તોએ તે જીવો સાધારણ અનુગ્રહભાજી હોય તો પણ તેઓનો ભગવાનના વિશેષ અનુગ્રહક્ષેત્રમાં સમાવેશ નહીં હોવાથી સાધનોની પૂર્ણતા તેમને માટે શક્ય નથી બનતી અને પરિણામે તેઓ પુષ્ટિફલને મેળવી શકવા સૌભાગ્યશાલી બની શકતા નથી. આ જ વાત શ્રીઆચાર્યચરણે સર્વનિર્ણય નિબન્ધમાં જણાવી છે કે -

सर्वथा चेद्धरिकृपा न भविष्यति यस्य हि ।
तस्य सर्वमशक्यं स्यान्मार्गेऽस्मिन् सुतरामपि ॥
कृपायुक्तस्य तु यथा सिद्ध्येत् कारणमुच्यते ॥

(સર્વનિર્ણય -૨૨૬)

અહીં શ્રીઆચાર્યચરણના વાક્યમાં અનુગ્રહ બાબતમાં ત્રણ વાકયો બને છે - **૧- હરિકૃપા, ૨-હરિકૃપા ન** અને **૩-હરિકૃપા સર્વથા ન**, હરિ એટલે જ્યાં સર્વ પ્રકારના દુઃખો કોઇ પણ આયાસ વિના જ આપોઆપ જ નાશ પામતા હોય તેવા પરમાનન્દ-હરિ, એ શ્રીહરિની કૃપા એટલે કે એમનો

અનુગ્રહ. અનુગ્રહ એટલે જેને શ્રીઆચાર્યચરણ ષષ્ઠસ્કન્ધ નિબન્ધમાં જણાવે છે -

कृष्णानुग्रहरूपा हि पुष्टिः कालादिबाधिका ।
अनुग्रहो लोकसिद्धो गूढभावान्निरूपितः ॥

(ભાગવતાર્થ નિબન્ધ-૬ કા.૨)

અર્થાત્ - જીવના હીતમાં આડે આવનાર કાલ-કર્મ-સ્વભાવને અવરોધીને જીવનું હીત કરનાર કૃષ્ણના અનુગ્રહ સ્વરૂપની પુષ્ટિ એ અનુગ્રહ છે અને એ અનુગ્રહ લોકસિધ્ધ છે કે જે શાસ્ત્રોમાં ગૂઢભાવે નિરૂપિત છે. આ અનુગ્રહને વધુ સ્પષ્ટ કરતાં શ્રીપુરુષોત્તમચરણ ત્યાંની જ યોજનામાં જણાવે છે - **‘अनुग्रहः कृपाऽपरपर्यायो मनस आत्मनो वा धर्मविशेष इच्छादिव्यतिरिक्तः’** અર્થાત્ -જેને કૃપા એમ બીજા પર્યાયવાચી નામે જાણવવામાં આવે છે તે અનુગ્રહ મનનો અથવા આત્માનો ઈચ્છા વગેરે ધર્મોથી અલગ જ એક ધર્મવિશેષ છે. એમ જણાવી આગળ જણાવે છે - **‘अत एव अनुग्रहस्य इच्छादिभ्यो भेदः । प्रसादकृपादीन्यस्यैव पर्यायाः । एवं च कालादिनिवर्तकोऽनुग्रहापरनामा वीर्यविशेषरूपो भगवद्धर्मः पुष्टिः’** અર્થાત્ ઈચ્છા વગેરે ધર્મોથી અનુગ્રહ ધર્મ જુદો છે, પ્રસાદ-કૃપા વગેરે નામો આ અનુગ્રહના જ પર્યાયવાચી છે. સારાંશમાં જેનું કોઈ નિરાકરણ કરી ન શકે યા જેનું ક્યારેય નિરાકરણ થઈ ન શકે તેવા કાલ-કર્મ-સ્વભાવનું નિવર્તન કરનાર જેને અનુગ્રહ નામે જાણવામાં આવે છે તે વીર્યવિશેષરૂપ ભગવાનનો વિશેષ ધર્મ એ પુષ્ટિ છે. એમ જણાવી તેરમી કારિકાના વ્યાખ્યાનમાં યોજનામાં તેઓશ્રી લખે છે - **‘अत्रोक्ता पुष्टिः स्वार्था जीवहितकारी । भक्तिस्तु परार्था भगवत्कार्योपयोगिनी, सा अनवमे पूर्णे प्रसादे मता । तथा च कारणभेदात् कार्यभेदाच्च तस्या न एतत् स्कन्धार्थता इत्यर्थः’** અર્થાત્ અહીં ષષ્ઠસ્કન્ધમાં જે પુષ્ટિ બતાવી છે તે સ્વાર્થા એટલે કે જીવનું હિત

કરનારી છે. જ્યારે ભક્તિ છે તે પરાર્થા એટલે કે ભગવત્કાર્યમાં ઉપયોગી છે, એ ભક્તિ અનવમ એટલે કે ભગવાનના પૂર્ણ પ્રસાદે-અનુગ્રહે માનવામાં આવી છે, આ પ્રમાણે બન્ને વચ્ચે (ભક્તિરૂપ અનવમ પુષ્ટિ અને આ સ્કન્ધમાં કહેવાયેલી અવમ પુષ્ટિ બન્ને વચ્ચે) કારણનો ભેદ રહેલો હોવાથી (કારણ ભેદ- ૧- સાધારણ અનુગ્રહ અને ૨- પૂર્ણ અનુગ્રહ) અને બન્ને વચ્ચે કાર્યભેદ રહેલો હોવાથી (કાર્યભેદ-૧-જીવનું હિત કરવું અને ૨- પોતાના - ભગવાનના કાર્યમાં ઉપયોગી બનાવવું) તે અનવમ પુષ્ટિ રૂપ ભક્તિ આ સ્કન્ધનો અર્થ નથી.

શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર ષષ્ઠસ્કન્ધમાં બતાવાયેલ પુષ્ટિ એ અવમપુષ્ટિ છે અને ભક્તિપદ સાથે જોડાયેલ પુષ્ટિએ અનવમ એટલે કે પૂર્ણ પ્રસાદરૂપ પુષ્ટિ છે જે ષષ્ઠસ્કન્ધથી ભિન્ન છે. અને તેમ કહેવામાં મહત્ત્વપૂર્ણ કારણ બન્ને વચ્ચે કારણ અને કાર્યનો પણ ભેદ રહેલો છે. તેથી જ શ્રીઆચાર્યચરણ સપ્તમસ્કન્ધ નિબન્ધના આરંભે ષષ્ઠની સપ્તમ સ્કન્ધ સાથે સંગતિ કરતાં જણાવે છે -

एवं त्रिरूपा पुष्टिर्हि षष्ठे यत्नेन रूपिता ।
दुःखाभावः सुखं चापि ह्यैहिकामुष्मिकं द्विधा ॥

અહીં ષષ્ઠસ્કન્ધમાં શ્રીઆચાર્યચરણના કહ્યા અનુસાર સ્વાર્થ-જીવહિત એ દુઃખાભાવ-સુખ, અથવા ઐહિક-આમુષ્મિક બે ભેદે ભગવાનની પુષ્ટિ છે. આ ભગવાનનો સાધારણ અનુગ્રહ છે. એટલે કે આ લોક-પરલોક સમ્બન્ધની જીવને શ્રેય પ્રાપ્તિમાં અવરોધ કરતાં-બાધક બનતાં કાલ-કર્મ-સ્વભાવને અવરોધી ભગવાન જીવને તેનાં શ્રેયની પ્રાપ્તિ કરાવે એ અવમપુષ્ટિ યા સાધારણ અનુગ્રહ છે. આમાં શ્રેયોપલબ્ધિ યા ફલપ્રાપ્તિ ભગવાન કરાવે છે પરન્તુ એમાં પોતાના આનન્દમય સ્વરૂપ સમ્બન્ધી ફલ ભગવાન જીવને દાન નથી કરતાં. જ્યારે અનવમપુષ્ટિ યા અસાધારણ અનુગ્રહમાં તો ભગવાન દ્વારા જીવને પોતાના સ્વરૂપથી અતિરિક્ત - ભગવત્સ્વરૂપ સમ્બન્ધથી ન્યૂન કોઈ પણ પ્રકારના ફલના દાનનો પ્રશ્ન જ નથી રહેતો. તે અર્થમાં જ ભાગવતમાં **‘मुक्तिं ददाति कर्हिंचित्स्म न भक्तियोगम्’** (ભાગ.૫-૬-૧૮) તે ભગવાન ક્યારેક મુક્તિ આપે છે પણ ઘણું કરીને યા ઉતાવળે ભક્તિયોગ નથી આપતાં એમ કહ્યું છે.

આ જ આશય લઈને શ્રીલાલૂભટ્ટજી સ્વકૃત ‘પ્રમેયરત્નાર્ણવ’ ગ્રન્થમાં પુષ્ટિવિવેક પ્રકરણમાં લખે છે - **‘पुष्टिविशेषस्तु केवलं भगवत्स्वरूपफलिकां भक्तिं साधयति । अतः तज्जन्या भक्तिः ‘पुष्टिभक्तिः’ इति उच्यते । तदुक्तं सिद्धान्तमुक्तावल्याम् ‘अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः’ इति । पुष्टिमार्गे पुष्टिभक्तिमार्गे इत्यर्थः’ અર્થાત્** વિશેષ પુષ્ટિ તો કેવલ ભગવત્સ્વરૂપાત્મક ફલને પ્રકટ કરનારી ભક્તિને સાધે છે. તેથી તેવી વિશેષ પુષ્ટિથી ઉત્પન્ન થનારી ભક્તિ એ પુષ્ટિભક્તિ એમ કહેવાય છે. આજ વાત સિદ્ધાન્ત મુક્તાવલીમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે - **‘પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ જ નિયામક છે એમ સ્થિતિ-મર્યાદા છે.’** પુષ્ટિમાર્ગમાં એટલે કે પુષ્ટિભક્તિમાર્ગમાં એમ અર્થ છે.

આ મુજબ લાલુ ભટ્ટજીનું કહેવાનું તાત્પર્ય પણ ભક્તિ સાથે જોડાયેલ પુષ્ટિ શબ્દ ષષ્ઠ સ્કન્ધ નિબન્ધોક્ત અનવમ પુષ્ટિ સાથે જ સંગત થાય છે, કેવલ કાલ-કર્મ-સ્વભાવ નિવર્તિકા સાધારણી-અવમ પુષ્ટિ સાથે નહીં.

ભક્તિ

ભક્તિ શબ્દ શાસ્ત્ર અને વ્યવહારમાં અનેક સ્થળે અનેક પ્રકારે ઉપયોગ થાય છે. તેમાં શાસ્ત્રમાં **‘यस्य देवे पराभक्तिः’** (શ્વેતાશ્વતર ઉપ. ૬-૨૩) વગેરે વાક્યોથી દેવભક્તિ, ગુરુભક્તિ, ભગવદ્ભક્તિ વગેરેનો તેમજ સગુણાભક્તિ, સાત્ત્વિકી ભક્તિ, રાજસી ભક્તિ, તામસીભક્તિ,

નિર્ગુણાભક્તિ વગેરેનો તેમજ કૃષ્ણ ભક્તિ, રામ ભક્તિ, નૃસિંહ ભક્તિ, વિષ્ણુભક્તિ, શિવભક્તિ, ગણેશભક્તિ વગેરેનો વ્યવહાર થતો જોવામાં આવે છે. તેવી જ રીતે વ્યવહારમાં માતૃભક્તિ, પિતૃભક્તિ, પતિભક્તિ, દેશભક્તિ, રાજભક્તિ, સ્વામીભક્તિ, શાસ્ત્રભક્તિ વગેરેનો વ્યવહાર થતો જોવામાં આવે છે.

ભક્તિ શબ્દ સંસ્કૃત વ્યાકરણ અનુસાર **‘भज्’** ધાતુથી બનેલો છે અને **‘भज् सेवायाम्’** થી સેવાના અર્થમાં લેવાય છે અને **‘भज्’** ધાતુને **‘स्त्रियां क्तिन्’** સૂત્રથી **‘क्तिन्’** પ્રત્યય લાગીને ભક્તિ શબ્દ બને છે. **‘भज्’** ને **‘तिप्’** વગેરે લાગી **‘भजति’** વગેરે રૂપ બને છે તેમ **‘क्तिन्’** લાગીને **‘भक्ति’** શબ્દ બને છે.

ભક્તિ શબ્દ એટલો વ્યાપક છે કે વૈદિક સનાતન અથવા ભારતીય સાહિત્યક્ષેત્રે પરાપૂર્વથી અત્યાર સુધીમાં પ્રાપ્ત સાહિત્યમાં તપાસવામાં આવે તો પ્રાયઃ કરીને વેદ-ઉપનિષદ્ સંહિતા - આરણ્યક-પુરાણો - ઉપપુરાણો-રામાયણો - મહાભારત-શૈવ-વૈષ્ણવ વગેરે તંત્રશાસ્ત્રો-સ્મૃતિઓ-સૂત્ર ગ્રન્થો - જુદા જુદા દર્શન શાસ્ત્રો વગેરે ઉપરાંત તે પછીના તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે કેવલાદ્વૈત-દ્વૈત વગેરે વિભિન્ન આચાર્યોના વાદ ગ્રન્થો અને તેમના સમ્પ્રદાયના સિદ્ધાન્ત ગ્રન્થોમાં એટલું જ નહીં અપિતુ જૈન-બૌદ્ધ વગેરે અવૈદિક સમ્પ્રદાયોમાં પણ ભક્તિ શબ્દનો ઉપયોગ ક્યાંક છૂટથી તો ક્યાંક સંકોચથી પણ કરવામાં આવ્યો છે. તેમજ પ્રાચીનકાળથી લઈને આધુનિકો પર્યન્તના જુદા જુદા પ્રાન્તોના સન્તો-મહાપુરુષો-વિદ્વાનો દ્વારા લખાયેલા લેખો, ગદ્ય-પદ્ય વગેરે પ્રકારના દરેક ભાષાના સાહિત્યમાં પણ વધુ-કમ અંશે ભક્તિની ચર્ચા જોવા મળે છે. આ સર્વમાં દરેકે પોતપોતાની રીતે ભક્તિ શબ્દને મૂલવ્યો છે અને તે અનુસાર ભક્તિનો તેમના તેમના ક્ષેત્રોમાં ઉપયોગ કરાયો છે કે કરાઈ રહ્યો છે.

ઉપર જણાવ્યા મુજબ દરેકનો જો અલગ-અલગથી વિચાર કરવામાં આવે તો લેખનનો ઘણો વિસ્તાર કરવો પડે તેથી અત્ર એનાં કેટલાક પાસાઓને જ તપાસીશું કે જેમાં પ્રાયઃ તે બધાના અભિપ્રાયો પર વિચારનો સમાવેશ થઈ જાય.

આ પૈકી કેટલાકોનું માનવું છે કે ભક્તિ એ જ્ઞાનનું પૂર્વાંગ છે, કેટલાકોનું કહેવું છે કે જ્ઞાનને પૂર્વાંગ-ઉત્તરાંગ એમ બે ભાગે વહેંચતાં ભક્તિ એ ઉત્તરાંગ જ્ઞાન છે. આ બંને મતોમાં સરવાળે ભક્તિ એ જ્ઞાનના અન્તર્ગતનો જ એક ભાગ છે. શ્રીશંકરાચાર્યજી ગીતાના અઢારમા અધ્યાયના ભાષ્યમાં ભક્તિને **જ્ઞાનલક્ષણા** એટલે કે જ્ઞાન જ જેનું લક્ષણ છે એવી જ્ઞાનાત્મિકા ભક્તિ જણાવે છે. તેમના મતે ઉપાસનાત્મિકા ભક્તિ એ જ્ઞાનોત્પત્તિનું સાધન અથવા તો તે જ્ઞાનનું પૂર્વાંગ છે. વિચારાત્મિકા ભક્તિ એ ઉત્તરાંગ જ્ઞાન છે અને તેનાં દ્વારા જ બ્રહ્મભાવરૂપ મોક્ષમાં પ્રવેશ થાય છે. હવે જો ભક્તિને જ્ઞાનનું અંગ યા જ્ઞાનાત્મિકાપણું માનવામાં આવે તો શ્રીમદ્ ભાગવતાદિ શાસ્ત્રોમાં જ્ઞાન-કર્મ-ભક્તિને એકબીજાથી સ્વતંત્ર અલગ માર્ગના રૂપમાં કહેવાયેલા હોવાથી તેમજ તે ત્રાણમાર્ગના જુદા જુદા ત્રાણ અધિકારીઓ એકબીજાથી અલગ જ લક્ષણના કહ્યા હોવાથી બે વિપરીત લક્ષણનું એકમાં સાંકર્યનો દોષ પ્રાપ્ત થશે અને માર્ગમાં પણ અવ્યવસ્થા પ્રાપ્ત થશે. શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કન્ધમાં હરિ યોગેશ્વરના વાક્યમાં **‘अञ्जः’**થી શીઘ્રતાથી આત્મલબ્ધી કરનારા ભક્તિમાર્ગના અધિકારી, **‘पुंसाम्’**થી પુરુષ શબ્દથી જ્ઞાનમાર્ગના અધિકારી અને **‘अविदुषाम्’** પદથી અવિદ્વાન્ શબ્દથી કર્મમાર્ગના અધિકારી એ ત્રાણેને માટેના આચરણ અર્થેના અને તે વડે આત્મોપલબ્ધી માટેના ત્રાણ ભાગવત ધર્મો ભક્તિ, જ્ઞાન, કર્મને જણાવ્યા છે. તેવી જ રીતે ત્યાં જ આગળ કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાં પણ-

योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया ।
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोन्योस्ति कस्यचित् ।।

निर्विण्णानां ज्ञानयोगो कर्मयोगस्तु कामिनाम् ।
न निर्विण्णो नातिसक्तो भक्तियोगोस्य सिद्धिदः ॥
(ભાગ.૧૧-૨૦-૬)

અહીં વૈરાગ્યવાળો, વૈરાગ્ય વિનાનો સંસારના વિષયોમાં અનુરક્ત-કામનાવાળો અને વૈરાગ્ય વિનાનો-ઈષદ્ આસક્ત વધુ પડતી આસક્તિના અભાવવાળો એમ અધિકારીના ત્રાણ અલગ લક્ષાણ કહીને તેમના માટેના જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ એમ ત્રાણ માર્ગો કહ્યા છે. ગીતામાં પણ -

लोकेस्मिन् द्विविधा निष्ठा पुराप्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥
(ગીતા. ૩-૩)

અહીં પણ ભગવાને બે પ્રકારની નિષ્ઠા એટલે કે સ્થિતિ જણાવી છે તેમાં સાંખ્યથી, સંખ્યા એટલે બુદ્ધિ અને બુદ્ધિથી યુક્ત થયેલા એટલે સાંખ્ય એટલે કે જ્ઞાનીઓ. તેમની સ્થિતિ જ્ઞાનયોગ વડે જણાવી અને યોગીઓની એટલે કે પ્રવૃત્તિશીલ ઉપાય ચતુરોની સ્થિતિ કર્મયોગ વડે જણાવી. આ રીતે અહીં પણ જ્ઞાન અને કર્મના બે અલગ લક્ષાણવાળા અલગ અધિકારી કહ્યા છે. તેથી ભક્તિ-અધિકારી અલગથી સ્થિતિ અને અલગથી લક્ષાણ એ અનુક્ત સિદ્ધ છે. તેમજ બીજી રીતે વિચારવામાં આવે ત્યારે પણ વ્યવહારમાં **‘भजामि’** અને **‘जानामि’** એમ બે અલગ લક્ષાણથી અલગ-અલગ સ્થળે વ્યવહાર કરવામાં આવે છે. ક્યાંય પણ **‘भजामि’** ની જગ્યાએ **‘जानामि’**નો પ્રયોગ થતો નથી. તેથી ભજન થવું અને જાણવું આ બંને અલગ જ વિષયો હોવાથી ભક્તિ એ જ્ઞાન નથી. અને જ્ઞાન જ જેનું લક્ષાણ છે એ ભક્તિ હોઈ શકે નહીં. કદાચિત્ કહેવું જ હોય તો જ્ઞાનમિશ્ર ભક્તિ એમ પ્રયોગ કરી શકાય. પરંતુ તેમ કહીને પણ જ્ઞાન અને ભક્તિને એમ બંનેને અલગ જ સ્વીકારવા પડશે ત્યારે જ બે નુ મિશ્રાણ કહી શકાય.

તેવી જ રીતે કેટલાકોનું એમ માનવું છે કે વેદના ત્રાણ કાંડો પૈકી ઉપાસનાકાંડ છે અને ભક્તિનો ઉદ્ગમ વેદના ઉપાસના કાંડમાંથી થયેલો છે. તેથી વેદમાં બતાવેલી ઉપાસનામાં જ થોડો ઘણો ફેરફાર થઈને આધુનિક ભક્તિનું સ્વરૂપ સામે આવેલું છે. તેથી ભક્તિ એ એક પ્રકારે ઉપાસના જ છે. તેથી જ શિવની ઉપાસના કરનાર શિવભક્ત, કૃષ્ણની ઉપાસના કરનાર કૃષ્ણ ભક્ત અને ઈન્દ્રની ઉપાસના કરનાર ઈન્દ્રભક્ત એમ કહેવામાં આવે છે. પરંતુ વેદમાં જે નિર્દિષ્ટ ઉપાસના છે તે ઉપાસના મનમાં કોઈ પણ પ્રકારની આશા રાખીને આશા પ્રાપ્ત વિષય સહિતની જ્ઞાનરૂપ જે મનોવૃત્તિ છે એ મનોવૃત્તિપણું એનું રહેલું હોવાથી અને તેવી મનોવૃત્તિનું ગીતા-ભાગવતાદિ ભગવત્ શાસ્ત્રોમાં નિમ્ન કોટીની મનોવૃત્તિ સ્વીકારેલી હોવાથી અને ભક્તિવાળાને માટેની ભગવાનની વિશેષ પ્રિયતા કહેલી હોવાથી ભક્તિ એ ઉપાસના નથી. શ્રીરામાનુજાચાર્યજી મોક્ષના સાધનપણાએ વેદમાં બતાવ્યા મુજબની અનુભવરૂપા ધ્રુવાસ્મૃતિ એ ઉપાસના છે. અને એવી ઉપાસનાને જો ભક્તિનું નામ આપવામાં આવે તો મોક્ષ સાધનપણાએ કરાયેલી ઉપાસના એ સોપાધિક કહેવાશે જ્યારે ભક્તિ નિરૂપધિક હોવાથી એ બે વચ્ચે મેળ બેસતો નથી.

યદિ કોઈ એમ કહે કે પૂજા એ ભક્તિ છે તો **‘भक्तियोगं स लभते एवं यः पूजयेत माम्’** (ભાગ.૧૧-૨૭-૫૩) એમ એકાદશ સ્કન્ધમાં ભગવાને પૂજા અને ભક્તિ વચ્ચે ભેદ બતાવ્યો હોવાથી પૂજા એ ભક્તિ નથી. અહીં પૂજા એટલે વિહિતપણાએ શાસ્ત્રમાં બતાવ્યા મુજબનું શ્રદ્ધાપૂર્વક આરાધ્યનું અર્ચન એ પૂજા છે. અતઃ કેવલ શ્રદ્ધાપૂર્વક આરાધ્યની અર્ચના એ ભક્તિ નથી. યદ્યપિ વેણુગીતમાં શ્રીવ્રજસીમન્તિનીઓએ **‘पूजां दधुर्विरचितां प्रणयावलोकैः’** (ભાગ.૧૦-૨૧-૧૧) એમ ત્યાં પૂજા શબ્દનો

પ્રયોગ કર્યો છે. તેવી જ રીતે નિબન્ધમાં પણ **‘श्रीकृष्णं पूजयेत् भक्त्या यथा लब्धोपचारकैः’** (સ.નિ.નિબન્ધ-૨૨૯) તેમજ **‘अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः’** (ભક્તિવર્દ્ધિની) એમ ભક્તિવર્દ્ધિનીમાં શ્રીઆચાર્યચરણે પૂજા શબ્દનો પ્રયોગ કરેલ છે. તેથી એમ એકવાર અર્થ સામે આવે છે કે શ્રીઆચાર્યચરણને પણ ભક્તિ પદના અર્થમાં પૂજા શબ્દ સ્વીકાર્ય છે. પરંતુ નિબન્ધના વાક્યોમાં **‘विहितत्वेन वेदोक्तविध्यनुसारेण कृष्णं पूजयेत्’** એમ કહ્યું નથી પણ ભક્તિ વડે પૂજવા એમ કહ્યું છે અને ભક્તિ શબ્દ જ્યાં પણ આવે ત્યાં સ્નેહની સ્થિતિ અનિવાર્ય માનવી જોઈએ એમ આગળ આપણે નક્કી કરીશું તે મુજબ ભક્તિ વડે પૂજવા એટલેકે પૂર્ણ સ્નેહોદયના પૂર્વ પોતાનામાં સ્નેહનો ઉદય થાય તે માટે અતિશય આદરપૂર્વકનું યથાસ્થાન યથાયોગ્ય કરણ એ પૂજા છે અને એ પૂજાને અહીં શ્રીઆચાર્યચરણ ઉલ્લેખે છે. તેથી પૂજામાર્ગમાં જે અર્થમાં અને જે પ્રકારે પૂજા પદનો પ્રયોગ છે તે અર્થ અને તે પ્રકારને શ્રીઆચાર્યચરણ જણાવતા નથી. તેથી ઉપર્યુક્ત શ્રીઆચાર્યચરણના બન્ને વાક્યોમાં પ્રયોજાયેલ પૂજા પદ એ ભક્તિસાધનના અર્થમાં એકાદશ સ્કન્ધસ્થ ભગવદ્વાક્યમાં કહેવાયેલ **પૂજા** તથા **પરિચર્યા**ના અર્થમાં કહેવાયેલ છે કે જેને સપ્તમ સ્કન્ધમાં નવધા ભક્તિના મધ્યે **પાદસેવન** તથા **અર્ચન** એમ બે પદથી કહેવાયેલ છે. આ નવધા ભક્તિના નવક જ્યારે અન્ય સર્વ હેતુઓને ત્યાગેલો માત્ર પોતાનામાં સ્નેહનો ઉદય થાય તે હેતુથી પુષ્ટિમાર્ગીયા રીતિથી આત્મનિવેદન કરેલો અધિકારી જ્યારે પોતાની સાધનામાં અનપેક્ષિત સાધન અને પ્રકારને ત્યાગી પૂજા તથા અર્ચના પોતાની સાધનામાં અપેક્ષિત જે સાધને અને પ્રકારે આચરે તે સાધન-પ્રકારથી થનારી પૂજા-અર્ચના અહીં પૂજા પદથી કહી છે. અથવા તો વૈષ્ણવતંત્રોમાં જણાવેલ ષોડશ, શત, સહસ્ર વગેરેથી જે રાજોપચાર છે તે ઉપચારોને અહીં પૂજા પદથી કહેવાયું છે. પણ તે ઉપચારો ભક્તિમાર્ગ અનુસાર કરવા એમ સમજવું. તેમાં પણ તે ઉપચારો પૈકી આવાહન-ઉદ્વાસન નથી. કારણ કે મૂર્તિ રૂપમાં ભગવાન બિરાજમાન હોવાથી આ બન્નેની ભક્તિમાર્ગમાં અપેક્ષા નથી. તેવી જ રીતે દંતધાવન પણ નથી. કારણ કે પુષ્ટિભક્તિમાં બાલભાવ સ્વીકારેલો હોવાથી તેની પણ અનપેક્ષા છે. પાદ્ય એ પ્રભુને સ્નાન સમયે જ સમ્પ્રદાય રીતિ મુજબ થતું હોવાથી તેને અલગથી કરવાની અપેક્ષા નથી. ચન્દન વગેરેથી અભ્યંગ તથા તૈલ (ફુલેલ)થી ઉન્મર્દન વગેરે ઉપચારો રોજેરોજ નહીં કરીને ઉત્સવાદિમાં કરવામાં આવે છે તેથી તે ઉપચાર પણ આ રીતે સિદ્ધ છે. આ બધા જ ઉપચારોના અર્થમાં પૂજા પદ પ્રયોગ છે. પૂજા-પરિચર્યાનો ભેદ શ્રીપુરુષોત્તમચરણે સર્વનિર્ણયનિબંધના આવરણભંગમાં **‘पूजनं च समीपे स्थित्वा यथायोग्यं सेवनम्, परिचर्या तु विप्रकर्षे स्थित्वेति विशेषः । उचितः सत्कार उपचारः’** (સ.નિ.નિબન્ધ આ.ભં.૨૨૯) પૂજન એટલે ભગવત્સ્વરૂપના (મૂર્તિના) સમીપમાં યા સન્નિધાનમાં રહીને જે કંઈ કરવામાં આવે તે અથવા તો ભગવત્સ્વરૂપના અંગે સ્નાન-શ્રૃંગાર-ભોગ ધરવો વગેરે કરવામાં આવે તે અને પરિચર્યા એટલે ભગવત્સ્વરૂપના સન્નિધાન વિના ભગવત્સેવા અર્થે રસોઈ બનાવવી, વસ્ત્ર ધોવા, વાસણ માંજવા વગેરે જે કંઈ પણ કરવામાં આવે તે. એકાદશ સ્કન્ધસ્થ ભગવદ્ વાક્યમાં પૂજાને માટે પૂજકમાં આવશ્યક ગુણ **‘परिनिष्ठा’** થી જણાવ્યો છે અને પરિચર્યા માટે પરિચર્યકમાં આવશ્યક ગુણ **‘આદર’**થી જણાવ્યો છે. **‘निष्ठ’** એટલે **‘नितरां स्थितः’** અર્થથી પૂર્વમાં જણાવેલ પૂજાના અર્થમાં સર્વ પ્રકારે ચિત્ત-શરીર અને વાણીની સ્થિતિ થવી એ પરિનિષ્ઠા છે. **‘दृ’** ધાતુને **‘आ’** ઉપસર્ગ લાગીને બનેલો **‘आदर’** શબ્દ સમ્માન અર્થને દ્યોતે છે. અતઃ પરિચર્યામાં આદર રાખવો કે હોવો એટલે પરિચર્યાના કાર્યમાં મનમાં પદાર્થ બુદ્ધિ નહીં રાખી ભગવદ્ બુદ્ધિ રાખવી અને તે ભગવદ્ બુદ્ધિ મુજબ તે-તે કાર્યોને સમ્માનપૂર્ણ રીતે કરવા તેમજ તે કાર્યોમાં પણ ઉત્તમ-હીનનો ભેદ મનમાં ન રાખી મનમાં તે કાર્યો પ્રત્યે પૂર્ણ સમ્માન રાખવું.

આ પ્રકારે શ્રીભાગવતમાં પણ ભક્તિ-સાધન તરીકે જે પૂજા કહેવાઇ

છે તે પૂજા પણ પૂજામાર્ગીયા નહીં પણ એક સ્વતંત્ર અર્થે કહેવાઈ છે. અતઃ પૂજામાર્ગીયા પૂજા એ ભક્તિ નથી.

આ બાબતોનું બહુ લંબાણ કરવામાં ન આવે અને સારાંશમાં વિચારવામાં આવે તો ભક્તિ શબ્દમાં આવતો **‘भज्’** ધાતુ અને એને લાગેલો **‘क्तिन्’** પ્રત્યય એ ધાતુ પ્રત્યય મળીને બનેલ ભક્તિ પદનો જે અર્થ નિષ્પન્ન થતો હોય તેની સાથે સંગતિ ધરાવતી બાબતોને ભક્તિ કહેવામાં આપત્તિ નથી. પરન્તુ જે બાબત તે અર્થ સાથે સંગત ન હોય તેને ભક્તિ કહેવામાં આપત્તિ છે. **‘भज् सेवायाम्’** થી ભજ્ ધાતુ સેવા-સેવન અર્થને દ્યોતે છે. જેમ કે દેહસેવા, ઔષધસેવા, સ્ત્રીસેવા વગેરે. આ ભજ્ ધાતુને **‘स्त्रियाम् क्तिन्’** સૂત્રથી ક્તિન્ પ્રત્યય લાગીને ભક્તિ શબ્દ બને છે. તેમજ વ્યાકરણ શાસ્ત્રના નિયમ મુજબ **‘प्रकृतिप्रत्ययौ सहार्थं ब्रूतः तयोस्तु प्रत्ययः प्राधान्येन’** આ નિયમ અનુસાર ધાત્વર્થ નો પ્રત્યયના અર્થની પ્રધાનતાએ સંગત રહીને ભક્તિ શબ્દનો અર્થ કરવો જોઈએ. કોષમાં **‘सेव्’** ધાતુથી બનેલ સેવા યા સેવન શબ્દ સેવવું, ઉપભોગ કરવો, શારીરિક ઉપભોગ, અનુગત થવું, પૂજા કરવી વગેરે અર્થમાં હોય છે. હવે સેવ્યના અનુસાર સેવનનો પ્રકાર નક્કી થઈ શકે છે. અને તે પ્રકારના અનુસાર સુસંગત રીતે માનસિકી સ્થિતિથી પ્રત્યયનો અર્થ કરવો જોઈએ. જેમ કે સ્ત્રીસેવા અથવા સ્ત્રી ભક્તિ ત્યારે સ્ત્રીનું સેવન કરવામાં મનની જે સ્થિતિ અપેક્ષિત હોય તે સંગતિથી માનસિકી સ્થિતિની પ્રધાનતાએ પ્રત્યયનો અર્થ કરવો જોઈએ. ત્યારે સ્ત્રીના સેવનમાં માનસિકી સ્થિતિમાં વૈરાગ્ય, ક્રોધ વગેરે અપેક્ષિત નથી. તેમાં મનમાં કામની સ્થિતિ અપેક્ષિત છે તેથી પ્રત્યયાર્થ અહીં કામ થશે. એટલે કે મનમાં કામ થકી સ્ત્રીનું સેવન. તેવી જ રીતે ઔષધસેવા યા ઔષધભક્તિ. ત્યારે ઔષધ સેવનમાં કામ, ક્રોધ કે વૈરાગ્યની અપેક્ષા નથી. ત્યારે ઔષધ સેવનમાં માનસિકી સ્થિતિમાં જિજીવિષા જ સુસંગત છે. એટલે કે જીવવાની ઈચ્છા થકી ઔષધનું સેવન એ ઔષધભક્તિ. તેવી જ રીતે શિવભક્તિ, ગણેશભક્તિ, ઈન્દ્રભક્તિ, રામભક્તિ, કૃષ્ણભક્તિ, ગુરૂભક્તિ, પુત્રભક્તિ, માતૃભક્તિ વગેરે પ્રયોગોમાં તેમાં-તેમાં અપેક્ષિત તે-તે માનસિકી સ્થિતિના અનુસાર ત્યાં-ત્યાં પ્રત્યયાર્થ સમજવો જોઈએ.

આ મુજબ ભક્તિ પદના અર્થની વિચારણામાં અહીં જેની ભક્તિ કરવાની છે અથવા તો અહીં જેનું સેવન કરવાનું છે તે સેવ્ય સાક્ષાત્ પરમાનંદ છે અને પરમાનંદના સેવનમાં બીજા બધા સ્થાને વપરાતા ભક્તિ પદને અપેક્ષિત જેટલી પણ માનસિકી સ્થિતિ છે તે બધી જ સ્થિતિઓની પરમાનંદમાં અપેક્ષા નથી. બલ્કે મુમુક્ષા પણ પરમાનંદ સેવનમાં અનપેક્ષિત છે. અને એ મુમુક્ષાની પણ અનપેક્ષા પરમાનંદમાં છે. એની સ્પષ્ટતા તૃતીય સ્કન્ધના કપિલાખ્યાનમાં જોવા મળે છે. ત્યાં પરમાનંદ સેવન કરી રહેલા ભક્તને માટે **‘अण्वीं गतिं अनिच्छन्त्यः’** (ભાગ.૩-૫-૩૬) એમ મોક્ષ ગતિની અનપેક્ષાવાળા તેવી જ રીતે પંચમ સ્કન્ધમાં **‘सेवानुरक्तमनसामभवोपि फल्गुः’** (ભાગ.૫-૧૪-૪૪) એટલે કે પરમાનંદ સેવામાં અનુરક્ત ચિત્તવાળાઓ માટે તો **‘अभव’** એટલે કે મોક્ષ પણ **फल्गुः’** એટલે તુચ્છ છે. તેવી જ રીતે તૃતીય સ્કન્ધના કપિલાખ્યાનમાં નિર્ગુણાભક્તિની ચર્ચા કરતાં નિર્ગુણા ભક્તિના અધિકારીની માનસિકી સ્થિતિને જણાવતાં ભગવાન જણાવે છે કે **‘सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकतत्त्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः’** (ભાગ.૩-૨૯-૧૩) એટલે કે નિર્ગુણા ભક્તિના અધિકારી ભક્તોને મન ભગવત્સેવાથી અતિરિક્ત પાંચેય પ્રકારના મોક્ષ પણ અસ્વીકાર્ય હોય છે. તેથી જ છઠ્ઠાસ્કન્ધના વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં **‘अपुनर्भवं वा’** એમ વા શબ્દથી મોક્ષનો અસ્વીકાર પણ અત્યન્ત ઉપેક્ષાભાવે કરવામાં આવ્યો છે. આવા બીજા પણ શાસ્ત્રોક્ત સહસ્ર પ્રમાણોથી જાણી શકાય છે કે પરમાનંદ ભજન કરનારા નિર્ગુણ ભક્તોને માટે મુમુક્ષા પણ અનપેક્ષિત હોઈ અસંગત છે.

આ સ્થિતિમાં પરમાનંદનું સેવન બાબતમાં ધર્મીને અનુકૂળ જ ધર્મ માનસિકી સ્થિતિનો વિષય બની શકે છે અને ત્યારે જ પરમાનંદનું સેવન થઈ શકે છે. આનંદ વિરોધી કે આનંદ પ્રતિમુખ કોઈ પણ પ્રકારની માનસિકી સ્થિતિ એ પરમાનંદ સેવનમાં બાધક જ બનશે. કોઈ પણ પ્રકારના અભાવનું ચિન્તન કે કોઈ પણ પ્રકારે દુઃખનું ચિન્તન એ આનન્દ વિરોધી સ્થિતિને જાણાવે છે. મનમાં આનન્દની સ્થિતિ હોતાં અભાવ કે દુઃખનો અનુભવ કે ચિન્તન રહી શકતા જ નથી. પૂર્વમાં દેહસેવા-સ્ત્રીસેવા-ઔષધસેવા વગેરેથી જેટલા પણ પ્રકારે સેવ્ય ઉલ્લેખ્યા છે તેમના સેવનમાં અપેક્ષિત જે-જે પણ પ્રકારની માનસિકી સ્થિતિ હોઈ શકે છે તે દરેકમાં અભાવનું કે દુઃખનું ચિન્તન વધુ-ઓછા અંશે પણ રહેલું જ હોય છે. અતઃ પરમાનન્દ સેવન-ભક્તિમાં જે માનસિકી સ્થિતિની અપેક્ષા છે તે ધર્મરૂપ આનન્દને જાણાવતાં રસ-આનંદની ચર્ચામાં ધર્મરૂપ આનન્દના સર્વાધિક-શિખર સ્થાનીય સ્વરૂપને જાણાવતાં તૈત્તિરીય ઉપનિષદ્‌માં **‘तस्य प्रियमेव शिरः’** (તૈ.ઉપ.બ્રહ્મવિત્ પ્ર.-૪) થી પ્રિયત્વધર્મને કહ્યો છે. આ પ્રિયત્વ ભાવરૂપ છે (**‘भूयते–भावयति–न भावो रसवर्जितः’** એટલે કે ઉત્પન્ન થવું-ઉત્પન્ન થઈ વૃદ્ધિંગત થતાં ભાવન થવું અને એ રસરૂપ હોવું એમ ત્રણથી ભાવરૂપતા) અને આ ભાવ એ મનનો વિષય હોવાથી મનમાં સેવ્ય પરમાનન્દ ભગવાન માટે અતિશય પ્રિયતા થકી પરમાનન્દનું સેવન એ ભક્તિ પદનો અર્થ નિષ્પન્ન થાય છે. અતઃ **‘प्रिञ् प्रिञणे’** ને **‘इमनिच्’** લાગીને બનેલો પ્રેમ શબ્દ એ ભક્તિ પદમાં **‘क्तिन्’** પ્રત્યયનો અર્થ છે તેથી ભક્તિ પદનો અર્થ **પ્રેમ-સેવા** એમ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે ભજનમાં રહેલા હેતુ અનુસાર ભક્તિનું સ્વરૂપ અથવા તો ભક્તિનો પ્રકાર બદલાઈ જાય છે. આ બદલાયેલા સ્વરૂપ યા પ્રકારને જ શ્રીમદ્‌ભાગવતમાં તામસીભક્તિ, રાજસીભક્તિ, સાત્ત્વિકીભક્તિ અને નિર્ગુણા ભક્તિના નામે ઓળખવામાં આવે છે. આ પૈકી ભાગવતોક્ત તામસી

અને રાજસી ભક્તિના પ્રકારને માટે જ શ્રીપ્રભુચરણ ભક્તિહંસમાં જણાવે છે કે - **‘क्रियमाणं श्रवणादिनवकमपि वृत्त्यर्थं चेत् कृषिवत् लौकिकमेव, शौचे गङ्गाजलस्पर्शवच्च, प्रत्युत निषिद्धाचरणात्पापमपि’** એટલે કે કરાતાં શ્રવણ-કીર્તન વગેરે નવક પણ જો વૃત્તિને અર્થે-વૃત્તિના હેતુથી કરવામાં આવતા હોય ત્યારે તો તે કર્મમાર્ગીય પણ નથી. એટલે કે તે ભક્તિમિશ્ર કર્મનો પણ પ્રકાર નથી. પરંતુ તે માત્ર ખેતી કરવા સમાન લૌકિક જ છે. એટલે કે જેનું ફલ કેવળ લૌકિક જ હોય-જેમ ખેતીમાં અનેક કષ્ટ સહન કરી તડકો-ઠંડી-વર્ષા ભૂખ-તરસ બધું જ સહન કરીને પણ તેનાથી તપનું ફલ ઉત્પન્ન થતું નથી પરન્તુ વાવેલા બીજની ઉત્પત્તિ અને તેની જ વૃદ્ધિ થાય છે તેમ મનની ભૂમિમાં વાવેલા વૃત્તિહેતુના બીજ પરિણામે એને જ વૃદ્ધિંગત કરનાર બને છે. તેથી જેમ ગંગામાં સ્નાન, પાન, દર્શન, પ્રાર્થના વગેરે રૂપે ગંગાના સેવનથી પાપનિવૃત્તિપૂર્વક મુક્તિરૂપ અલૌકિક ફલ થાય છે અથવા તો ભગવદીય દેહ સમ્પાદન રૂપ અલૌકિક ફલ થાય છે, એમાં પણ મુખ્ય કારણ ભગવચ્ચરણ રજવાહિની ગંગાનું સેવન જ છે પરંતુ માત્ર શૌચ સમયે શૌચ શુદ્ધિ હેતુ ગંગાજલના સ્પર્શરૂપે ગંગાસેવન કરે તો તેથી પૂર્વોક્ત કોઈ પણ અલૌકિક ફલ નહીં થઈને અથવા તો પુણ્યોત્પત્તિરૂપ લોકસંબંધી ઉત્તમ ફલ નહીં થઈને માત્ર તેથી શૌચ શુદ્ધિ જેટલું ફલ સેવન કરનારને થાય છે. પ્રત્યુત ગંગાજલનો શૌચાર્થે ઉપયોગરૂપ નિષિદ્ધ આચરણ કરવાથી પાપ પણ ઉત્પન્ન થાય છે.

શ્રીપ્રભુચરણના ઉક્ત વાક્યમાં ગંગાજલ સેવનના દૃષ્ટાન્તમાં નિષિદ્ધાચરણ શબ્દનો જે પ્રયોગ થયો છે તે અહીં ભગવદ્ ભક્તિમાં ભગવાન સિવાયના અથવા તો ભગવદ્ ભક્તિ સિવાયના અન્ય હેતુને લઈને ભગવદ્ ભજન કરવું એ નિષિદ્ધાચરણ છે. અને તેથી જ ભગવાનનું વાંગ્મય સ્વરૂપ શ્રીભાગવતના સેવન બાબતમાં શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં જણાવે છે કે **‘કંઠે પ્રાણ આવી જાય તોય ભાગવતનો વૃત્તિ અર્થે ઉપયોગ ન કરવો તેમજ મનમાંથી ભગવાન સિવાય અન્ય સર્વ હેતુને ત્યાગીને કેવલ**

એકમાત્ર ભક્તિ હેતુથી જ ભાગવતનું સદૈવ સેવન કરવું’.

આ હેતુઓનાજ અંતરથી શ્રીભાગવતના તૃતીય સ્કન્ધમાં ભક્તિના દસ પ્રકારોને શ્રીકપિલદેવજીએ જણાવ્યા છે.

अभिसन्धाय यो हिंसां दम्भं मात्सर्यमेव वा ।
संरम्भी भिन्नदृग्भावं मयि कुर्यात् स तामसः ॥

(ભાગ.૩-૨૯-૮)

અર્થાત્ - હિંસા, દંભ અને ઈર્ષ્યાને જ લક્ષમાં રાખીને જે ક્રોધી ભેદ જોનારા મારા વિષે ભક્તિ કરે તે તામસ છે.

હિંસાને ઉદ્દેશી જે ભગવાન વિષે ભાવ એટલે કે ભક્તિ કરે તે તામસ-તામસ પ્રકાર છે, બીજાને છેતરવા માટે દંભપૂર્વક જે ભગવાનની ભક્તિ કરે તે રાજસ તામસ છે (આમાં બીજાની બુદ્ધિ અને ધનનું અપહરણ થાય છે તે આમાં તામસપણું છે), બીજાનો ઉત્કર્ષ સહન નહીં થવાથી ઈર્ષ્યા વડે લોકોની અસાધારણ બુદ્ધિની નિવૃત્તિ અર્થે જે ભગવાનની ભક્તિ કરે તે સાત્ત્વિક તામસ છે.

विषयानभिसन्धाय यश ऐश्वर्यमेव वा ।
अर्चादावर्चयेद्यो मां पृथग्भावः स राजसः ॥

(ભાગ. ૩-૨૯-૯)

અર્થાત્ - વિષયોનું અભિસંધાન કરીને અથવા યશ પ્રાપ્તિ અર્થે અથવા ઐશ્વર્ય પ્રાપ્તિ અર્થે ભેદ જોનારા સૂર્ય વગેરેની પ્રતિમામાં અર્ચન વગેરે રૂપે જે મારામાં ભાવ રાખે છે (આન્તર બુદ્ધિરૂપ) તે રાજસ પ્રકાર છે.

વિષયોને લક્ષમાં રાખી જે ભગવાનની ભક્તિ કરે છે તે તામસ-રાજસ છે, જે યશ-કીર્તિને અર્થે ભગવાનની ભક્તિ કરે એ રાજસ-રાજસ છે અને ઐશ્વર્ય અર્થે જે ભગવાનની ભક્તિ કરે એ સાત્ત્વિક-રાજસ છે.

कर्मनिर्हारमुद्दिश्य परस्मिन् वा तदर्पणम् ।
यजेद्यष्टव्यमिति वा पृथग्भावः स सात्त्विकः ॥

(ભાગ.૩-૨૯-૧૦)

અર્થાત્ - કર્મ એટલે પાપને દૂર કરવા માટે, પરમાત્માને પોતાનાં સર્વ કર્મો અર્પવા માટે, નિત્યકર્મની માફક આ કરવું જ જોઈએ એમ વિચારે જે ભગવાનને ભજે છે તે સાત્ત્વિક પ્રકાર છે.

પ્રાયશ્ચિત્તરૂપે પાપને દૂર કરવા ભગવાનને ભજે છે તે તામસ-સાત્ત્વિક, પોતાના વડે કરાયેલા સર્વ કર્મોને અર્પવાના ઉદ્દેશથી જે હરિને ભજે છે તે રાજસ-સાત્ત્વિક અને મારે ભગવાનનું ભજન કરવું જ જોઈએ તેમ નિત્ય કર્મ પ્રકારે ભગવાનને ભજે છે તે સાત્ત્વિક-સાત્ત્વિક છે.

આ પ્રમાણે નવ પ્રકારના હેતુઓને લઈને નવ પ્રકારની ભક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પૈકી રાજસી ભક્તિનો જે પ્રકાર છે તેને ભક્તિહંસમાં **‘त्रिवर्गकामेन विहितत्वेन क्रियमाणं श्रवणादिनवकं तत् कर्ममार्गीयएव’** એ વાક્યથી. તેવી જ રીતે કપિલવાક્યમાં સાત્ત્વિકી ભક્તિના પ્રકારમાં શ્લોકના પૂર્વાર્ધમાં કહેવાયેલ પ્રકાર એને ભક્તિહંસમાં **‘साक्षान्मोक्षसाधनत्वेन तान्त्रिकदीक्षापूर्वकंविहितत्वेन क्रियमाणः श्रवणादि उपासनामार्गीयः अयमेव वैष्णवमार्गः इत्युच्यते’** વાક્યથી કહેવામાં આવ્યું છે.

આ બધા જ પ્રકારોને જણાવ્યા પછીથી નિર્ગુણાભક્તિને જણાવતાં શ્રીકપિલદેવજી જણાવે છે કે

मद्गुणश्रुतिमात्रेण मयिसर्वगुहाशये ।
मनोगतिरविच्छिन्ना यथागङ्गाम्भसौम्बुधौ ॥
लक्षणं भक्तियोगस्य निर्गुणस्याप्युदाहृतम् ।
अहैतुक्यव्यवहिता या भक्ति पुरुषोत्तमे ॥
सालोक्यसार्ष्टिसामीप्य सारूप्यैकत्वमप्युत ।
दियमानं न गृह्णन्ति विना मत् सेवनं जनाः ॥
स एव भक्तियोगाख्यः ह्यान्त्यन्तिक उदाहृतः ।
येनातिव्रज्यत्रिगुणं मद् भावायोपपद्यते ॥
(ભાગ.૩-૨૯-૧૧ થી ૧૪)

નિર્ગુણાભક્તિના લક્ષણના નિરૂપણમાં ભગવાનના ગુણોના શ્રવણ માત્રથી મનની ભગવાનમાં અવિચ્છન્ન એટલે કે અવિચ્છિન્ન તૈલધારાવત્ ક્ષણમાત્ર રોકાયા વિના ગતિ થવી એ નિર્ગુણા ભક્તિનું લક્ષણ છે. અહીં નિર્ગુણા ભક્તિના પ્રકારમાં કોઈ પણ પ્રકારની ક્રિયાને નહીં લેનારી મનની ગતિ ભગવાનમાં થવી એમ જણાવ્યું છે. તેથી કરીને નિર્ગુણા ભક્તિનો મુખ્ય પ્રકાર એ માનસિકી ક્રિયા છે એમ ભાગવતનું કહેવાનું તાત્પર્ય છે. અથવા તો ભગવાનમાં મનની અવિચ્છિન્ન ગતિપૂર્વક ભગવત્ સમ્બન્ધી ગુણશ્રવણાદિ ઈન્દ્રિયકાર્યનું સાહચર્ય એ નિર્ગુણાભક્તિ છે.

ભાગવતવાક્યમાં **ભગવાનના ગુણશ્રવણ માત્રથી જ મનની ભગવાનમાં કોઈ પણ અવરોધ વિના સતત પ્રવાહ સ્વરૂપની ગતિ થવી** એમ કહ્યું હોવાથી ભગવાનમાં મનની ગતિ થવામાં ગુણ શ્રવણથી અતિરિક્ત અન્ય સર્વ હેતુઓનો નિષેધ થઈ જાય છે. એટલે કે ગુણ શ્રવણ સિવાયના અન્ય કોઈ પણ કારણથી ભગવાનમાં મનની ગતિ થવી એને નિર્ગુણા ભક્તિ કહી શકાય નહીં. ‘**श्रुतिमात्रेण**’ માં માત્ર પદ પ્રયોગથી ‘**यथा यथात्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः**’ (ભાગ.૧૧-૧૪-૨૬) માં જણાવ્યા મુજબ જેમ-જેમ શ્રવણ કરવામાં આવે તેમ-તેમ અન્તઃકરણ દોષનિવૃત્ત થઈ શુદ્ધ થતું જાય તેમ અન્તઃકરણની શુદ્ધિ થતાં ‘**नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते**’ મુજબ કૃષ્ણમાં ભક્તિ થવા રૂપ ભગવાનમાં મનોગતિ થાય છે તેમ કહેવાનું તાત્પર્ય નથી એ જણાવવા માટે ‘**मात्र**’ પદ પ્રયોગ કર્યો છે. એટલે કે બીજા વચમાં કોઈ પણ કારણ વિના જ -માત્ર ગુણશ્રવણ કરતાં જ ભગવાનમાં અવિચ્છિન્ન મનોગતિ થાય છે. દિવાસળી સળગાવતાં જ આખા રૂમાં આગ ફેલાઈ ગઈ એમ કહેતાં જેમ દિવાસળી સળગાવતાં પહેલાં રૂમમાં ગેસની સ્થિતિનું અનુમાન કરવામાં આવે છે કે રૂમમાં પહેલેથી લિકેજને કારણે ગેસ ફેલાયેલો હોવો જોઈએ, તેમ અહીં પણ શ્રવણ થવું અને મનોગતિ થવી તેમાં અહીં રૂમના સ્થાને મન હોવાથી માનસી સાધારણથી અલગ કોઈક સ્વતંત્ર સ્થિતિ અનુમાનવી જરૂરી છે અન્યથા આ લક્ષણ દરેકને માટે લાગુ થઈ જશે કે જે તેમ થતું જોવામાં આવતું નથી. આ સ્થિતિમાં ભગવાનમાં મનની અવિચ્છિન્ન સ્થિતિ માટે મનની જ્ઞાનમાં અથવા પ્રેમમાં બેમાંથી જ કોઈ એકમાં સ્થિતિ જ હોઈ શકે છે, બીજા બધા વિષયોથી મનની ભગવાનમાં અવિચ્છિન્ન સ્થિતિ થવી શક્ય નથી. અતઃ આ જ્ઞાનલક્ષણા ભક્તિનું લક્ષણ નથી પરંતુ પ્રેમલક્ષણાભક્તિનું લક્ષણ છે એ સ્પષ્ટ કરવા માટે ‘**मनसैवानुदृष्टव्यम्**’ (કઠ.ઉપ.૨-૧-૧૧) સ્થિતિને અથવા તો ‘**घारयेचलं मनः**’ (ભાગ.૧૧-૨૦-૧૮) સ્થિતિને અથવા તો ‘**अभ्यासवैराग्याभ्यां तन्निरोधः**’ (પા.યો.સૂ.) સ્થિતિને એટલે કે જ્ઞાનસિદ્ધ કે યોગસિદ્ધ મનનાં સ્વરૂપ યા સ્થિતિને નિષેધવા માટે ‘**मनोगतिः**’ પદથી ભગવાનમાં સ્થિર થયેલું મન એમ નહીં કહીં ભગવાનમાં સતત પ્રવાહવાળું મન જણાવ્યું છે. તેથી જ દષ્ટાંતમાં પણ વાયુરહિત વાતાવરણમાં સ્થિર થયેલા દીપકનું દષ્ટાન્ત નહીં કહી ગંગાના સમુદ્ર તરફના પ્રવાહને દષ્ટાન્તમાં કહ્યું છે. તેથી જ આગળ જઈને ‘**स एव भक्तियोगाख्यः**

ह्यात्यन्तिक उदाहृतः’ (ભાગ.૩-૨૫-૧૪) ગંગાના દષ્ટાન્ત મુજબની મનની ભગવાનમાં અવિચ્છિન્ન ગતિ થવી એ જ ભક્તિયોગ છે. એટલે કે આવી ભક્તિ જ ભક્તિયોગ કહેવાય છે, કારણ કે આવી ભક્તિ જ જીવની ભગવાનમાં પરમાનન્દમાં યોજના કરવા સક્ષમ હોય છે, બીજા કોઈ પણ એટલે કે પૂર્વમાં કહેવાઈ ગયેલા કોઈ પણ પ્રકારની ભક્તિ સક્ષમ નથી હોતી એમ **એવ**કારથી ભારપૂર્વક જણાવ્યું છે. ‘**मद् भावाय**’ એટલે ‘**भगवद्भावाय**’ અથવા ‘**पुरुषोत्तमभावाय**’ એમ અર્થ છે. એટલે કે ક્ષર-અક્ષરરૂપ પુરુષભાવથી ઉત્તમ-પર એવો જે **પુરુષોત્તમભાવ**ને પ્રાપ્ત કરે છે. ક્ષર એટલે તિરોભૂતાનંદ અથવા અલ્પાનંદ, અક્ષર એટલે ગણિતાનન્દ એમ ગીતોક્ત બે પુરુષો અને પુરુષોત્તમ એટલે બે થી ભિન્ન-પર-ઉત્તમ પુરુષ અથવા તો પરમાનન્દ-અગણિતાનન્દ ભગવાન. ક્ષર એટલે ‘**आब्रह्मभुवनाल्लोकाः**’ (ગીતા ૮-૧૬) માં કહેવાયેલા સર્વ કાલાન્તર્ગત રહેલા બ્રહ્મા-સૂર્ય-વરુણ-ઈન્દ્ર વગેરે દેવો અને તેમના-તેમના સંબન્ધી સત્ય-સ્વર્ગ વગેરે લોકો અને ક્ષર ભાવની પ્રાપ્તિ એટલે તે-તે દેવોના સંબન્ધી સાલોક્ય-સાયુજ્ય વગેરેની પ્રાપ્તિ થવી તે. અક્ષર એટલે ‘**सत्यं ज्ञानमनन्तं यद् ब्रह्मज्योतिः सनातनम्, यद्धि पश्यन्ति मुनयः गुणापाये समाहिताः**’ (ભાગ.૧૦-૨૮-૧૫) એમ ભાગવતમાં જણાવ્યા મુજબનું અક્ષર કે જેને વેદોમાં ‘**तद्विष्णोः परमं पदं, सदा पश्यन्ति सूरयः, दिवीव–चक्षुराततम्**’ (   )વગેરે વાક્યોથી વિષ્ણુના ધામરૂપમાં તેમજ યોગી-જ્ઞાનીના ઉપાસ્ય અને ફલરૂપમાં કહ્યું છે તે અક્ષર કે જેને તૈત્તિરીય ઉપનિષદ્‌માં ‘**स एको ब्रह्मण आनन्दः**’ થી ગણિતાનન્દના રૂપમાં કહ્યું છે તે. તે અક્ષરનું સાયુજ્ય એટલે અક્ષરભાવની પ્રાપ્તિ. અને પુરુષોત્તમભાવ એટલે ઉપર્યુક્ત વેદમંત્રમાં જેનાં સમ્બન્ધથી અક્ષરને પરમપદ યા ધામ રૂપમાં કહ્યું છે તે વિષ્ણુ-વ્યાપક કે જેને ગીતાના આઠમા અધ્યાયમાં ‘**पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया, यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम्**’ (ગીતા.૮-૨૨) અથવા ‘**यदा पश्यः पश्यते रुक्मवर्णं**

कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम्, तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति’ (મુંડક ઉપ.૩-૧-૩) આ શ્રુતિમાં જે પરમ પામે છે એમ કહ્યું છે તે પ્રાપ્તિ થવી અથવા તો ‘**ब्रह्मविदाप्नोति परम्**’ (તૈ.ઉપ.બ્રહ્મવિ.પ્ર.-૧) આ શ્રુતિમાં બ્રહ્મવિદ્‌ને જે પરપ્રાપ્તિ કહેવાઈ છે તે પરપ્રાપ્તિ એ પુરુષોત્તમભાવની પ્રાપ્તિ છે અને ભાગવત વાક્યમાં જે **મદ્‌ભાવ**થી કહ્યું છે તે પ્રાપ્ત કરે છે. એટલે કે નિર્ગુણાભક્તિ વડે તે જીવ પરમાનંદનો અનુભવ કરનારો બને છે.

યદ્યપિ જ્ઞાન પણ નિર્ગુણ છે. તેમ છતાં પણ ચિદ્ ધર્માત્મક નિર્ગુણ જ્ઞાન અને પરમાનન્દાત્મિકા નિર્ગુણા ભક્તિ એ બન્નેમાં અન્તર રહેલું છે. બન્નેમાં સાધન-ફલથી ભેદ રહેલો છે. ફલથી વિચારતાં જ્ઞાનનું પર્યવસાન ચિદ્‌રૂપ બ્રહ્મમાં છે અને ભક્તિનું પર્યવસાન પરમાનન્દ બ્રહ્મમાં છે. સાધનથી વિચારતાં જ્ઞાન યદ્યપિ નિર્ગુણ હોવા છતાં તેનાં સાધનો એટલે કે જ્ઞાનોત્પત્તિ માટેના સાધનો સગુણ છે. તેથી જ ભગવદ્ ગીતામાં ‘**सत्त्वात्सञ्जायते ज्ञानम्**’ (ગીતા ૭-૧૭) જ્ઞાનોત્પત્તિ માટે રજોગુણ-તમોગુણથી સર્વથા રહિત વિશુદ્ધ સત્ત્વરૂપ અન્તઃકરણમાં જ્ઞાનનો ઉદય થાય છે અને સત્ત્વશુદ્ધિ વેદોક્ત કર્મ-ઉપાસના વગેરેથી શક્ય બને છે. ગીતામાં આજ સ્થળે ‘**कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम्**’ (ગીતા. ૧૪-૧૬) અર્થાત્ સાત્ત્વિક કર્મનું સારી રીતે આચરણ કરાતાં નિર્મલતા એટલે કે રજોગુણ-તમોગુણ રહિત નિર્મલતા રૂપ સાત્ત્વિક ફલ થાય છે. સાત્ત્વિક કર્મ એટલે ‘**मदर्पणं निष्फलं वा सात्त्विकं निजकर्म तत्**’ (ભાગ.૧૧-૨૫-૨૩) અથવા ‘**नियतं सङ्गरहितं अरागद्वेषतः कृतम् । अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विक–मुच्यते**’ (ગીતા. ૧૮-૨૩) વગેરે વાક્યોમાં જણાવ્યા મુજબનું. ગીતા, ભાગવત વગેરેમાં કર્મને માટે કહેવાયેલા વાક્યોને ભેગા કરી તેનાં સ્વારસ્યે વિચારવામાં આવે ત્યારે **નિયત** એટલે પોતાના વર્ણ અને આશ્રયને અનુકૂલ વેદ-વેદાંગમાં જણાવ્યા મુજબના, તે કર્મોમાં **આસક્ત** રાખ્યા વિના

કરાયેલા (જ્ઞાનાસક્તિ એ સાત્ત્વિક છે, કર્માસક્તિ એ રાજસ છે અને દેહાસક્તિ એ તામસ છે), તે કર્મો પણ પાછા **રાગ કે દ્વેષ** વિના કરાયેલા એટલે કે રાજસ ભાવ- તામસ ભાવની અન્તઃકરણમાં વ્યાપ્તિ વિના કેવલ સાત્ત્વિક અન્તઃકરણે કરાયેલા, સત્ત્વ સંશુદ્ધિરૂપ ફલ સિવાયના શાસ્ત્રોમાં તે-તે કર્મ પરત્વે કહેવાયેલા તમામ પ્રકારના **ફલની આકાંક્ષા** રાખ્યા વિના કરાયેલા, સૂર્ય વગેરે દેવયજન સ્વરૂપના કર્મો કે જે ભગવાનને અર્પણ કરાયેલા હોય તેવાં કર્મો **‘यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम्’** (ગીતા. ૧૮-૫) એવાં યજ્ઞ, દાન, તપ વગેરે કર્મો પાવન કરનારા એટલે કે જ્ઞાનોત્પત્તિ યા મોક્ષને યોગ્ય અન્તઃકરણને સિદ્ધ કરે છે. તેથી **‘त्रैगुण्यविषया वेदाः’** (ગીતા ૨-૪૫) એમ ત્રણ પ્રકારના ગુણોવાળા પુરુષો પ્રતિ કહેવાયેલા વેદોક્ત કર્મોને જ ફલાકાંક્ષા-કર્માસક્તિ રહિત રહીને કરાતાં જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ **‘सत्त्वात्सञ्जायते ज्ञानम्’** કહેવાનું તાત્પર્ય છે. તેથી જ્ઞાનોત્પત્તિનું સાધન એ સગુણ છે.

જ્યારે ભક્તિમાં ભાગવત એકાદશ સ્કન્ધમાં કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાં કહ્યા અનુસાર - કર્તા-**‘निर्गुणो मदपाश्रयः’** (ભાગ.૧૧-૨૫-૨૬), શ્રદ્ધા- **‘मत्सेवायां तु निर्गुणा’** (ભાગ.૧૧-૨૫-૨૭) જ્ઞાન- **‘मन्निष्ठं निर्गुणं स्मृतम्’** (ભાગ.૧૧-૨૫-૨૪) સ્થળ - **‘मन्निकेतं तु निर्गुणम्’** (ભાગ.૧૧-૨૫-૨૫) સુખાનુભવ-**‘निर्गुणं मदपाश्रयम्’** (ભાગ.૧૧-૨૫-૨૯) વગેરે વાક્યોથી પુરુષોત્તમના સમ્બન્ધી સર્વ પદાર્થો નિર્ગુણ કહ્યા હોવાથી પ્રેમની ઉત્પત્તિ માટેના શ્રવણ-અર્ચનાદિ સાધનો પણ ભગવત્સંબન્ધવાળા હોવાથી નિર્ગુણ જ છે અને ભક્તિનું પર્યવસાન પરમાનન્દમાં હોવાથી તે ફલની નિર્ગુણતા માટે કંઈ કહેવાનું હોય જ નહીં તેમ છતાં પણ પરમાનન્દમાં પર્યવસાન પામેલી ભક્તિમાં થનારો સુખાનુભવ પણ ઉપર મુજબના વાક્યથી ભગવદાશ્રયે થનારો સુખાનુભવ પણ નિર્ગુણ જ છે. તેથી સાધનદશામાં પણ શ્રવણ-કીર્તન-સેવા વગેરેમાં પણ સાધકને ક્લેશ નહીં કિન્તુ સુખાવાપ્તિ જ છે અને તે સુખ પણ ભગવન્નિષ્ઠ હોવાથી નિર્ગુણ છે. બીજી વાત એમ પણ છે કે ઉપનિષદ્માં **‘अनश्नन् अन्यः’** (મુંડક ઉપ.૩-૧-૧) વાક્યમાં જે પ્રકારે પિપ્પલના ફલનો એટલે કે સાંસારિક ગુણાત્મક વિષયોનો ભોગ જીવ કરે છે તે પ્રકારે ભોગ બ્રહ્મનો-ભગવાનનો નથી હોતો એમ ભગવાનના ભોગનો નિષેધ કર્યો છે. શ્રીઆચાર્યચરણ પણ **‘मनुते नैव लौकिकम्’** (શિક્ષાશ્લોકાઃ) વાક્યથી ભગવાન લૌકિક વિષયોનો અંગીકાર કરતા નથી એમ જણાવે છે. તેમ છતાં પણ ગીતામાં **‘पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः’** (ગીતા. ૯-૨૬) આ વાક્યમાં ભગવાન પોતે અશન-ભોગ કરે છે એમ કહ્યું છે. ભોગનો નિષેધ અને વિધાન કરતાં બન્ને શાસ્ત્રોના વાક્યો તથા ઉપર્યુક્ત શ્રીઆચાર્યચરણનું વાક્ય એમ ત્રણેને સાથે રાખી વિચારતાં ભગવાનનો ભોગ જીવવત્ વિષયોની વાસના પરકનો લૌકિક પ્રકારનો નથી હોતો. વિષયો એ ત્રિગુણાત્મક હોવાથી પ્રાકૃત-લૌકિક ભોગ ભગવાનનો નથી. પરન્તુ ત્રિગુણાત્મકતા રહિત માત્ર આનન્દ સ્વરૂપનો ભગવાન ભોગ કરે છે. તેથી પત્ર-પુષ્પ-ફલ-જલ વગેરે અથવા સુવર્ણ-રત્ન-લવંગ વગેરે પુષ્પ સ્થાનીય, તામ્બૂલ વગેરે પત્ર સ્થાનીય, દૂધ-શેરડીનો રસ-ફળોના રસ વગેરે જલ સ્થાનીય, અન્ન-વસ્ત્ર વગેરે ફલ સ્થાનીય આ સર્વ પદાર્થોનો જો જીવ વાસના થકી ભોગ કરે ત્યારે એ લૌકિક છે કારણ કે જે સંઘાતોથી જીવ પ્રતિબદ્ધ છે તે સર્વ સંઘાતો વૈકારિક-તેજસ્-તામસ્ ત્રિવિધ અહંકારથી બનેલા છે તેથી ગુણમય-પ્રાકૃત છે. તેમ છતાં પત્ર-પુષ્પાદિ પદાર્થો જ્યારે ભગવાનમાં સંબન્ધવાળા થાય છે જ્યારે તે જીવભોગાર્થ ન રહી ભગવદ્ ભોગાર્થ હોય છે ત્યારે ભગવાન ગુણાતીત હોવાથી તેમના સમ્બન્ધનું સર્વ કંઈ અપ્રાકૃત-નિર્ગણ હોવાથી તે પદાર્થો પણ નિર્ગુણ હોઈ તેનો ભોગ ભગવાન કરે છે. પદાર્થો જીવ સંબન્ધના ન રહી ભગવત્ સમ્બન્ધવાળા થાય તે માટે ભગવાને ઉક્ત શ્લોકમાં ચાર વાક્યો મૂક્યા છે તેમાં **‘मे’** મારા માટે અથવા **‘अहं’** હું. હું

એટલે પુરુષોત્તમ. પુરુષોત્તમના સંબન્ધથી જ નિર્ગુણતા સંપાદન થાય છે. બીજું પદ **‘भक्त्या प्रयच्छति’** ભક્તિ-પ્રેમ પૂર્વક મને અપાયેલું હોય, બીજા કોઈ પણ કારણસર અપાયેલું હોય તેનો હું-પુરુષોત્તમ ભોગ કરતો નથી. ત્રીજું વાક્ય **‘भक्त्युपहृतम्’** ભક્તિ વડે ઉપહૃત. એટલે કે તે પત્ર-પુષ્પાદિ પદાર્થો જે સ્થળેથી લેવામાં આવે ત્યાંથી લઈને ભગવાનને તે સમર્પિત થતાં સુધીમાં કેવલ એકમાત્ર સ્નેહ જ તે પદાર્થો સાથે સંકળાયેલો હોવો જોઈએ અને ચોથું વાક્ય **‘प्रयतात्मनः’** તે પત્ર-પુષ્પાદિ દ્રવ્ય કામ વગેરે સર્વ દોષોથી રહિત નિયત અન્તઃકરણવાળાનું હોવું જોઈએ. આ પ્રમાણે પુરુષોત્તમ પરબ્રહ્મની ભક્તિ પ્રાપ્તિ અર્થે જે પણ સાધન કરવામાં આવે છે તે સકલ ત્રિગુણાત્મક વાસનાના નાશ સહ ભગવાનમાં પરમ પ્રેમને ઉત્પન્ન કરનારા છે.

આનાથી એમ નથી માની લેવાનું કે ભક્તિની સિદ્ધ દશામાં ભગવાનમાં પૂર્ણ પ્રેમના ઉદ્‌ગમ અનન્તર ભગવાનને સમર્પયેલા પત્ર-પુષ્પાદિ પદાર્થોનો ભગવાન દ્વારા ભોગ થાય છે યા સ્વીકારે છે. કારણ કે ભગવત્ સ્પર્શ વિનાના કોઈ પણ પદાર્થને નિર્ગુણ કહી શકાય તેમ નથી. ગીતાના ચૌદમા અધ્યાયમાં પ્રકૃતિના ત્રણ ગુણોની ચર્ચા કરીને અન્તમાં ભગવાન જણાવે છે કે - **‘मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते । स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते’** (ગીતા. ૧૪-૨૬) કોઈ પણ પ્રકારના અન્ય હેતુઓ વગેરેની મિલાવટ વિનાની જે (નિર્ગુણા) ભક્તિ તેનાં વડે જે મારું સેવન-સેવા-ભક્તિ કરે છે તે આ ત્રણે ગુણોથી અતીત થઈ જાય છે, તેમજ **‘मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते’** (ગીતા. ૭-૧૪) એકમાત્ર મને જ પ્રપન્ન થઈને જે રહે છે તે આ ત્રિગુણાત્મિકા માયાને તરે છે વગેરે વાક્યોથી ભગવત્ સ્પર્શ વિના કોઈ પણ સાધન-ઉપાય ત્રિગુણથી પર કરવા સક્ષમ નથી. તેમજ શ્રીમદ્‌ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં કહેવાયું છે કે -

कर्मणा कर्मनिर्हारो न ह्यात्यन्तिक इष्यते ।

अविद्वदधिकारित्वात् प्रायश्चित्तं विमर्शनम् ॥ १ ॥
नाश्नतः पथ्यमेवान्नं व्याधयोऽभिभवन्ति हि ।
एवं नियमकृद्राजन् शनैः क्षेमाय कल्पते ॥ २ ॥
तपसा ब्रह्मचर्येण शमेन च दमेन च ।
त्यागेन सत्यशौचाभ्यां यमेन नियमेन च ॥ ३ ॥
देहवाग्बुद्धिजं धीरा धर्मज्ञाः श्रद्धयान्विताः ।
क्षिपन्त्यघं महदपि वेणुगुल्ममिवानलः ॥ ४ ॥
केचित् केवलया भक्त्या वासुदेवपरायणाः ।
अघं धुन्वन्ति कार्त्स्न्येन नीहारमिव भास्करः ॥ ५ ॥
न तथा ह्यघवान् राजन् पूयेत तप आदिभिः ।
यथा कृष्णार्पितप्राणस्तत्पूरुषनिषेवया ॥ ६ ॥
सध्रीचीनो ह्ययं लोके पन्थाः क्षेमोऽकुतोभयः ।
सुशीलाः साधवो यत्र नारायणपरायणाः ॥ ७ ॥
प्रायश्चित्तानि चीर्णानि नारायणपराङ्मुखम् ।
न निष्पुनन्ति राजेन्द्र सुराकुम्भमिवापगाः ॥ ८ ॥
सकृन्मनः कृष्णपदारविन्दयोर्निवेशितं तद्गुणरागि यैरिह ।
न ते यमं पाशभृतश्च तद्भटान् स्वप्नेऽपि पश्यन्ति हि चीर्णनिष्कृताः ॥ ९ ॥
(ભાગ.૬-૧-૧૧ થી ૧૯)

અર્થાત્ - (શુકદેવજી બોલ્યા) કૃચ્છ્રચાન્દ્રાયણાદિ રૂપ પ્રાયશ્ચિત્ત કર્મથી કર્મનો આત્યન્તિક-સબીજ નાશ થતો નથી, કારણ કે કર્મનો અધિકારી દેહાભિમાની-અજ્ઞાની છે અને અજ્ઞાનની દશામાં પાપવાસનાનો સમ્પૂર્ણ નાશ થતો નથી, તેથી સાચું પ્રાયશ્ચિત્ત તો તત્ત્વજ્ઞાન જ છે ।। ૧ ।। જેમ પથ્ય અન્ન

ખાનારો વ્યક્તિ શારીરિક પીડાથી પીડાયા વિના સ્વસ્થ રહે છે, તેમ હે રાજા પરીક્ષિત ! નિયમોનું યથાવિધિ પાલન કરનારો ધીરે ધીરે રાગદ્વેષાદિથી નિવૃત્ત થઈ કલ્યાણને પામવા સમર્થ બને છે ॥ ૨ ॥ જેમ જમીનમાંથી ઊગી નીકળેલાં વાંસોના સમૂહને દાવાનળ બાળીને ભસ્મ કરી નાંખે છે, તેમ ધીર, ધર્મને જાણનારા શ્રદ્ધાવાળા લોકો તપ વડે, બ્રહ્મચર્ય વડે, મનના નિગ્રહ વડે, બાહ્ય ઈન્દ્રિયોના નિગ્રહ વડે, ત્યાગ વડે (દાન વડે), સત્ય અને પવિત્રતા વડે, પ્રાણાદિના સંયમ વડે, જપ-અર્ચનાદિ નિયમ વડે કાયા-વાણી-બુદ્ધિથી ઉત્પન્ન થયેલા મોટાથી મોટા સઘળા પાપનો નાશ કરે છે ॥ ૩-૪ ॥ કેટલાક વિરલ પુરુષો કે જે ભગવાન વાસુદેવમાં પરાયણ થઈને રહેલા છે તેવા પુરુષો (પાપ નાશ માટે અન્ય કોઈ સાધન નહીં કરીને) જ્ઞાનાદિના મિશ્રાણ વિનાની કેવલ (પ્રેમાત્મિકા) ભક્તિ વડે જ પોતાના સકલ પાપોનો (સબીજ) સમ્પૂર્ણતાથી એ રીતે નાશ કરે છે જેમ સૂર્ય ધુમ્મસનો નાશ કરે છે ॥ ૫ ॥ હે રાજન્ ! ભગવાનને પોતાના પ્રાણો અર્પણ કરી રહેવાથી તેમજ જેમણે શ્રીકૃષ્ણને પોતાના પ્રાણો અર્પણ કરી રાખ્યા છે તેવા ભગવદીય વૈષ્ણવોની સેવાથી પાપવાળો જેવો શુદ્ધ થાય છે તેવી શુદ્ધિ તપ વગેરે (આ પહેલાં કહેવાઈ ગયા મુજબ તપ-બ્રહ્મચર્ય વગેરે)થી થતી નથી ॥ ૬ ॥ આ ભક્તિમાર્ગ જ સર્વ પ્રકારના ભયથી રહિત, સુખકર-કલ્યાણસ્વરૂપ સર્વ શ્રેષ્ઠ છે, કારણ કે આ માર્ગ પર સાથે ચાલનારા સહચરો (એ બીજા-ત્રીજા નહીં પણ) ભગવાન નારાયણમાં પરાયણ થઈને રહેલા સતત ભગવાનની સેવા-ભક્તિના અનુષ્ઠાનમાં અભ્યાસરત રહેનારા લોકો રહેલા હોય છે ॥ ૭ ॥ જેમ મદિરાથી ભરાયેલા ઘડાને ગંગા અથવા નદીઓ પવિત્ર કરી શકતી નથી, તેમ ભગવાન નારાયણથી પરાઙ્મુખ-બહિર્મુખ-વિમુખ લોકોને કરાયેલ પ્રાયશ્ચિત્ત પણ પવિત્ર કરી શકતા નથી ॥ ૮ ॥ જેણે ભગવાનના અલૌકિક ગુણોમાં અનુરાગવાળા પોતાના મનનો ભગવાનના યુગલચરણોમાં એકવાર પણ નિવેશ કરાવ્યો છે તે લોકોએ વાસ્તવિક પ્રાયશ્ચિત કરી લીધું છે અને તે લોકો સ્વપ્નમાં પણ ક્યારેય યમરાજ અથવા તેમના પાશધારી દૂતોને જોતાં નથી ॥ ૯ ॥

ઉપર મુજબ શ્રીમદ્ ભાગવતના વાક્યોમાં દાન-વ્રત-તપ વગેરે સાધનો શુદ્ધિ માટેના છે પરન્તુ તે સાધનોથી પણ આત્યન્તિક એટલે કે સબીજ એટલે કે કર્મનું બીજ વાસનાસહિત કર્મોનો નાશ થતો નથી. આત્યન્તિક શુદ્ધિ એ કેવલાભક્તિ એટલે કે જ્ઞાન-કર્મ-ઉપાસના-યોગ વગેરેના મિશ્રાણવાળી નહીં પણ માત્ર પ્રેમાત્મિકા ભક્તિથી શક્ય બને છે.

આ ઉપરાન્ત શ્રીભાગવત એકાદશ સ્કન્ધમાં કૃષ્ણ-ઉદ્ધવસંવાદમાં પણ-

ते नाधीतश्रुतिगणा नोपासितमहत्तमाः ।
अव्रतातप्ततपसः सत्सङ्गान्मामुपागताः ॥
केवलेन हि भावेन गोप्यो गावो खगा मृगाः ।
येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसा ॥
यं न योगेन सांख्येन दानव्रततपोऽध्वरैः ।
व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद् यत्नवानपि ॥ ३ ॥
(ભાગ.૧૧-૧૨-૭ થી ૯)

એકાદશ સ્કન્ધસ્થ શ્રીકૃષ્ણના આ વાક્યોમાં પ્રથમ યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, ઈષ્ટ-પૂર્ત કર્મો, દક્ષિણા, વ્રતો, યજ્ઞો, વેદો, તીર્થો, નિયમ, યમ વગેરે મને વશ કરી શકતા નથી એમ સ્વપ્રાપ્તિમાં આ બધા જ સાધનોનો નિષેધ કરી, ફક્ત સત્સંગ જ એટલે કે મારા પ્રેમી ભક્તોનો સંગ જ સર્વ પ્રકારની આસક્તિઓનો-આલોક-પરલોક સંબન્ધની અને તે ઉપરાન્તની સર્વ આસક્તિઓ એટલે કે ભોગાસક્તિ, દેહાસક્તિ, કર્માસક્તિ, જ્ઞાનાસક્તિ, સુખાસક્તિ વગેરે સર્વ પ્રકારની આસક્તિઓનો નાશ કરી અન્તઃકરણમાં એકમાત્ર મને જ અવરોધી મને વશ કરી લે છે એમ જણાવી, ત્યારબાદ દિતિપુત્રો, પશુઓ, પક્ષીઓ, ગન્ધર્વો, અપ્સરાઓ, નાગો,

સિદ્ધો, ચારણો, ગુહ્યકો, વિદ્યાધરો, મનુષ્યોમાં વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ, અન્ત્યજો વગેરે રાજસ-તામસ પ્રકૃતિના લોકો અલગ-અલગ તે-તે યુગોમાં થઈ ગયા તેવા ઘણાં લોકો મારા પરમ પદને પામ્યા છે જેમાં દષ્ટાન્તરૂપે વૃત્રાસુર, ભાઈઓ સહિત પ્રહ્લાદ, વૃષપર્વા, બલિ, બાણાસુર, મય, તેમજ વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જામ્બવાન, ગજેન્દ્ર, જટાયુ, તુલાધાર વૈશ્ય, વ્યાધ, કુબ્જા, વ્રજમાં રહેતી ગોપીઓ તથા યજ્ઞ પત્નીઓ તથા તે ઉપરાંતના પણ બીજાઓ, એમ બધાના નામો ગણાવી આગળ કહે છે - આ બધાઓ ન તો વેદનું અધ્યયન કરેલા હતા કે ન કોઈ મોટી ઉપાસના કરી હતી, તેમજ કોઈ વ્રત કે તપ પણ કર્યા ન હતાં, કેવલ સત્પુરુષો-ભગવદીય વૈષ્ણવોના સંગથી જ મારા સમીપ આવી શક્યા - મને પ્રાપ્ત કરી શક્યા ॥ ૧ ॥ ગોપીઓ, ગાયો, પક્ષીઓ, પશુઓ, તેમજ બીજા દેવયોનિમાં રહેલા નાગ વગેરે પ્રાણિઓ કે જે મૂઢબુદ્ધિ હતા તે લોકોએ કેવલ ભાવ વડે મને અનાયાસ - શીઘ્ર જ પ્રાપ્ત કર્યા ॥ ૨ ॥ યોગ વડે, સાંખ્ય વડે, દાન-વ્રત-તપ-યજ્ઞો વડે, વ્યાખ્યા-સ્વાધ્યાય-સંન્યાસ વડે અનેક યત્ન કરવા છતાં પણ (ઉપર્યુક્ત કેવલ ભાવ વિના) મને પ્રાપ્ત કરી શકતા નથી ॥ ૩ ॥ એમ જણાવી ઉપર કહેલો કેવલભાવ એ શું છે એની સ્પષ્ટતામાં આગળના ત્રણ શ્લોકો વડે જણાવ્યું કે વિરહભાવમાં પ્રકટ થતો જે વિગાઢભાવ છે કે જેને બીજા શબ્દોમાં સ્નેહાત્મક સર્વાત્મભાવ કહેવામાં આવે છે તે ભાવ વડે જ મારી પ્રાપ્તિ શક્ય છે એમ સ્કન્ધ ૧૧ ના અધ્યાય ૧૨ ના શ્લોક ૧ થી ૧૨ સુધીનું કહેવાનું તાત્પર્ય છે.

જેને શ્રીઆચાર્યચરણ સંન્યાસનિર્ણય ગ્રન્થમાં **‘भावो भावनया सिद्धः साधनं नानन्यदिष्यते’** વાક્યથી પરમ સાધનના રૂપમાં ભાવના વડે સિદ્ધ થયેલો **ભાવ** જણાવે છે તે ભાવને જ ભગવાન એકાદશ સ્કન્ધના બારમા અધ્યાયમાં ત્રણ વિશેષણથી જણાવે છે. આઠમાં શ્લોકમાં **કેવલભાવ,** દસમા શ્લોકમાં **વિગાઢ ભાવ** અને પંદરમાં શ્લોકમાં **સર્વાત્મભાવ** એમ ત્રણ વિશેષણો જણાવે છે. આમાં જે **કેવલ ભાવ** છે તેને શ્રીભાગવત તૃતીયસ્કન્ધના બત્રીસમાં અધ્યાયના બાવીસમાં શ્લોકમાં **સર્વભાવ** નામે જણાવ્યો છે જેને શ્રીઆચાર્યચરણ ત્યાં જ સુબોધિનીમાં જણાવે છે - **‘यावन्ति रूपाणि भजनीयानि ऐहिकपारलौकिकसाधनानि, देहमारभ्य ईश्वरपर्यन्तं यावन्तो भजनीयाः यैर्यैर्भावैश्च ते सर्वे भावा भगवति कर्तव्या इति सर्वभावः ।’** અર્થાત્ ઐહિક અને પારલૌકિક સાધન રૂપ જેટલા પણ ભજનીય રૂપો છે, દેહથી લઈને ઈશ્વર (અન્તર્યામી) પર્યન્ત જેટલા જે-જે ભાવો વડે ભજન કરવા યોગ્ય તે બધા જ (પતિ-પુત્ર-સ્વજન-દેવ વગેરે બધા જ) ભાવો ભગવાનમાં કરવા એ સર્વભાવ છે. ભક્તિવર્દ્ધિનીમાં જણાવાયેલ **અવ્યાવૃત્તિ પૂર્વક શ્રવણ-કીર્તનાદિ સહિતનું કૃષ્ણભજન** એમાં આ સર્વભાવ સિદ્ધ થાય છે. સંન્યાસનિર્ણયમાં જે **ભાવના** કરવાનું જણાવ્યું છે તે પ્રાથમિક દશામાં આ પ્રકારે જ અવ્યાવૃત્તિપૂર્વક શ્રવણ-કીર્તનાદિ સહિત કૃષ્ણભજન દ્વારા સ્નેહાત્મક ભાવનું ભાવન થાય છે તે ભાવનથી જ તે ભાવ પ્રેમ-આસક્તિ-વ્યસન નામે વૃદ્ધિંગત થાય છે. વ્યસન શબ્દનો અર્થ શ્રીઆચાર્યચરણ દશમસ્કન્ધ જન્મપ્રકરણમાં **‘गौर्भूत्वाश्रुमुखीम्’** ની સુબોધિનીમાં **‘व्यसनं अप्रतिकारदुःखम्’** થી જેનો પ્રતિકાર શક્ય ન હોય તેવા દુઃખને જણાવે છે. આ પ્રકારના વૃદ્ધિંગત ભાવને જ ભગવાન એકાદશ સ્કન્ધમાં **વિગાઢભાવ** એટલે કે વિશેષ પ્રકારે ગાઢો બનેલો ભાવ એમ જણાવે છે. જેમ દૂધ પ્રવાહી-સરલતાથી વહી જવાના સ્વરૂપનું હોય છે પરંતુ અગ્નિ ઉપર મૂકતાં તે ધીરે ધીરે ગાઢું બનતું જાય છે અને તેની પ્રવાહિતા ઘટતી જાય છે તેમ દૂધ સ્વરૂપનો કેવલભાવ સ્નેહપૂર્વકના નિરન્તર ચિન્તનથી ગાઢો બનતો જાય છે અને વ્યસન સ્વરૂપને પામતાં તે વિગાઢ બને છે. ભાવની આ પ્રગાઢતાને જ ભગવદ્‌વાક્યમાં વિગાઢભાવ કહ્યો છે. આ વિગાઢભાવનેજ એકાદશ સ્કન્ધ ભગવદ્વાક્યમાં આગળ સર્વાત્મભાવના નામે શરણાગતિના કારણરૂપમાં ભગવાને ઉદ્ધવજીને ઉપદેશ્યો છે કે જેને બ્રહ્મસૂત્રના તૃતીય અધ્યાયના ત્રીજા પાદના તેંતાલીસમાં સૂત્રમાં **‘प्रदानवदेव तदुक्तम्’** માં આ સર્વાત્મભાવ

ભગવાન જ્યારે અને જેને આપે ત્યારે અને તેને જ મળી શકે છે એમ જણાવ્યું છે. આ સર્વાત્મભાવના સ્વરૂપને જણાવતાં ઉપર્યુક્ત સૂત્રના ભાષ્યપ્રકાશમાં શ્રીપુરુષોત્તમચરણ જણાવે છે કે - **‘एवं च अत्र सर्वात्मभावोक्तिसन्दर्भे ‘रामेण सार्धम्’ इत्यत्र मय्यनुरक्तचित्ता इति भक्तविशेषणादिभ्यः अनुरागात्मा भगवददर्शने तीव्रवियोगाधिप्रभृतिजनको विगाढभावः परमासक्तिरूपो य उक्तः स सर्वात्मभावः शरणागतिकारणत्वेनोपदिष्ट इति सिद्ध्यति । तत्र परमासक्तिश्च आनन्दजन्यैव । लोके आनन्दजनक एव आसक्तिदर्शनात् । एवं च यत् यज्जनकं, तत् तद्गुणकं तदात्मकं चेति व्याप्तेः पूर्वं सिद्धत्वात् । सर्वोपि आत्मनो भाव इति सुबोधिन्यां व्याख्यानात् । श्रुतौ निरवध्यानन्दरूपत्वेन रसरूपत्वेन पुत्रादिभ्योपि प्रेयस्त्वेन च सिद्धस्य आत्मनो यो भावो धर्मः प्रियत्वाख्य आनन्दात्मा, यन्मात्रां सर्व उपजीवन्ति, स सर्वः तदंशिभूतो भगवद्धर्म ऐश्वर्यादिवद् अतिरिक्त एव ज्ञेयः । तस्य दानं च अनुभावनम्। युक्तं च एतत् । अन्यथा सर्वेषामेव तथा स्फुरेदिति । अतो विगाढभावेन सर्वत्र तथानुभवरूपं यत्कार्यं तादृशः प्रियत्वानुभवः सर्वात्मभाव इति फलति।’**

(એકાદશ સ્કન્ધમાં ભગવાને ઉદ્ધવને ઉપદેશ આપતાં **‘याहि सर्वात्मभावेन ’** એમ સર્વાત્મભાવ જણાવ્યો છે ત્યાં -) અહીં સર્વાત્મભાવ કહ્યો છે તેના સન્દર્ભમાં **‘रामेण सार्धम्’** (ભાગ.૧૧-૧૨-) બલરામની સાથે આ સ્થળે **‘मय्यनुरक्तचित्ताः’** એમ ભક્ત માટેના વિશેષણ વગેરે વડે અનુરાગ સ્વરૂપનો ભગવાનનું નેત્રોથી દર્શન નહીં હોતાં તીવ્ર વિયોગ વગેરેનું માનસિકનું દુઃખ વગેરેને ઉત્પન્ન કરનાર પરમ આસક્તિરૂપ જે વિગાઢભાવ કહ્યો છે તે સર્વાત્મભાવ અહીં શરણાગતિમાં કારણરૂપે ઉપદેશ કર્યો છે એમ સિદ્ધ થાય છે. આ જે પરમાસક્તિ છે તે આનન્દથી જ ઉત્પન્ન થયેલી છે. લોકમાં જેનાંથી આનન્દ થાય તેમાં જ આસક્તિ થયેલી જોવામાં આવતી

હોવાથી. તેથી જે જેને ઉત્પન્ન કરનાર છે તે તેના ગુણવાળું તદાત્મક હોય છે એમ સાર્વજનિક નિયમ પૂર્વમાં (અણુભાષ્યમાં આનાં પૂર્વ) સિદ્ધ થયો હોવાથી, તેમજ આત્મા-અન્તઃકરણનો બધો જ -સર્વભાવ એ સર્વાત્મભાવ છે એમ સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણે વ્યાખ્યાન કર્યું હોવાથી. શ્રુતિમાં (**‘आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति’**)નિરવધિ આનન્દ રૂપતાએ રસરૂપતાએ અને પુત્ર વગેરેથી પણ અધિક પ્રિયરૂપે સિદ્ધ થયેલો અન્તઃકરણનો જે ભાવ એટલે કે ધર્મ આનન્દ સ્વરૂપનો પ્રિયત્વના નામે કહેવાયેલો, જેની માત્રા વડે સર્વનો નિર્વાહ થાય છે, અથવા જેનાં સર્વ આશ્રિત છે તે સર્વ તેનો અંશી રૂપ ભગવદ્ધર્મ ઐશ્વર્ય-વીર્ય વગેરેની માફક અલગ જ જાણવો. તેનું દાન અને તેનું અનુભાવન. આ અર્થ યુક્ત છે. (આ ભાવનું દાન પણ ભગવાન જ કરે છે અને તેનું અનુભાવન પણ ભગવાન થકી જ છે એમ આ અર્થ યુક્ત છે). જો એમ ન હોય તો (ભગવાનના દાન વિના પણ અન્ય સાધને આ ભાવ ઉપલબ્ધ થતો હોય તો) બધાને જ આ ભાવ સ્ફુરે. તેથી વિગાઢભાવ વડે સર્વત્ર તે પ્રકારનું અનુભવરૂપ જે કાર્ય છે તે પ્રકારનો પ્રિયત્વનો અનુભવ એ સર્વાત્મભાવ છે એમ ફલ છે.

આ પ્રમાણે શ્રીપુરુષોત્તમચરણે ભાષ્યના સ્વારસ્યે જણાવ્યા અનુસાર ભગવાનનું દર્શન (અક્ષિગોચરત્વ) નહીં હોતાં તીવ્ર વિયોગદુઃખ વગેરેને ઉત્પન્ન કરનાર પરમ આસક્તિ સ્વરૂપનો વિગાઢભાવ તેવા વિગાઢ ભાવ વડે પોતાને અતિશય પ્રિય એવા ભગવાનનું અનુસંધાન થવાનું જે કાર્ય છે તેવા પ્રકારના પ્રિયત્વનો અનુભવ એ સર્વાત્મભાવ છે. શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર **અનુરાગાત્મા એટલે કે ‘अनु पश्चात् रञ्जनं रागः’ માત્ર ભગવાન થકી જ મનનું રંજન થવું તેવો પરમ આસક્તિ સ્વરૂપનો વિગાઢ ભાવ, આ વિગાઢભાવનું સ્વરૂપ લક્ષણ છે અને મનમાં પ્રિયત્વની વિગાઢતા એ સર્વત્ર ભગવાનનું અનુસંધાન કરાવનારો વિગાઢભાવ, આ વિગાઢભાવનું કાર્યલક્ષણ છે.** આ

વિગાઢભાવને જ ભાગવત એકાદશ સ્કન્ધ ભગવદ્ વાક્યમાં અને ભાષ્યમાં તથા ભાષ્યપ્રકાશમાં સર્વાત્મભાવ ના નામે કહ્યો છે - સ્વીકાર્યો છે. આ સર્વાત્મભાવને શ્રીમહાપ્રભુ સુબોધિની રાજસ પ્રમેય પ્રકરણમાં ભ્રમરગીતના પ્રસંગમાં બે પ્રકારમાં જણાવતાં **‘सर्वात्मभावोऽधिकृतो भवतीनामधोक्षजे’** શ્લોકના આભાસમાં **‘सर्वात्मभावं निरूपयति’** એમ જણાવી શ્લોકના વ્યાખ્યાનમાં **‘तदुपपादितं दशधा । तत्रापि विशेषमाह विरहेणेति ।’** એમ વેણુગીતાધ્યાયના આરંભે જણાવેલ **‘भगवता सह संलापो’** વગેરે મનોરથ સ્વરૂપના દશભાવોને સર્વાત્મભાવ સ્વરૂપના જણાવી તેથી વિશિષ્ટ પ્રકારે વિરહદશામાં પ્રકટ થતાં એજ દશભાવોને સર્વાત્મભાવ તરીકે જણાવી ભગવાન અધોક્ષજ માં વિરહદશામાં આ પ્રકારનો સર્વાત્મભાવ સિદ્ધ થવો અતિ દુર્લભ છે એમ જણાવે છે. ત્યાં જ વિરહ સામયિક આ સર્વાત્મભાવનું સ્વરૂપ શ્રીઆચાર્યચરણ જણાવે છે - **‘सर्वोऽपि आत्मनो भावः भगवत्येव अधिकृतः उत्तरोत्तरवृद्धिं आरब्ध इव’** ‘ભગવાનમાં જ ઉપયુક્ત થયેલો સમ્પૂર્ણ આત્માનો-અન્તઃકરણનો ભાવ જાણે કે ઉત્તરોત્તર વૃદ્ધિને પ્રાપ્ત કરાવવા શ્રીગોપીજનોએ આરબ્ધ કર્યો હોય’ આ પ્રમાણે ભક્તિની ઉત્તરોત્તર વૃદ્ધિનું અન્તિમ પર્યવસાન એ શ્રીગોપીજનો દ્વારા વિરહદશામાં પ્રદર્શિત કરાયેલો સર્વાત્મભાવ છે કે જેને શ્રીઆચાર્યચરણ ભક્તિવર્ધિની ગ્રન્થના આરંભે **‘यथा भक्तिः प्रवृद्ध स्यात्’** અથવા ત્યાં જ આગળ **‘लभते सुदृढां भक्तिं सर्वतोऽप्यधिकां पराम्’** વાક્યોથી જણાવે છે. **સુદૃઢા** એટલે બીજા કોઈથી પણ અવરુદ્ધ નહીં થનારી, **સર્વથી અધિક** એટલે સર્વ પ્રકારની ભક્તિના પ્રકારોથી અધિક-ઉત્કૃષ્ટ પ્રકારની અને **પરા** એટલે ઊર્જિતા-શક્તિશાલી-ભગવત્સાધિકા એમ શ્રીઆચાર્યચરણ આ ભક્તિને ત્રણ વિશેષણોથી જણાવે છે. આ પ્રકારની ભક્તિને જ ભગવાન એકાદશ સ્કન્ધમાં **‘न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव । स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता’** (ભાગ.૧૧-૧૪-૨૦)

અહીં આ ભક્તિને **ઊર્જિતા ભક્તિ**ના નામે જણાવે છે. અહીં ભક્તિનું મુખ્ય ફલ **જેમ મારી ઊર્જિતા ભક્તિ મને સાધે છે તેમ યોગ-સાંખ્ય-ધર્મ-સ્વાધ્યાય-તપ-ત્યાગ વગેરે સાધી શકતા નથી** આ વાક્યથી ભગવાનને સાધી શકનારી એમ કહ્યું છે તથા આ ભક્તિનું અવાન્તર ફલ આનાં પૂર્વ શ્લોકમાં **‘यथाग्निः सुसमृद्धार्पिः करोत्येधांसि भस्मसात् । यथा मद्विषया भक्तिरुद्धवैनांसि कृत्स्नशः’** (ભાગ.૧૧-૧૪-૧૯) **જેમ સારી રીતે સપૃદ્ધ-પ્રજ્વલિત થયેલો અગ્નિ અંદર રહેલ સર્વ ઈંધનને ભસ્મસાત્ કરે છે, તેમ જેનો વિષય હું છું, તેવી મારી ભક્તિ સર્વ વિષયોનો - દોષોનો નાશ સમ્પૂર્ણતા એ કરી નાંખે છે** તેમ ભગવાનને સાધવામાં વચમાં આવતી સર્વ અડચણોથી દૂર કરવું એ આ ભક્તિનું અવાંતર ફલ છે. આમ કહીને આ ભક્તિ પોતાનાં ઉદ્દેશ્યનાં સાફલ્યમાં ભક્તિથી ઈતર અન્ય કોઈ પણ સાધનની અપેક્ષા રાખતી નથી. આ ભક્તિને જ કે જેને સુદૃઢ, સર્વથી અધિક નામે શ્રીઆચાર્યચરણે ભક્તિવર્ધિનીમાં જણાવી છે તેને જ દશમ સ્કન્ધ રાજસ્ પ્રમેય પ્રકરણ સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - **‘भगवत्युत्तमश्लोके भवतीभिरनुत्तमा । भक्तिः प्रवर्तिता दिष्ट्या मुनीनामपि दुर्लभा’** ભાગ.૧૦-૪૭-૨૫, ના વ્યાખ્યાનમાં-) **‘भवतीभिः इति बहुत्वं सामर्थ्यं च द्योतितम् । न उत्तमा यस्याः भवदीयायाः अन्या भक्तिरस्ति । अतो ब्रह्मकल्पमारभ्याद्यप्रभृति भक्तिः वृद्धा अद्य पर्यवसिता । यतो भवतीभिरेवेयं दर्शिता । एतदस्मदादीनां भाग्येन, एतादृश्यपि भक्तिरस्तीति । एतेन शास्त्रलोकप्रसिद्धायां भक्तौ दानादिसाधनानि श्रूयन्ते, अस्यां तु प्रसिद्ध्यभावात्साधनमपि न पश्याम इति भावः सूचितः ।’** અર્થાત્ - **‘भवतीभिः’ આપ બધાઓ વડે** વાક્યથી બહુત્વ અને સામર્થ્ય દ્યોતિત કર્યું છે. (**दीपिका–** આપ ઘણાં બધાં વ્રજભક્તો દ્વારા પ્રવર્તિત ભક્તિની પણ બહુતા છે, તેવી બહુતાવાળી સેવા પુષ્ટિમાર્ગમાં આજે પણ જોવા મળે છે. **સામર્થ્ય** - સાધન વિના પણ

પુષ્ટિભક્તિના પ્રવર્તનરૂપ સામર્થ્ય સૂચિત કર્યું છે) આપની-આપે પ્રવર્તાવેલી ભક્તિથી ઈતર અન્ય કોઈની પણ ભક્તિ ઉત્તમ નથી, તેથી આપે જ આ ભક્તિ દર્શાવી છે. આવી પણ ભક્તિ હોય છે એમ આપે અમારા મહદ્ ભાગ્યે દર્શાવી છે. આમ કહેવાથી શાસ્ત્રમાં અને લોકમાં પ્રસિદ્ધ ભક્તિમાં દાન વગેરે સાધનો સાંભળવામાં આવે છે, આફની દર્શાવેલી ભક્તિનો તો પ્રસિદ્ધિના અભાવે કોઈ સાધન પણ અમે જોતા નથી એમ ભાવ સૂચિત કર્યો છે. આ પ્રમાણે શ્રીઆચાર્યચરણ શ્રીગોપીજનો દ્વારા પ્રવર્તિતા-પ્રદર્શિતા ભક્તિને સર્વથી અધિક સર્વોત્કૃષ્ટરૂપમાં જણાવે છે અને દીપિકાકાર આ ભક્તિને આજે પણ પુષ્ટિમાર્ગમાં થતી ભગવત્સેવાના નામે જણાવે છે. આપણા પદસાહિત્યમાં પણ ‘**सेवारीत–प्रीत व्रजजनकी जनहित जग प्रगटाई, प्रगट व्यै मारग रीत दीखाई**’ એમ શ્રીદ્વારકેશજી જણાવે છે. ઉદ્ધવજીના વાક્યો, સુબોધિની વ્યાખ્યાન, દીપિકાકારનો મત અને ઉપર્યુક્ત પદને સાથે રાખી વિચારતાં **પુષ્ટિભક્તિનો મુખ્ય અર્થ વિરહ સામયિક સર્વાત્મભાવ અથવા આ સર્વાત્મભાવવાળી દશામાં દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણથી થનારી ચેષ્ટાઓ છે.**

પુષ્ટિમાર્ગમાં પુષ્ટિભક્તિની સાધનામાં ‘**कृपायुक्तस्य तु यथा सिद्धयेत् कारणमुच्यते**’ (સર્વનિર્ણય નિબન્ધ-)થી આરંભ કરીને ગુરુચયન, સેવાર્થ ભગવત્સ્વરૂપની ગુરુથી પ્રાપ્તિ, તદનન્તર પુષ્ટિપ્રણલિકાનુસાર ઘરમાં ભગવત્સેવા વગેરે નિબન્ધમાં જણાવેલા સાધનો અથવા ભક્તિવર્ધિનીમાં બીજભાવથી આરંભ કરીને બીજની દઢતા અર્થે અવ્યાવૃત્તિપૂર્વક ઘરમાં રહીને પૂજા-શ્રવણાદિ વડે કૃષ્ણભજન, તેનાં વડે ભગવાનમાં પ્રેમ થતાં પ્રેમ થકી સર્વ રાગનો નાશ, તેનાંથી ભગવાનમાં આસક્તિની સિદ્ધિ, તે આસક્તિ વડે ઘર અને ગૃહસ્થીમાં રુચિનો અભાવ, તેનાથી ભગવત્સેવામાં લીલાવ્યસન, તદનન્તર તેનાંથી ભગવત્ સ્વરૂપમાં વ્યસન, તદનન્તર સંન્યાસનિર્ણયમાં કહ્યા મુજબ વિરહના અનુભવ અર્થે ગૃહત્યાગ, એ ત્યાગવાળી દશામાં વિરહનો અનુભવ, એ વિરહમાં ચિત્તનો ભગવાનમાં નિરોધ કે જે રાજસ પ્રમેય પ્રકરણમાં જણાવ્યા મુજબ વિરહ સામયિક સર્વાત્મભાવ છે, આ સર્વાત્મભાવમાં શ્રીઆચાર્યચરણ ઉપદિષ્ટ સર્વ પુષ્ટિભક્તિ સાધનોનું પર્યવસાન થઈ જાય છે.

આજ વાતને શ્રીઆચાર્યચરણ સુબોધિની (૧-૪૬-૩૭)માં જણાવે છે - ‘**अहं हि कृत्सनः प्रसादेनापि प्राप्तः कृत्स्नेनैव साधनेन प्राप्तुं योग्यः । सा च** (साधनानाम्) **कृत्स्नता अस्यामेव** (विरहावस्थायामेव) **अवस्थायां भवति नान्यथा । कृत्स्नतायां हेतुं वदन् अवस्थान्तरे (विरह व्यतिरिक्त–अवस्थायाम्) तदभावमाह विमुक्ताशेषवृत्तीति । विमुक्ताः सर्वेभ्यो विषयेभ्यः अशेषा दशापि वृत्तयः यस्य ।**’ અર્થાત્ - હું (પરબ્રહ્મ-પરમાનન્દ-શ્રીકૃષ્ણ) સમ્પૂર્ણતાએ (શ્રુતિઓને તથા અગ્નિકુમારોને વરદાનરૂપ) અનુગ્રહ વડે પ્રાપ્ત થયો હોઈને પણ સાધનોની સમગ્રતાએ જ -પૂર્ણ સાધને જ પ્રાપ્ત કરવો યોગ્ય છું. તે સાધનોની સમ્પૂર્ણતા આજ વિરહની અવસ્થામાં જ થાય છે, આ સિવાયની બીજી કોઈ અવસ્થામાં શક્ય નથી. આજ અવસ્થામાં સાધનોની સમ્પૂર્ણતા થાય છે તેમાં હેતુને જણાવતાં, આ સિવાયની - વિરહ સિવાયની અવસ્થામાં તેનો અભાવ હોય છે એમ કહે છે - ‘**વિમુક્ત-અશેષવૃત્તિ**’ જેની (સંલાપ-દર્શન-શ્રવણ-વગેરે) દશે દશ વૃત્તિઓ ભગવાન સિવાયના અન્ય સર્વ વિષયોથી વિશેષ પ્રકારે મુક્ત થાય છે આ મુજબ વિરહાત્મક સર્વાત્મ ભાવવાળી દશામાં જીવનો સમ્પૂર્ણ નિરોધ ભગવાનમાં થાય છે અને તેવી નિરોધવાળી દશામાં જ જીવ સમગ્રતાએ સમ્પૂર્ણરૂપે પરમાનન્દના અનુભવમાં નિમગ્ન થઈ જાય છે કે જેને છાન્દોગ્ય ઉપનિષદ્માં ‘**आत्मा एव अधस्तात् आत्मा एव परस्तात्**’ વગેરે વાક્યોથી સર્વાત્મભાવને જણાવ્યો છે.

સર્વનિર્ણય નિબન્ધમાં પુષ્ટિ ભક્તિને ત્રણ વિશેષણો **સ્વતંત્રા-**

શુદ્ધા-દુર્લભાથી જણાવી છે. તેમાં સ્વતંત્રા એટલે શ્રીઆચાર્યચરણના શબ્દોમાં - **‘एषा भक्तिः माहात्म्यज्ञानपूर्वकपरमस्नेहरूपा, तथाभूतासती भगवत्परिचर्या युक्ता भवेत् । स्वतःपुरुषार्थरूपा सेवा चेत् सा भक्तिः स्वतंत्रा इति उच्यते’** આ (વિદ્યાપર્વરૂપા) ભક્તિ માહાત્મ્યજ્ઞાનપૂર્વક પરમસ્નેહરૂપા પરમ સ્નેહ સ્વરૂપની ભક્તિ થઈને ભગવત્પરિચર્યાથી યુક્ત થાય ત્યારે તે **શુદ્ધા** અને તેમાં પણ તે પરિચર્યા પણ જો સેવારૂપ થઈ, સેવા પણ જો સ્વતઃ પુરુષાર્થરૂપા (એટલે કે **‘सेवानुरक्तमनसां अभवोऽपि फल्गुः’** () વાક્ય અનુસાર મોક્ષ વગેરે સર્વફલમાં અનિચ્છાવાળા થઈને સેવામાં જ અનુરક્ત મનવાળા થયેલા લોકોની માફક સેવાને અર્થે જ સેવા કરનારા-એટલે કે સુખપ્રાપ્તિ-દુઃખ નિવૃત્તિ તેમનો પુરુષાર્થ ન હોઈ સેવા જ તેમના માટે પુરુષાર્થરૂપ છે તેવી ભક્તિ એ સ્વતઃ પુરુષાર્થરૂપા) થાય ત્યારે તે ભક્તિ **સ્વતંત્રા** કહેવાય છે. બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલા ઘણાં લોકો છે પણ બ્રહ્મભાવથી આગળના આવા પ્રકારના ભક્તો જલદીથી જોવા મળતા નથી તેથી તેને **દુર્લભા** કહેવાય છે.

પ્રશ્ન - ઉપર કહ્યા મુજબ શ્રીઆચાર્યચરણની દૃષ્ટિમાં પુષ્ટિભક્તિ એ સ્વતંત્રા એટલે કે પુરુષાર્થરૂપા છે અને પુરુષાર્થ એટલે **પુરુષ** એટલે જીવ અને **અર્થ** એટલે શ્રીપુરુષોત્તમચરણે બાલબોધની ટીકામાં જણાવ્યા અનુસાર - **‘अर्थ्यन्ते मे सन्तु इति स्वसम्बन्धितया इष्यन्ते इति अर्थः’** જેની અર્થના કરવામાં આવે કે આ મારા માટે થાઓ એમ પોતાના સમ્બન્ધિપણાએ જેની અભિલાષા કરવામાં આવે તે અર્થ, એટલે કે જીવ પોતાના અર્થે જેની અભિલાષા કરે તે પુરુષાર્થ આ વ્યાખ્યા અનુસાર જેમ ધર્મ-અર્થ-કામ-મોક્ષ ચારને પરમ્પરાથી પુરુષાર્થ તરીકે જાણવામાં આવે છે કે ધર્મથી અર્થની સિદ્ધિ થાય છે અને અર્થથી સુખ થાય છે તેમાં ધર્મની પુરુષાર્થતા છે તે પરમ્પરાએ જીવને સુખપ્રાપ્તિ કરાવનાર હોઈ કહેવામાં આવી છે, તેવી જ રીતે ભક્તિની પણ જે પુરુષાર્થરૂપતા છે તેમાં પણ આવા જ કોઈ પ્રયોજનથી કહેવામાં આવી છે, એટલે કે ભગવાનના દર્શન, શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવન વગેરેથી મને સુખ થાઓ તેવા પ્રયોજનથી કરાતી સેવા-સેવાથી જ સુખાનુભવ અને તેવો સુખાનુભવ મને થાઓ તેવા પ્રયોજનથી થનારી સેવા એ પુષ્ટિભક્તિ છે એમ અર્થ થશે અને એમ અર્થ લઈશું તો તૃતીયસ્કન્ધ સુબોધિનીમાં કપિલાખ્યાનમાં **‘लक्षणं भक्तियोगस्य’** શ્લોકમાં નિર્ગુણાભક્તિના લક્ષણ નિરૂપણમાં પ્રયોજાયેલ **‘अहेतुकी’** ના વ્યાખ્યાનમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - **‘हेतुः फलानुसन्धानं तद्रहिता अहेतुकी’** ફલના અનુસન્ધાને નહીં કરાયેલી-સર્વ ફલ વર્જિત કરેલી એવી ભક્તિ એ નિર્ગુણા ભક્તિનું લક્ષણ છે અને ત્યાં જ તૃતીયસ્કન્ધમાં સુબોધિનીમાં આ માર્ગની ભક્તિને જણાવતાં લખે છે - **‘अस्माकं तु निर्गुणा’** એમ નિર્ગુણા ભક્તિને જણાવે છે તેથી જો પુષ્ટિભક્તિ નિર્ગુણા છે તો પછી તેની પુરુષાર્થરૂપતા કેવી રીતે ?

ઉત્તર - પહેલી વાત તો એ છે કે ફલ એટલે પ્રાપ્તિ કે પછી પરિણામ? શ્રીપુરુષોત્તમચરણના બાલબોધ ટીકાસ્થ વાક્યમાં **‘मे सन्तु’** થી **મારા માટે થાઓ** એમ પ્રાપ્તિની અભિલાષાને જણાવે છે અને તે અર્થ ચાર પ્રકારના પુરુષાર્થોમાં યોગ્ય છે કારણ કે ત્યાં જીવને પોતાના અર્થે અલગથી સુખની આકાંક્ષા છે અથવા પોતે અવિદ્યા પ્રતિબદ્ધ છે અને સકલ દુઃખોનું મૂલ અવિદ્યા છે તેથી દુઃખનિવૃત્તિ અર્થે અવિદ્યાથી મુક્ત થવાની મુમુક્ષા છે, પરન્તુ અહીં જે જીવ છે તે ભગવાનનો પરમ કૃપાપાત્ર-અનવમપુષ્ટિનો અધિકારી-પોતે કે પોતાનું સર્વ કંઈ અત્યન્ત વિસ્મૃત કરી ચુકેલો માત્ર ભગવત્સ્મરણ જ જેમાં છે તેવા સર્વાત્મભાવવાળો કે જેને પૂર્વમાં જોઈ ગયા તે ભગવદ્વાક્ય **‘विमुक्ताशेषवृत्ती यत्’** માં કહેવાયેલ સંલાપાદિ દશે વૃક્તીઓમાં ભગવાન સિવાયના સર્વ વિષયોથી વિશેષ પ્રકારે મુક્ત થયેલો-ભગવાનની લીલામાં ભગવાને નિયોજેલો અને તદર્થ જ પ્રગટ કરેલો ભગવદંશ છે તેથી **મારા માટે થાઓ** એવી એનામાં વૃત્તી હોવી જ સંભવ નથી, પોતાનું સ્મરણ થાય ત્યારે પોતાને માટેનો વિચાર આવી શકે, અતઃ તે મુજબ વિચારવું

જ અસ્થાને છે.

તેમ છતાં પણ શ્રીઆચાર્યચરણે ચતુઃશ્લોકી દ્વારા પુષ્ટિમાર્ગીય ધર્મ-અર્થ-કામ-મોક્ષને જણાવ્યા છે તથા ભક્તિને પણ સ્વતઃ પુરુષાર્થરૂપા કહી છે તેને વધારે સ્પષ્ટતાથી સમઝવા દશમ સ્કન્ધ રાજસ પ્રમેય પ્રકરણની સુબોધિની જોઈ જવી જરૂરી છે. ત્યાં ગોપિકાઓને ભગવાનના સન્દેશમાં ભગવાન કહે છે **'मनसः सन्निकर्षार्थं मदनुध्यानकाम्यया'** આ શ્લોકના આભાસમાં શ્રીઆચાર્યચરણ લખે છે - **'દૂર સ્થિતિ લક્ષણવાળો વિયોગ એ ચારે પ્રકારના પુરુષાર્થોને સાધન છે એ ચાર શ્લોકોથી જણાવે છે'** એમ જણાવી શ્લોકના વ્યાખ્યાનમાં જણાવે છે - **'गोपिकानां धर्मादयो भगवानेव परं प्रकारविशेषं** (ધર્મ - સ્મૃતિવિષયત્વ, અર્થ- ગુપ્તતાથી સંરક્ષ્યત્વ, કામ - સર્વકામના વિષયત્વ, મોક્ષ - સાયુજ્ય દાતૃત્વ) **'आपन्नः'** આમ અહીં પુરુષાર્થરૂપમાં યા ધર્મ-અર્થ-કામ-મોક્ષ રૂપમાં ભગવાન જ છે, ભગવાન ઈતર કંઈ નથી. તેથી ભક્તિને પુરુષાર્થ કહેતાં પુરુષાર્થ શબ્દમાં રહેલ અર્થ શબ્દ જે અભિલાષાને દ્યોતે છે તેમાં પણ અહીં અભિલષિત પદાર્થ ભગવાન જ છે, ભગવદ્ અદર્શનથી અતિરિક્ત કોઈ અન્ય દુઃખનિવૃત્તિની યા ભગવત્સ્વરૂપથી અતિરિક્ત અન્ય કોઈ સુખકર પદાર્થની અભિલાષા અહીં નથી. તેથી સુબોધિનીમાં કહેવાયેલ ફલના અનુસંધાન વિનાની અહેતુકી ભક્તિ અને સર્વનિર્ણય નિબન્ધમાં કહેવાયેલ સ્વતંત્રા-સ્વતઃ પુરુષાર્થરૂપા ભક્તિ એ બે શ્રીઆચાર્યની ઉક્તિ વચ્ચે કોઈ વિસંગતિ નથી, કોઈ વિરોધ નથી કે તેમ કહેવાથી કોઈ દોષ પ્રાપ્ત થતો નથી.

રાજસ પ્રકરણીયા વિરહ ચતુઃશ્લોકીની સુબોધિનીમાં અને ષોડશ ગ્રન્થીયા ચતુઃશ્લોકીના વાક્યોને સાથે રાખીને વિચારતાં બન્નેનું તાત્પર્ય એક જ જણાય છે. તે આ મુજબ છે -

ધર્મ -

(सु.) 'अयमेव गोपिकानां धर्मः यथा सर्वदा मां स्मरन्ति । ममापि अयं धर्मः यथा ताभ्यः आनन्दं प्रयच्छामि' અર્થાત્ ગોપિકાઓનો આજ ધર્મ છે કે સર્વદા મારું (ભગવાનનું) સ્મરણ કરવું, મારો (ભગવાનનો) પણ આ ધર્મ છે કે તેમને આનન્દ આપવો **'..... विरहेण स्मरणे बलादागत इति भगवानेव स्वधर्मान् स्थापयति, मनोधर्माणां दुर्बलत्वात् विपरीतत्वाच्च भगवतः'** વિરહ અવસ્થામાં સ્મરણ કરાતાં સ્મરણમાં ભગવાન બલપૂર્વક આવેલા હોય છે (એટલે કે તેમને સ્મરણમાંથી અન્ય કોઈ વિષય હટાવી શકે નહીં). મનના ધર્મો ભગવદ્ધર્મોથી દુર્બલ હોવાથી અને ભગવાનથી વિપરીત હોવાથી (જ્યારે બલપૂર્વક ભગવાન સ્મરણમાં આવે ત્યારે જ મનમાંથી સર્વ વિષયોનો નાશ થાય છે). **'सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः । स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन'** સર્વદા- સર્વકાલમાં સર્વભાવ વડે વ્રજાધીશ શ્રીકૃષ્ણનું જ ભજન કરવું, (નિવેદિત) જીવનો આજ ધર્મ છે, આથી ઈતર અન્ય કોઈ પણ ધર્મ ક્યાંય અને ક્યારેય નથી. અહીં કહેવાયેલ સર્વભાવ એ વિરહ સામયિક સર્વાત્મભાવને જ કહ્યો છે, **'गोपिका गुरवः'** વાકયથી આ માર્ગના ગુરુસ્થાનીય શ્રીગોપીજનોએ આચરેલો અને દર્શાવેલો ધર્મ જ આ માર્ગના સર્વનો ધર્મ અનૂક્ત સિદ્ધ છે.

અર્થ -

(सु.) अर्थोऽपि भगवानेव परं गुप्ततया संरक्ष्यः । तमेव हि गोपायति यत्र निरन्तरं मनस्तिष्ठति । अन्यथा क्षणमपि प्रमादे अर्थो गच्छेत् । अतः पाक्षिकः कादाचित्कोऽपि दोषः परिहरणीयः इति सन्निकर्षापेक्षया विप्रकर्षे मनसः स्थैर्यमाह दूरचरे दूरेऽपि अस्थिरे ।

અર્થાત્ - અર્થ પણ ભગવાન જ છે પરંતુ તે અતિ ગુપ્તતાથી સંરક્ષણ કરવા યોગ્ય સ્વરૂપના છે. નિશ્ચયે તેની જ રક્ષા કરવામાં અથવા છુપાવવામાં આવે છે જ્યાં નિરન્તર મન રહેતું હોય. અન્યથા ક્ષણ માત્ર પણ પ્રમાદ થતાં અર્થ ચાલ્યો જાય. તેથી ક્યારેક થઈ જનારા પાક્ષિક દોષનો પણ પરિહાર કરવો જોઈએ એમ સન્નિકર્ષ-પાસેની અપેક્ષા વિપ્રકર્ષ-દૂરમાં મનની સ્થિરતાને જણાવે છે - **'दूरचरे'** એટલે કે દૂર હોઈને પણ અસ્થિર હોય

(ષોડશગ્રન્થીયા ચતુઃશ્લોકી) - 'एवं सदा स्म कर्तव्यं स्वयमेव करिष्यति । प्रभुः सर्व समर्थो हि ततो निश्चिन्ततां व्रजेत्' અર્થાત્ - આ પ્રમાણે (આગળ કહ્યા મુજબ-નિશ્ચિન્તતા રાખી કૃષ્ણભજન પરાયણ રહેવું) સદા કરવું, (અહીં ભગવાન જ ભાવરૂપ અર્થ છે તેથી) ભાવની રક્ષા-ભાવસંગોપન વગેરે કાર્યો પ્રભુ પોતે જ સિધ્ધ કરશે અને તે કરવામાં પ્રભુ સર્વસમર્થ છે તેથી નિશ્ચિન્તતાને પ્રાપ્ત થાઓ (અને નિશ્ચિન્તતાએ પૂર્વ શ્લોકમાં જણાવ્યા મુજબ કૃષ્ણભજન-સેવનમાં જ પરાયણ ચિત્ત બન્યા રહો).

સુબોધિનીના સ્વારસ્યે હૃદયમાં આવિર્ભૂત રસાત્મક ભાવ સ્વરૂપ ભગવાન જ અર્થ છે અને તે ભાવરૂપ ભગવાનમાં ક્ષણમાત્ર પણ પ્રમાદ વિનાની નિરન્તર ચિત્તતા એ પ્રયત્નરૂપ અર્થ પુરુષાર્થ છે અને ચતુઃશ્લોકીના સ્વારસ્યે નિરન્તર ચિત્તતામાં કોઈ પણ પ્રકારની ચિન્તા યા અન્યવિષયક ચિન્તન એ બાધક છે પછી ભલે તે ચિન્તા ભાવરૂપ અર્થને ગુપ્ત રાખવા બાબતની હોય યા તેના રક્ષણ બાબતની હોય યા બહિર્મુખ લોકોથી તેને બચાવવા બાબતની હોય. તેમજ ગોપનરક્ષણાદિ કર્તવ્ય છે તે પૂર્ણ પ્રપન્ન જીવને માટે પોતે કંઈ કરવાનું રહેતું નથી પણ તે કર્તવ્ય ભગવાન પોતે જ બજાવશે અને તેમ કરવામાં પ્રભુ પોતે સર્વસમર્થ હોઈ ચિત્તમાં બાધા પહોંચાડતી ચિન્તાને ત્યાગી ભાવરૂપ ભગવાનના ભજન-સેવનમાં જ પરાયણ રહેવું એમ કહેવાનું તાત્પર્ય છે. આપણો ભાવરૂપ અર્થ સચવાઈ રહે, ખોવાય

નહીં અને વૃધ્ધિને પામે તે મુજબ જ ભગવાન બધું કરશે તેથી ભગવાન જે કરે તેમાં વિશ્વાસ રાખવો.

કામ -

(સુ.) ('अहं ही कृत्स्नः' થી આરંભીને **'दशापि वृत्तयो यस्य'** પર્યન્ત જે પૂર્વમાં જોઈ ગયા તે તથા તેથી આગળ) **'ननु सर्ववृत्त्यभावे स्वरूपनाश एव स्याद् इत्याशङ्क्याह यदिति प्रसिद्धं तन्मनः । इदानीं तु अहमाविष्टः, अतः परं भवतीभिः मय्यावेश्य बलान्मयि मनोनिवेशनं कृत्वा पश्चात् शीघ्रमेव अहं प्राप्तव्यः । ननु वस्तुविचारे मनस्तु अन्यदेव, तस्मिन्निविष्टे कथं भगवत्प्राप्तिः इति चेत् तत्राह अनुस्मरन्त्यः इति, मनोद्वारा आत्मापि स्मरति । यद्यपि स्मरणं चेतसो धर्मः तथापि अनुस्मरणं आत्मन एव । अनेन उभयविधोऽपि सम्बन्धो निरूपितः – मनोद्वारा स्वयं भगवति प्रविष्टाः स्मरण द्वारा च भगवांस्तासु प्रविष्टः इति । एवं सति अचिरादेव माम् अवाप्स्यथ । परम्परया नित्यसम्बन्धे संघर्षाद् अन्तरास्थितं गच्छति, तथा मनोविलये चित्तस्यापि विलयाद् अचिरादेव प्राप्तिः । आत्मगाम्येव कामेन फलरूपोऽहं मुख्यः इति तात्पर्यम्'**

અર્થાત્ - શંકા - મનની સર્વવૃત્તિઓનો નાશ થતાં તો મનનો સ્વરૂપથી પણ નાશ થઈ જાય ? એવી શંકાના ઉત્તરમાં કહે છે - **મારામાં મનનો પ્રવેશ કરાવી** બળપૂર્વક મારામાં મનનો નિવેશ કરાવી પછી શીઘ્ર જ મને પ્રાપ્ત કરવો. **શંકા -** વસ્તુને વિચારતાં (આત્માથી) મન બીજું જ-અલગ જ છે, તે મનનો ભગવાનમાં નિવેશ થતાં કેમ કરીને ભગવત્પ્રાપ્તિ થઈ શકે ? ત્યાં કહે છે - **મારું અનુસ્મરણ કરતાં,** મન દ્વારા આત્મા પણ સ્મરણ કરે છે. જો કે સ્મરણ કરવું એ ચિત્તનો ધર્મ છે, તેમ છતાં પણ અનુસ્મરણ આત્માનું જ હોય છે. આના વડે બન્ને પ્રકારનો (ગોપિકાઓ દ્વારા નિરૂપિત તથા

ભગવાન દ્વારા નિરૂપિત) સમ્બન્ધ નિરૂપિત થયો છે - મન દ્વારા સ્વયં (ગોપિકાઓ) ભગવાનમાં પ્રવિષ્ટ છે અને સ્મરણ દ્વારા ભગવાન તેમનામાં (ગોપિકાઓમાં) પ્રવિષ્ટ છે. આ પ્રમાણે હોતાં **અતિશીઘ્ર જ મને પ્રાપ્ત કરશો.** પરમ્પરા વડે નિત્ય સમ્બન્ધ હોતાં સંઘર્ષથી (જીવ-ભગવાનના) વચમાં રહેલ મનનો વિલય થાય છે અને તેમ મનનો વિલય થતાં ચિત્તનો પણ વિલય થઈ જવાથી (જીવ-ભગવાનના વચમાં રહેલી કર્મપ્રધાન મનની ક્રિયાશક્તિ અને (જ્ઞાનપ્રધાન ચિત્તની જ્ઞાનશક્તિ એમ વચમાં રહેલ બન્નેનો વિષય થઈ જવાથી-) શીઘ્ર જ ભગવત્ પ્રાપ્તિ થાય છે. કામ વડે (પણ) હું આત્મગામી જ ફલરૂપ મુખ્ય છું (ઈન્દ્રિયગામી એ ગૌણ પક્ષ છે) એમ કહેવાનું તાત્પર્ય છે.

ષોડશગ્રન્થીયા ચતુઃશ્લોકી - 'यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि । ततः किम परं ब्रूहि लौकिकैर्वैदिकैरपि' અર્થાત્ - યદિ શ્રીગોકુલના અધીશ શ્રીપ્રભુ દશે વૃત્તિઓની એકમાત્ર ભગવાનમાં સ્થિતિરૂપ સર્વાત્મભાવ વડે હૃદયમાં ધારણ થયેલા છે, તો પછી લોકસમ્બન્ધી સુખ યા વેદોક્ત કર્મજન્ય સુખ વડે શું વિશેષ ? તે બોલ

ઉપર મુજબ સુબોધિની અને ચતુઃશ્લોકી બન્નેમાં નિરૂપિત વિષયને સાથે રાખી વિચારતાં ચતુઃશ્લોકીમાં જે **'सर्वात्मना'** શબ્દપ્રયોગ થયો છે તે ભ્રમરગીતાધ્યાયસ્થ વિરહ સામયિક સર્વાત્મભાવ કે જેને સુબોધિનીમાં **'दशापि वृत्तयः'** વગેરે વાક્યોથી સર્વ ઈન્દ્રિયોથી જોડાયેલું અને સર્વ ઈન્દ્રિયોને પ્રેરક એવું મુખ્ય મન તેની સર્વકામનાઓ (જોવા-સાંભળવા-બોલવા-સૂંઘવા-સ્પર્શવા વગેરે સમ્બન્ધી) તેની એક માત્ર પરમાનન્દ રસમય પરબ્રહ્મ સમ્બન્ધી જ હોવી અને તે ભગવાનમાં આ રીતે ઈન્દ્રિયો સહિત મનનો નિરોધ થઈ જવો એ જ મુખ્ય સાધન છે અને તેનાં દ્વારા ભગવાનનું આત્મગામી થવું કે જેને શ્રુતિમાં **'तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्'** પોતાના તનુરૂપમાં વરણ

કરે છે એમ જણાવ્યું છે તે આત્મગામી એટલે આત્માને જ દેહસ્થાનીય-દેહવત્ બનાવી તેમાં આત્મરૂપે સ્થિતિ થવી એ આત્મગામીપણું છે. આ સર્વાત્મભાવવાળી દશા અને રસાત્મક ભગવાનનું આત્મગામીપણું આ બન્ને વાતોને આવરી લઈને ચતુઃશ્લોકમાં શ્રીમહાપ્રભુ **'श्रीगोकुलाधीशो धृतः'** તથા **'किमपरं लौकिकैः वैदिकैः'** વાક્યોથી જણાવે છે. જ્યારે સાક્ષાત્ સ્વરૂપાત્મક આનન્દ આત્મગામી થાય તે પછી લોક-વેદથી થનારા સુખની શું વિસાત કે ગણના ? કંઈ જ નહીં. મહર્ષિ વાત્સાયન પોતાના કામસૂત્રમાં જણાવે છે **'श्रोत्रत्वक्चक्षुर्जिह्वाघ्राणानां आत्मसंयुक्तेन मनसाधिष्ठितानां स्वेषु स्वेषु विषयेषु आनुकूल्यतः प्रवृत्तिः कामः'** (વા.કા.સૂ.અધિ.૧, અધ્યાય-૨, સૂ.૧૧) મનમાં અધિષ્ઠિત એવી શ્રોત્ર-ત્વક્-ચક્ષુ-જિહ્વા-ઘ્રાણ ઈન્દ્રિયોની આત્માથી જોડાઈને પોત-પોતાના શબ્દ-સ્પર્શ વગેરે વિષયોમાં અનુકૂલ સ્વરૂપમાં - અનુકૂલતાએ પ્રવૃત્તિ થવી એ કામ છે એમ ઈન્દ્રિયોની શબ્દાદિમાં પ્રવૃત્તિ દ્વારા આત્માનો આનન્દાનુભવ કરવો એ કામ છે એમ તાત્પર્ય છે. અહીં સૂત્રમાં અનુકૂલ શબ્દ આત્મા દ્વારા આનન્દાનુભવને અનુલક્ષીને કહેવાયો છે. અનુકૂલ શબ્દને **'कूलं अनुगतः'** અર્થે વિચારતાં **'कूल'** એટલે ઢલાણ અને **'अनु'** એટલે તરફ, અતઃ આત્માના ઢલાણના તરફ રહીને ઈન્દ્રિયોની શબ્દાદિ વિષયમાં પ્રવૃત્તિ એ કામ છે એમ સૂત્ર તાત્પર્ય છે. બીજી વાત એ છે કે કામને ઈચ્છા અથવા આકર્ષણના અર્થથી વિચારવામાં આવે ત્યારે એક વાત નક્કી છે કે ઈન્દ્રિયો વડે આનન્દાનુભવથી જ આકર્ષણ ઉત્પન્ન થાય છે અને તે-તે પૂર્વાનુભૂત વિષયોની જ ઈચ્છા થાય છે. અનુભવ વિના આકર્ષણ કે ઈચ્છા સંભવ નથી. અતઃ સેવામાં તત્પર બનેલા ભક્ત સમક્ષ ભગવાન અતિશય કૃપાપૂર્વક પોતાનો અનુભાવ પ્રકટ કરે અને તેથી ભક્ત તે ભગવદાનંદનો અનુભવ કરે અને તદનન્તર આનંદનિમગ્ન ભક્તને અનુભાવની વિરહદશામાં જે પૂર્વોક્ત વિરહસામયિક સર્વાત્મભાવ પ્રકટ થાય છે ત્યારે તે હું-તૂં-તે સમ્બન્ધી સર્વ વૃત્તિઓથી વિમુક્ત બની દશે દશ ઈન્દ્રિયો

સાથે જોડાયેલા મનની દશેવૃત્તિઓ એકમાત્ર ભગવત્ વિષયક જ બની રહેતાં તેનો પૂર્ણ નિરોધ થાય છે. અને ભગવાન આત્મગામી બની તેને પૂર્ણ-મુખ્ય ફલનો અનુભવ કરાવે છે. આ પ્રમાણે શ્રીઆચાર્યચરણ ચતુઃશ્લોકીના કામ પુરુષાર્થમાં શ્રીગોકુલાધીશને હૃદયમાં ધારણ થવાનું જણાવે છે.

મોક્ષ

(સુ.) **‘अतो मदुक्तप्रकारेण दोषं परित्यज्य तामवस्थां प्राप्य मां प्राप्स्यथेति भावः ।....... मापुर्मद्विर्यचिन्तयेति – ता हि गमनार्थं प्रवृत्ताः भर्त्रादिभिः प्रतिबद्धाः तत्प्रतिबन्धाभावाय भगवत्पराक्रमं स्मृतवत्यः । ततो भगवद्धर्मा अपि अक्लिष्टा इति स एव पराक्रमः तदीयं तेभ्यो दत्वा स्वबालकमिव दोषान्निवार्य भगवन्तं गमयामास । अतो मत्पराक्रमस्यैव चिन्ता उचिता न तु दोषपुरःसरं ममेति भावः’**

અર્થાત્ - તેથી કરીને મારા કહ્યા પ્રકારે (**‘मय्यावेश्य मनः कृत्स्नम्’** (ભાગ.૧૦-૪૭-૩૭) માં કહ્યા પ્રકારે - વિરહદશામાં બળપૂર્વક સ્મરણ પ્રકારે) દોષને ત્યાગી તે અવસ્થાને (જે અવસ્થામાં હું આત્મગામી થાઉં છું તેવા પ્રકારની અવસ્થાને) પામીને મને પ્રાપ્ત કરશો તેમ ભાવ છે. .... **‘मापुर्मद्विर्यचिन्तया’** (ભાગ. ૧૦-૪૭-૩૮) એમ કહ્યું છે ત્યાં - તે અન્તર્ગૃહગતાઓ રાસસ્થલમાં જવા માટે પ્રવૃત્ત થઈ (પણ) તેઓ પતિ વગેરેથી રોકવામાં આવી, તે પ્રતિબન્ધને દૂર કરવા માટે તેમણે ભગવાનના પરાક્રમનું સ્મરણ કર્યું. તેમજ ભગવાનના ધર્મો અક્લિષ્ટ છે (કોઈને પણ ક્લેશ ન થાય તેવા છે) એમ તે જ પરાક્રમ (એટલે કે) રોકનારા પતિ વગેરેનો માત્ર દેહ જ હતો તે તેમને આપીને (સોંપીને) પોતાના બાળકના જે રીતે (અક્લિષ્ટ રીતે) દોષ દૂર કરવામાં આવે છે તે રીતે દોષોનું નિવારણ કરીને ભગવાન પાસે પહોંચી ગયા. તેથી મારા પરાક્રમોનું જ ચિન્તન કરવું ઉચિત છે, નહીં કે દોષપુરઃસરનું મારું ચિન્તન એમ કહેવાનો ભાવ છે.

ષોડશગ્રન્થીયા ચતુઃશ્લોકી - ‘अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः । स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः’ અર્થાત્ તેથી કરીને દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણથી સર્વાત્મભાવે નિરન્તર શ્રીગોકુલેશ્વર શ્રીકૃષ્ણના (ભગવદીય દેહ સમ્પાદક એવા) યુગલચરણકમલોનું સ્મરણ અને ભજન-સેવન (ક્યારેય) છોડવું નહીં એમ મારી (શ્રીવલ્લભની) મતિ છે.

ઉપર મુજબ સુબોધિની અને ચતુઃશ્લોકી બંનેમાં નિરૂપિત વિષયને સાથે રાખી વિચારતાં ચતુઃશ્લોકીમાં તથા સુબોધિની વાક્યમાં જે **‘अतः’** શબ્દ પ્રયોગ છે તે પૂર્વશ્લોકોક્ત વિષયનો પરામર્ષ કરે છે. તેમજ **‘सर्वात्मना’** પદપ્રયોગ છે તે સુબોધિનીસ્થ **‘सर्वेभ्यो विषयेभ्योऽशेषा दशापि वृत्तयः यस्य’** વાક્ય સાથે સમ્બન્ધ ધરાવે છે અને ચતુઃશ્લોકીસ્થ **‘स्मरणं भजनं न त्याज्यम्’** વાક્ય સુબોધિનીસ્થ વાક્ય **‘कृत्स्नेनैव साधनेन प्राप्तुं योग्यः’** સાથે સમ્બન્ધ ધરાવે છે. તેવી જ રીતે ચતુઃશ્લોકીસ્થ વાક્ય **‘गोकुलेश्वरपादयोः स्मरणं च भजनम्’** એ શ્રીભાગવત પંચમસ્કન્ધસ્થ **‘भगवदीयत्वेनैव परिसमाप्त सर्वार्थाः’** (ભાગ.પ-) માં જણાવ્યા મુજબ ભગવદીયત્વ સમ્પાદનના રૂપમાં મુક્તિને જણાવીને તદર્થ સાધનમાં **સ્મરણ** એટલે અનુભવના અનન્તર ઉત્પન્ન થનારો એક મનોધર્મવિશેષ અન **ભજન** એટલે ચિત્તમાં સ્નેહની સ્થિતિ રહીને સ્નેહાસ્પદ અર્થેની યા તત્પ્રતિની દેહેન્દ્રિયાદિની ચેષ્ટા અથવા તે સ્વરૂપમાં પરમાનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણનું સેવન.

આ પ્રમાણે શ્રીઆચાર્યચરણના અભિપ્રાયે જેને શ્રીમહાપ્રભુ સેવાફલ વિવરણમાં **‘अलौकिकसामर्थ्यम्’** વાક્યથી સેવામાં થનારા ફલના ત્રણ પ્રકારો પૈકી મુખ્ય ફલ તરીકે જેને-અલૌકિક સામર્થ્યને જણાવે છે અથવા જેને ષષ્ઠસ્કન્ધ નિબન્ધમાં **‘अनवमपुष्टि’** નામે જણાવે છે અને તેને જ ભ્રમરગીતાધ્યાયમાં ભગવાનનું આત્મગામી થવું જણાવે છે. આત્મગામી

થવું એટલે કઠોપનિષદ્‌માં કહ્યા મુજબ - **‘तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्’** એટલે કે તે જીવનું પોતાના તનુરૂપમાં વિશેષ પ્રકારે વરણ કરે છે. તનુરૂપમાં વરણનો અર્થ ભગવાને ઉદ્ધવજીને ઉપદેશ આપતાં એકાદશ સ્કન્ધમાં સ્પષ્ટ કર્યો કે **‘यदा पुमान् त्यक्तसमस्तकर्मा निवेदितात्मा विचिकीर्षितो मे’** અર્થાત્ જ્યારે પુરુષ (જીવ) સમસ્ત કર્મોને ત્યાગેલો થાય છે ત્યારે તે સમ્પૂર્ણ નિવેદિત આત્મા વિશેષપ્રકારે મારો ચિકીર્ષિત (વિશેષ પ્રકારે મારા વડે ચિકીર્ષા કરાયેલો) થાય છે. ચિકીર્ષિત એટલે **‘कर्तुं इच्छा चिकीर्षा’** ના અર્થે મારી -પરમાનન્દની રસાત્મિકા લીલામાં ઉપયોગીપણાએ મારા વડે ઈચ્છા કરાયેલો થાય છે એમ અર્થ છે. આવા ચિકીર્ષિત ભક્તમાં જ ભગવાન આત્મગામી થાય છે. ચિકીર્ષિત ભક્તમાં ભગવાનનું આત્મગામી થવું એટલે કે મારે જે લીલાઓ કરવાની છે તેમાં આ જીવ ઉપયોગી બનો એવી ભગવાન પોતાની ઈચ્છા કરી તે વિશેષ અનુગ્રહભાજી જીવ-આત્માને દેહવત્ બનાવી તેમાં ભગવાનની સ્થિતિ કરે અને તેમાં રહીને પોતાની ઈચ્છા મુજબ લીલા કરે એટલે કે તે આત્મા દ્વારા કરાવે એમ **‘विवृणुते तनुं स्वाम्’** **‘चिकीर्षित’** અને **‘आत्मगामी’** એમ ઉપનિષદ્-ભાગવત-સુબોધિની ત્રણેના વાક્યના સ્વારસ્યે નક્કી કરી શકાય છે. આ પ્રકારના વિશેષ અનુગ્રહે વરણ કરાયેલ - ભગવાન વડે ચિકીર્ષિત ભક્તના પ્રાણ વગેરે સર્વ કંઈ ભગવાનથી જ સિદ્ધ થયેલા હોય છે જેને છાન્દોગ્ય - ભૂમવિદ્યામાં સર્વાત્મભાવનું ત્રણ આદેશથી નિરૂપણ કરીને તદનન્તર અન્તમાં **‘तस्य वा एतस्य एवं पश्यत एवं मन्वानस्य एवं विजानतः प्राण आत्मत आशा आत्मतः स्मर आत्मत आकाश आत्मत आप आत्मत आविर्भावतिरोभावौ आत्मतोऽन्नं आत्मतो बलं आत्मतो विज्ञानं आत्मतो ध्यानं आत्मतश्चित्तं आत्मतः संकल्प आत्मतो मन आत्मतो वाग् आत्मतो नाम आत्मतो मंत्रा आत्मतः कर्माणि आत्मत एवेदं सर्वमिति’** (છાં.ઉ. ૭-૨૬-૧)

છાન્દોગ્ય-ભૂમવિદ્યાની સર્વ શ્રુતિઓની સ્પષ્ટતામાં શ્રીપ્રભુચરણ અણુભાષ્યમાં **‘लिङ्गभूयस्त्वात्तद्धि बलीयस्तदपि’** (બ્રહ્મસૂત્ર ૩-૩-૪૪) સૂત્રના વ્યાખ્યાનમાં લખે છે - **‘एतेन सर्वात्मभावस्वरूपं एव उक्तं भवति । अत्र विरहभावे अतिविगाढभावेन सर्वत्र तदेव स्फुरति ..... एवं सति भगवदतिरिक्तस्य स्वतो निर्दोषत्व–अभावाद् भगवानेव चेत् प्राणपोषको भवेत् तदा सर्वं सम्पद्यते । स च सर्वात्मभावे सत्येव भवति’** તેમજ તેથી આગળ - **‘तत्र आत्मशब्देन पुरुषोत्तम उच्यते । भक्तिमार्गे तु निरुपधिस्नेहविषयः स एव यतः । स तु सर्वात्मभावैकसमधिगम्य इति सर्वात्मभाव एव विद्याशब्देन उच्यते । परमकाष्ठापन्नं यद्वस्तु, तदेव हि वेदान्तेषु मुख्यत्वेन प्रतिपाद्यम् । अक्षरब्रह्मादिकं तु तद् विभूतिरूपत्वेन तदुपयोगित्वेन मध्यमाधिकारिफलत्वेन च प्रतिपाद्यते । तेन तत्र विद्याशब्दप्रयोग औपचारिकः सर्वात्मभाव एव मुख्यः’ અર્થાત્** **‘तरति शोकं आत्मविद्’** આ શ્રુતિમાં-) ત્યાં આત્મ શબ્દ વડે પુરુષોત્તમને જણાવવામાં આવ્યા છે. કારણ કે ભક્તિમાર્ગમાં તો નિરુપધિ સ્નેહનો વિષય પુરુષોત્તમ જ છે. એ પુરુષોત્તમ એકમાત્ર સર્વાત્મભાવથી જ પ્રાપ્ત થઈ શકે છે, તેથી સર્વાત્મભાવને જ શ્રુતિઓમાં વિદ્યા શબ્દથી કહેવામાં આવે છે. જે પરમકાષ્ઠાપન્ન એટલે કે સર્વથી અધિક શ્રેષ્ઠ વસ્તુ છે તે જ ઉપનિષદોમાં મુખ્ય રૂપમાં પ્રતિપાદન કરવા યોગ્ય છે, (ઉપનિષદોમાં જે-) અક્ષરબ્રહ્મ વગેરેનું તો પુરુષોત્તમની વિભૂતિરૂપે પુરુષોત્તમને ઉપયોગીરૂપે અને મધ્ય અધિકારવાળાઓના ફળરૂપે પ્રતિપાદન કરવામાં આવે છે, તેથી કરીને અક્ષરબ્રહ્મ અંગેનો **‘विद्या’** શબ્દ પ્રયોગ એ ઉપચારમાત્રથી ગૌણરૂપે છે, સર્વાત્મભાવ અર્થ જ **‘विद्या’** શબ્દનો મુખ્ય અર્થ છે.

આ પ્રમાણે ઉપર્યુક્ત ભાષ્યોક્ત સર્વ બાબતોને વિચારતાં ભક્તિમાર્ગમાં વિશુદ્ધ પ્રેમનો વિષય એ માત્ર પુરુષોત્તમ જ છે તથા તે માત્ર ભક્તિથી જ સુલભ છે અને તે પણ અન્ય કોઈ પણ પ્રકારની ભક્તિથી નહીં પણ વિરહ દશામાં અતિ વિગાઢભાવે સિદ્ધ થયેલ સર્વાત્મભાવ સ્વરૂપની

ભક્તિથી જ એકમાત્ર સુલભ છે તેથી તે જ એકમાત્ર સાધન છે તથા તે ઉત્તમાધિકારવાળા એવા પુષ્ટિજીવોને જ ભગવાન દાન કરે છે (ભાષ્યમાં પ્રયોજાયેલ મધ્યમાધિકારી એટલે જ્ઞાનમાર્ગના અધિકારી જીવો, હીનાધિકારી એટલે કર્મ માર્ગના અધિકારી જીવો અને ઉત્તમાધિકારી એટલે પુષ્ટિજીવો કે જેને માટે શ્રીઆચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં જણાવે છે કે **‘भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथाभवेत्’** પુરુષોત્તમાત્મક ફલના અધિકારી જીવો). આ પ્રકારે પુષ્ટિભક્તિ એટલે સાક્ષાત્ પુરુષોત્તમથી પુરુષોત્તમ સમ્બન્ધી ભજનાનન્દાત્મક ફલને પ્રાપ્ત કરાવનાર, પુરુષોત્તમને વશ કરાવનાર, મુખ્ય અને એકમાત્ર સાધન વિરહ સામયિક અતિવિગાઢભાવે સિદ્ધ થયેલ સર્વાત્મભાવ સ્વરૂપાભક્તિ.

શ્રીઆચાર્યચરણે તથા તત્ પરવર્તી મહાનુભાવોએ પોતાના વિવિધ ગ્રન્થોમાં જે સાધનો ઉપદેશ્યા છે તે બધા જ સાધનોનું પર્યવસાન ઉપર્યુક્ત મુખ્ય સાધન વિરહ સામયિક સર્વાત્મભાવ સ્વરૂપા ભક્તિમાં જ થાય છે. પુષ્ટિમાર્ગીય ગુરુની શરણાગતિ, તેમના દ્વારા ગદ્યમંત્ર દીક્ષા, પોતાના ઘરમાં રહીને સ્વવર્ણ-આશ્રમ ધર્મોચિત પાલનપૂર્વક અવ્યાવૃત્તિ કરીને કૃષ્ણભજન કરવું, કૃષ્ણસેવા કરવી, પોતાનું તન અને વિત્તનો જેમાં સમ્પૂર્ણ વિનિયોગ થતો હોય તે પ્રકારે સેવા કરવી, પોતાની સર્વ ઈન્દ્રિયોને ભગવત્ સમ્બન્ધી શ્રવણ-કીર્તન વગેરે ભગવત્ કાર્યમાં લગાડી રાખવા, અષ્ટયામ સેવા કરવી, સ્નેહપૂર્વક સેવા કરવી, ગુરુએ કહ્યા મુજબની સેવા કરવી, પ્રભુની બાલભાવે-મધુરભાવે સેવા કરવી, સેવામાં અનુકૂલ પત્ની-પુત્રાદિને સેવામાં યોજી તેમને સાથે રાખી સેવા કરવી, તેમજ જો તેઓ પોતાને સેવામાં બાધા પહોંચાડતા હોય તો સેવાનું જ લક્ષ્ય સાધી તેમનો ત્યાગ કરવો, બીજાના કડવા વચનો સામેવાળામાં કૃષ્ણભાવ રાખી સહવા, કારણ વિનાનું બોલવું-કરવું-વિચારવું ત્યાગવું, એકાદશી વગેરે વિષ્ણુપંચકના વ્રતો કરવા, સર્વ હેતુત્યાગપૂર્વક આદરથી સદૈવ શ્રીભાગવતનું પઠન કરવું, સર્વ અપેક્ષાઓને ત્યાગવી, વિધર્મથી સર્વથા દૂર રહેવું, પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, દીનભાવ રાખવો, અહંકાર ન કરવો, માનની અપેક્ષા ત્યાગવી, જાહેરમાં પણ લજ્જા-સંકોચ વિના ભગવાનના ગુણો અને નામોનું ઉચ્ચારણ કરવું, તુલસીની કંઠી તથા ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું, તીર્થ પર્યટન કરવું, જગન્નાથાદિ સેવા પ્રવાહ સ્થાનોમાં નિવાસ કરવો, તદીય-તત્પરજનો સાથે રહી સેવાનું શિક્ષણ મેળવવું, જે પ્રકારે સાંસારિક વિષયોમાંથી રાગ ઘટતો જાય તેવા વિચારેને પ્રકારે સેવા કરવી, ઘર-ગૃહસ્થી-ગૃહસ્થોમાંથી આસિક્ત ઘડાડતાં જવું અને સેવામાં આસક્તિ વધુને વધુ રાખવી, અસમર્પિતનો સર્વથા ત્યાગ કરવો, જીવનના સર્વ કાર્યો અને સર્વ વસ્તુઓ શ્રીપ્રભુને નિવેદન કરીને જ કરવા-વાપરવા, શ્રીપ્રભુને અર્ધભુક્ત નહીં સમર્પવું, સ્વરૂપાસક્તિની દઢતા-પ્રબલતાએ ગૃહત્યાગ કરવો, વગેરે-વગેરે જે પણ શ્રીમહાપ્રભુએ ષોડશગ્રન્થો-નિબન્ધ વગેરેમાં ઉપાયો બતાવ્યા છે અને જીવનમાં આચરણ માટેના આદેશો આપ્યા છે તે બધાનું પર્યવસાન-મુખ્યલક્ષ્ય રૂપમાં વિરહ સામયિક સર્વાત્મભાવ સ્વરૂપા ભક્તિમાં જ થાય છે અને તેની પ્રાપ્તિને અર્થે જ તે બધા સાધનો વગેરે કહેવાયેલા છે.

તેથી પુષ્ટિભક્તિમાર્ગના સાધના પથમાં જોડાયેલા અને આગળ વધવાને માટે સાધનામાં પ્રવૃત્ત થયેલા લોકો માટે એ આવશ્યક છે કે માત્ર પુષ્ટિ લેબલ માત્રથી કે પુષ્ટિ સદશતા માત્રથી તેને પુષ્ટિસાધન નહીં માની સિદ્ધાન્તની સાચી સમઝ અનુસાર સાધનાનું આચરણ કરે. જે સાધનો, જે પ્રકારે કે જે પદ્ધતિ પરમ્પરાથી અન્તે પૂર્વોક્ત (સર્વાત્મભાવ સ્વરૂપાભક્તિના) લક્ષ્યને ન સાધી શકે તેવા કોઈ પણ સાધન, પ્રકાર કે પદ્ધતિને પુષ્ટિસાધન, પુષ્ટિપ્રકાર કે પુષ્ટિપદ્ધતિ કહી શકાય નહીં. શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ સિદ્ધાન્તમુક્તાવલીની ટીકામાં ભક્તિના જે પ્રકારને **સાધનરૂપા** નામે જણાવે છે કે **‘सा च फलरूपा साधनरूपा चास्ते । तत्र मानसी सा परा फलरूपा इत्यर्थः’ અર્થાત્ -** તે સેવા (ભક્તિ) ફલરૂપા અને સાધનરૂપા એમ બે પ્રકારની

છે. તેમાં માનસી એ પરા એટલે કે ફલરૂપા છે એમ અર્થ છે. એમ ફલરૂપાના સાધનરૂપમાં **તનુવિત્તજા** સેવાને સાધનરૂપમાં જણાવી તેની ચોખવટ કરવી શ્રીપ્રભુચરણને આવશ્યક જણાઈ તેથી ત્યાં જ આગળ બીજા શ્લોકના વ્યાખ્યાનમાં તેઓશ્રી જણાવે છે - **‘उक्तसेवासाधने इतरे इत्याहुस्तदिति । वित्तं दत्वा अन्येन पुरुषेण कृत्वा कारिता एका । एतादृशेन पुंसा कृता च अपरा । एथादृश्यौ ते तत्साधिके न इति अभिप्रायज्ञापकं समस्तं पदम्’ અર્થાત્** - **‘उक्तसेवा’** એટલે માનસી સેવા (ફલરૂપા), એનાથી અલગ બે સાધનો (તનુ-વિત્તજા) (તે સાધનરૂપા સેવા). (તે બે તન અને વિત્ત એ સાધનરૂપા કોને કહેવાય અને કોને ન કહેવાય તેની ચોખવટ કરે છે -) પૈસા આપીને બીજાના વડે સેવા કરાવી કરાયેલી સેવા તે એક પ્રકાર (વિત્તજા પ્રકાર) અને એ પ્રકારે બીજાથી પૈસા લઈને તેવા વ્યક્તિ દ્વારા પોતાના દેહથી કરાયેલી સેવા એ બીજો પ્રકાર (તનુજા પ્રકાર) આ બન્ને પ્રકારની સેવા માનસીને સાધી શકતી નથી એમ અભિપ્રાય જણાવવા અહીં શ્રીઆચાર્યચરણે તનુજા-વિત્તજા એમ બે જુદા પદ નહીં કહીને તનુવિત્તજા એમ સમસ્ત પદ કહ્યું છે.

શ્રીપ્રભુચરણ સાધનરૂપા સેવા અથવા પુષ્ટિભક્તિ સાધનની બાબતમાં એમ જણાવવા માંગે છે કે ભક્તિ-સેવાના બે સાધનો મળીને એક સાધન બને છે, બન્ને સાધનો અલગ-અલગ હોતાં તે પુષ્ટિ સાધન નથી. કોઈએ સેવાર્થ પૈસો ખર્ચ્યો તેથી તે આપવા જેટલી સેવા થઈ પરન્તુ તેણે પોતાના શરીરને સેવામાં ન યોજ્યું અને બીજાએ પૈસો લઈને પણ પોતાના શરીરને સેવામાં યોજ્યું તેથી તેણે શરીરથી તો સેવા કરી પરન્તુ તે સેવામાં પોતાનો પૈસો નહીં યોજ્યો આમ આ બન્ને પ્રકોરમાં પૈસો આપીને બીજા વડે સેવા કરાવવામાં પ્રકારમાં શ્રીપુરુષોત્તમજી ટીકામાં ચિત્તમાં રજોગુણની વ્યાપ્તિ-વૃદ્ધિનો દોષ જણાવે છે જેથી ચિત્તમાં રજોગુણની વ્યાપ્તિએ માનસી શક્ય નથી અને પૈસો બીજાથી લઈને સેવા કરવામાં આવે ત્યારે સેવા કરનારને પણ ભગવત્ પ્રવણત્વરૂપ ફલ થતું નથી, કારણ કે બીજાથી પૈસો લઈનેં તના વતી સેવા કરવાનું વિધાન કોઈ પણ ભક્તિ શાસ્ત્રોમાં જણાવાયું નથી. બલ્કે જેમ કર્મમાર્ગમાં દક્ષિણા આપીને બ્રાહ્મણ દ્વારા યજ્ઞ, જપ, પાઠ, અનુષ્ઠાનાદિ કરાવવામાં આવે છે ત્યારે તેનું દક્ષિણા આપીને કરાવનાર દાતાને ફલ પ્રાપ્ત થાય છે તેમ આ ભક્તિમાર્ગમાં આપનારને ફલ થતું નથી, કારણ કે ભક્તિમાર્ગમાં પૈસા-દક્ષિણા વગેરે આપીને સેવા-ભક્તિ કરાવવાનું વિધાન-વ્યવસ્થા ભક્તિશાસ્ત્રોમાં ક્યાંય નથી. તેથી પોતાના શરીરે અને પોતાના જ પૈસે સેવા કરવી એ તનુ-વિત્તજ સાધન પુષ્ટિભક્તિનું સાધન છે. તેથી જ શ્રીપ્રભુચરણ સિદ્ધાન્તમુક્તાવલીના બીજા શ્લોકના વ્યાખ્યાનમાં ત્યાં જ આગળ જણાવે છે કે **‘एतेन भगवदर्थं निरुपधिस्वसर्वस्वनिवेदनपूर्वकं तत्रैव स्वदेहविनियोगे प्रेम्णि जाते सा भवति इति भावः’** અર્થાત્ - આના વડે (આમ કહેવાથી) ભગવાનને અર્થે કોઈ પણ પ્રકારની ઉપાધિ વિના પોતાનું સર્વસ્વ (ગદ્યમંત્રમાં **‘देह’** થી આરંભી **‘वित्त’** પદમાં આવતું બધું જ) નિવેદનપૂર્વક ત્યાં જ-તે જ શ્રીપ્રભુમાં પોતાના દેહનો વિનિયોગ કરાતાં તેના થકી ભગવાનમાં પ્રેમ થતાં (ભક્તિવર્ધિન્યુક્ત પ્રેમ-આસક્તિ-વ્યસન થતાં) તે (માનસી સિદ્ધ) થાય છે એમ ભાવ છે આ પ્રમાણે શ્રીપ્રભુચરણના જણાવ્યા અનુસાર તનુથી, વિત્તથી સેવા એ એક કતૃકા હોય ત્યારે જ તે પુષ્ટિભક્તિનું સાધન કહી શકાય છે. બે અલગ-અલગ વ્યક્તિઓ દ્વારા અલગરૂપે કરાયેલને પુષ્ટિસાધન કહી શકાય નહીં.

તેવી જ રીતે શ્રવણ-કીર્તન-સ્મરણ સંબન્ધમાં પણ શ્રીઆચાર્યચરણ ભાગવત પ્રથમ સ્કન્ધ કુન્તીસ્તુતિની સુબોધિનીમાં જણાવે છે - **‘स्वरूपे ज्ञाते श्रवणं भवति, गुणेषु ज्ञातेषु कीर्तनं भवति, लीलायां ज्ञातायां स्मरणं भवति’** જે શ્રવણ કરવામાં ભગવાનનું-પુષ્ટિ પુરુષોત્તમનું સ્વરૂપ જાણી શકાય તે શ્રવણ છે અને તેવું થનારું શ્રવણ એ પુષ્ટિમાર્ગમાં શ્રવણ ભક્તિ છે, જે ગાનથી કે કથન-ઉચ્ચારણથી પુષ્ટિ પુરુષોત્તમના ગુણો જાણી શકાય તે કીર્તન છે અને તેવા ગુણોનું ગાન-કથન-ઉચ્ચારણ એ કીર્તન

ભક્તિ છે. અને પુષ્ટિપુરુષોત્તમની લીલાઓ સારી પેઠે જાણેલી હોય અને તે લીલઓનું સ્મરણ થાય (‘**हरि तेरी लीलाकी सुध आवै** ની માફક) તે સ્મરણ છે અને તેવું કરાયેલું સ્મરણ એ સ્મરણભક્તિ છે. આ પ્રકારે શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરે સાધનો પણ ઉક્ત સ્વરૂપે આચરવામાં આવે ત્યારે તે પુષ્ટિસાધન બને છે કે જેને શ્રીઆચાર્યચરણ ભક્તિવર્ધિનીમાં ‘**त्यागात् श्रवणकीर्तनात्**’ ‘**पूजया श्रवणादिभिः**’ ‘**श्रवणादौ यतेत्**’ એમ જાણાવે છે. શ્રીપ્રભુચરણ પણ ભક્તિહંસમાં ‘**प्रेमात्मक भक्तिसाधनत्वेन क्रियमाणः श्रवणादिः भक्तिमार्गे मर्यादाभक्तिः इति उच्यते**’ અર્થાત્ - પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપમાં કરાતાં શ્રવણ વગેરે ભક્તિમાર્ગમાં મર્યાદાભક્તિ નામે કહેવાય છે. અહીં શ્રીપ્રભુચરણના વાક્યમાં મર્યાદાભક્તિ પદમાં જે મર્યાદા શબ્દનો પ્રયોગ છે તે મર્યાદામાર્ગીયા ભક્તિ એમ અર્થ નથી કિન્તુ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણે જણાવ્યું કે - ‘**इति स्थितिः**’ તેના વ્યાખ્યાનમાં ટીકાકારો (૧) શ્રીગોકુલનાથજી - ‘**इयं भक्तिमार्गमर्यादा । मर्यादानाम अनुल्लङ्ध्या आज्ञा । यथा वेदादि मर्यादा उल्लङ्घनेन कार्यकरणे कर्ता दोषभाग् भवति, तथात्रापि भक्तिमार्गमर्यादोल्लङ्घनेन कार्यकरणे भक्तिमार्गीयोपि दोषभाग् भवति** અર્થાત્ - (‘**इति स्थितिः**’ એટલે) આ ભક્તિમાર્ગમર્યાદા છે. મર્યાદા એટલે જેનું ઉલ્લંઘન ન થઈ શકે તેવી આજ્ઞા. જેમ વેદ વગેરેની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કાર્ય કરાતાં કરનાર દોષનો ભાગી બને છે, તેમ અહીં પણ ભક્તિમાર્ગની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કાર્ય કરાતાં ભક્તિમાર્ગીય જીવ પણ દોષ ભાગી બને છે. (૨) શ્રીરઘુનાથજી જણાવે છે - ‘**एतादृशी मार्गमर्यादा**’ ‘આ પ્રકારની માર્ગમર્યાદા છે.’ (૨) શ્રીપુરુષોત્તમજી જણાવે છે - ‘**एषा निर्दिुष्टा भक्तिमार्गमर्यादा**’ ‘આ દોષરહિત ભક્તિમાર્ગની મર્યાદા છે’ આ પ્રમાણે જેમ સિદ્ધાન્તરહસ્યમાં મર્યાદા શબ્દ ઉલ્લંઘન ન થઈ શકે તેવી આજ્ઞાના અર્થમાં છે, તેમ ભક્તિહંસમાં મર્યાદા શબ્દ સાધન અર્થે પ્રયોજાયેલો છે. કારણ કે ત્યાં પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપમાં કરાતાં શ્રવણાદિને મર્યાદાભક્તિ કહ્યા છે અને તે મર્યાદા અથવા સાધનરૂપમાં શ્રીઆચાર્યચરણે ભક્તિવર્ધિનીમાં જણાવ્યા છે. અતઃ જેની સેવા કરવાની છે તેનાં સ્વરૂપ-ગુણ-લીલાને સારી રીતે જાણવાથી જ તેમાં પ્રેમ થાય છે કે જેને ભક્તિવર્ધિનીમાં ‘**ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत्**’ એમાં ‘**ततः**’ એટલે તદનન્તર એટલે કે શ્રવણ-કીર્તન-સ્મરણ સહિતની અવ્યાવૃત્તિપૂર્વકની સ્વવર્ણ-આશ્રમોચિત ધર્મના પાલનપૂર્વક પોતાના ઘરમાં રહીને પોતાના શરીર અને પોતાના દ્રવ્યથી સેવા કરાતાં તેનાં અનન્તર એમ અર્થ છે. અહીં ટીકામાં શ્રીપુરુષોત્તમજી પણ એમજ જણાવે છે - **(ततः उक्त विध (मध्यमजघन्याभ्यां कृतादुक्तविधसाधनात् प्रेम हरौ भवेत्**’ અર્થાત્ - ‘**ततः** એટલે મધ્યમાધિકારી અને જઘન્યાધિકારીઓ વડે પૂર્વમાં કહેવાયેલ સાધનો વડે-સાધન કરવાથી શ્રીહરિમાં પ્રેમ થાય છે’ આ પ્રકારે શ્રવણાદિનું સાધનપણું પુષ્ટિમાર્ગમાં પ્રેમોલબ્ધિ અર્થે જ છે, તેથી ઈતર અન્ય કોઈ પણ હેતુથી કરાયેલ શ્રવણાદિ એ પુષ્ટિસાધન નથી. આજ પ્રકારે બીજા પણ જે પણ સાધનો ઉપદેશાયેલા છે તેનું પણ પુષ્ટિ સ્વરૂપ સ્પષ્ટ થવું આવશ્યક છે. તેના વિના તેથી વિપરીત સાધનોનું આચરણ એ ક્યારેય ઉક્ત પુષ્ટિભક્તિને સાધી શકવા સક્ષમ નથી, પરન્તુ વિસ્તારભયથી અહીં વિશેષ લખતો નથી, પણ આગળ શ્રીમહાપ્રભુની ઈચ્છા હશે તો તેનું લેખન આપશ્રી જ કરાવશે. આ પ્રમાણે પુષ્ટિ-ભક્તિનું આ લેખન અહીં પૂર્ણ કરું છું, અને તે શ્રીમહાપ્રભુના તથા શ્રીપ્રભુચરણોના શ્રીચરણકમલ સમક્ષ નિવેદન કરું છું. **इति शम् ।**